દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 270 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 November 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૫ નવેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### બિહારમાં એનડીએની સુનામીમાં વિપક્ષોનો સફાયો

# જોડી સુપરહિટ, રેવડી સુપરહિટ

## કોને કેટલી બેઠક?

| | |
|---|---|
| ભાજપ | ૯૦ |
| જેડી(યુ) | ૮૫ |
| આરજેડી | ૨૫ |
| કોંગ્રેસ | ૦૬ |
| અન્યો | ૩૭ |
| કુલ બેઠક | ૨૪૩ |




**▸ મહિલાઓને ૧૦,૦૦૦ રૂપિયા ચૂંટણી પહેલા જ આપવાનો એનડીએનો માસ્ટરસ્ટ્રૉક, નીતીશની સારી છબિ તેમ જ મોદી સાથેની ડબલ-એન્જિન સરકારનું વિકાસ-રાજ તથા જંગલ-રાજ પાછા ફરવાના ડરે એનડીએને અપાવી જીત ▸ એનડીએની બેઠકોની ડબલ સેન્ચુરીમાં ભાજપ રાજ્યની સૌથી મોટી પાર્ટી બની, નીતીશનો પક્ષ બીજા ક્રમે ▸ કૉંગ્રેસનાં સૂપડાંસાફ ▸ આરજેડીનો પણ ખરાબ દેખાવ**

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય મળતા ફરી એનડીએની સરકાર રચાવાનું નક્કી થઇ ગયું છે. બિહારમાં ભાજપ સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે આગળ આવ્યો છે, જ્યારે તેનો સાથી પક્ષ જનતા દળ (યુ) બીજા ક્રમે રહ્યો છે. એનડીએના પાંચેય ઘટક પક્ષો સાથે મળીને નવા મુખ્ય પ્રધાન પસંદ કરવાના છે.

બિહારમાં સરકાર રચવા વિધાનસભાની ૨૪૩ બેઠકમાંથી ૧૨૨ બેઠક જીતવી જરૂરી હતી અને એનડીએએ આ આંકડો પાર કરી લીધો છે. ચૂંટણી પહેલા જ મહિલાઓના ખાતાંમાં ૧૦,૦૦૦ રૂપિયા જમા કરવાની કલ્યાણકારી યોજના, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની નીતીશ કુમારની સારા વહીવટની સરકાર તથા નીતીશની સારી પ્રતિમાને પગલે એનડીએને રેકૉર્ડબ્રેક જીત મળી અને તેમણે બેઠકોની ડબલ સેન્ચુરી મારી હતી. આમ મોદી-નીતીશની જોડી અને મહિલાઓને ૧૦,૦૦૦ રૂપિયાની સહાયની રેવડી સુપરહિટ ચૂંટણીમાં નિર્ણાયક હતી. બિહાર વિધાનસભામાં (જુઓ પાનું ૨) ▸▸

## કૌન બનેગા સીએમ?

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ રાજ્યના સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે આગળ આવ્યો છે, જ્યારે નીતીશકુમારનું જનતા દળ (યુ) બીજા ક્રમે રહ્યું છે. આવા સંજોગમાં સવાલો ઊભા થાય છે કે શું ભાજપ નીતીશકુમારને ફરી બિહારના મુખ્ય પ્રધાન બનવા દેશે? શું રાજ્યના પ્રધાનમંડળમાં ભાજપના પ્રધાનો વધારે રહેશે? ભાજપ કેબિનેટમાં મહત્ત્વના હોદ્દા - મંત્રાલય પોતાની પાસે રાખશે? નીતીશકુમાર ભાજપ પાસેથી ફરી રતલ માંસ પડાવી શકશે?

મતદાનના પરિણામમાં એનડીએના ભવ્ય વિજયના સંકેત મળવાના શરૂ થયા હતા ત્યારે જનતા દળ (યુ)એ ટ્વિટ કર્યું હતું કે અભૂતપૂર્વ અને અતુલ્ય. નીતીશકુમાર બિહારના મુખ્ય પ્રધાન હતા અને રહેશે.

આમ છતાં, જનતા દળ (યુ)એ થોડી મિનિટમાં જ પોતાનું આ (જુઓ પાનું ૨) ▸▸

**બિહાર પછી બંગાળનો વારો એમ કહી મોદીએ જીતની ઉજવણીમાં કહ્યું કે,**

## જય છઠ્ઠી મૈયા, ગર્દા ઊડા દિયા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારમાં ભાજપ અને તેની યુતિ એનડીએના ભવ્ય વિજય માટે રાજ્યના મતદારોનો આભાર માનતા જણાવ્યું હતું કે ગંગા નદી બિહારમાંથી પશ્ચિમ બંગાળ તરફ વહે છે. બિહારે હવે ભાજપનો પશ્ચિમ બંગાળમાંના વિજયનો માર્ગ મોકળો કર્યો છે. હું બંગાળના ભાઇઓ અને બહેનોને પણ અભિનંદન આપું છું. તેઓની સાથે મળીને હવે ભાજપ પશ્ચિમ બંગાળમાંથી જંગલ-રાજ નાબૂદ કરશે. તેમણે જય છઠ્ઠી મૈયાનો નારો લગાવતા કહ્યું હતું કે બિહાર કે લોગોને ગર્દા ઊડા દિયા. મોદીએ (જુઓ પાનું ૨) ▸▸



**બાળદિનની બાળમસ્તીઃ**
ગઈ કાલે દેશભરમાં બાળદિનની ઉજવણી થઈ એ દરમ્યાન કોલકાતામાં મસ્તી કરી રહેલો બાળક. (એજન્સી)

## આતંકવાદી ઉમરનું ઘર બૉમ્બથી ઉડાવી દેવાયું

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ કાશ્મીરમાં સુરક્ષા દળે ફરી એકવાર આતંકવાદ પર પ્રહાર કરવા યોગી સરકારનો રસ્તો અપનાવ્યો હતો અને લાલ કિલ્લા પાસે થયેલા ઘાતક વિસ્ફોટમાં સામેલ વિસ્ફોટકો ભરેલી કાર ચલાવનાર ડૉ. ઉમર નબીનું જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં આવેલું ઘર સુરક્ષા દળે બૉમ્બથી ધ્વસ્ત કરી દીધું હોવાનું અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

આ કાર્યવાહી ગુરુવાર અને શુક્રવાર વચ્ચેની રાતે કરવામાં આવી હતી. બંધારણની કલમ ૩૭૦ રદ કરવામાં આવ્યા બાદ કાશ્મીરમાં આ પ્રકારની કાર્યવાહી સામાન્ય બાબત બની ગઈ છે. ઉમર વિસ્ફોટકો ભરેલી હ્યુન્દેઈ આઈ-૨૦ ચલાવી રહ્યો હતો. ઘટનાસ્થળેથી એકઠાં કરવામાં આવેલો ડીએનએનો નમૂનો તેની માતા સાથે મેળ ખાધા બાદ તેની ઓળખ થઈ શકી હતી. ઉમર છેલ્લા બે વર્ષથી કટ્ટરપંથી બની ગયો હતો. ■

## કલ્યાણ યોજનાઓએ કર્યું કલ્યાણ એનડીએનું

### ૧૦,૦૦૦ રૂપિયા મહિલાઓનાં ખાતામાં ને જીત એનડીએના ખાતામાં

નવી દિલ્હીઃ બિહારમાં નીતીશકુમાર એક એવા ચરિત્ર તરીકે ઊભરી આવ્યા છે જેના રાજકીય કિલ્લાને અજય ગઢ કહેવામાં આવે તો તે ખોટું નહીં હોય. આમ એટલા માટે કેમ કે છેલ્લા ૨૦ વર્ષમાં નીતીશકુમાર ૧૦મી વાર મુખ્ય પ્રધાન બનવાના ઉંબરે ઊભા છે. મહિલા મતદારોની પ્રથમ પસંદગી બની ગયેલા નીતીશકુમાર ફરી એકવાર પરંપરાગત મતદાતાઓના જોરે સત્તા પર વાપસી કરી રહ્યા છે. નીતીશકુમારની બેદાગ અને સુશાસન બાબુની છબી મહાગઠબંધનના મુદ્દાઓ પર ભારી પડી છે. નીતીશકુમારના આ (જુઓ પાનું ૨) ▸▸



**બચાવકાર્યઃ**
ભારતીય હવાઈ દળનું પિલાટસ પીસી-૭ વિમાન તમિળનાડુમાં ચેંગાલપટ્ટુ જિલ્લામાં તૂટી પડ્યા બાદ તેના પાઇલટને બચાવી લેવાયો હતો. (એજન્સી)

## ટાઈગર અભી ઝિંદા હૈ

### નીતીશકુમારે વિરોધીઓની બોલતી બંધ કરી દીધી

પટણાઃ બોલિવૂડની બ્લોકબસ્ટર ફિલ્મ ‘ટાઈગર અભી ઝિંદા હૈ’ના ટાઈટલ સાથે જેડી(યુ)ના નેતા અને બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારના નિવૃત્તિ લેવાના મૂડમાં નથી અને હજુ પણ તેઓ થાક્યા નથીના દૃષ્ટિકોણને ખૂબ સારી રીતે દર્શાવે છે. કારણ કે તેમની પાર્ટી ૨૦૨૦ની બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પોતાના બેઠકોની સંખ્યા લગભગ બમણી કરવા માટે તૈયાર દેખાઈ રહી છે. બિહારના મુખ્યપ્રધાન પાસે તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં એ સાબિત કરવાનો મુદ્દો હતો કે પોતે હજુ પણ થાક્યા નથી કારણ કે વિરોધીઓ દ્વારા ચૂંટણી અગાઉ તેમની સ્વાસ્થ્યને લઈને અનેક (જુઓ પાનું ૨) ▸▸

## એનડીએના વિજયનાં આ રહ્યાં ૧૧ કારણ

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએના ભવ્ય વિજયના મુખ્ય ૧૧ કારણ નીચે મુજબ છેઃ

(૧) નીતીશકુમારની કામગીરીઃ

બિહારના રાજકારણમાં નીતીશકુમાર ‘ફીનિક્સ’ની જેમ અનેક વખત રાખમાંથી ઊભા થઇને આગળ આવ્યા છે. તેમણે પોતાના પર લાગેલું ‘પલટુ રામ’ (રાજકીય પક્ષનો સાથ બદલનારા)નું કલંક દૂર કર્યું છે અને એનડીએની સાથે જ રહ્યા છે. તેમણે રસ્તાના નિર્માણ, વીજ પુરવઠા, શાળાઓની સ્થિતિ સુધારવા, સલામતી (જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીરની પેટાચૂંટણીમાં નેશનલ કૉન્ફરન્સની બે બેઠક પર હાર

નવી દિલ્હીઃ ૧૧ નવેમ્બરે જ્યાં વિધાનસભાની પેટાચૂંટણી યોજવામાં આવી હતી ત્યાં શાસક પક્ષે શુક્રવારે આઠમાંથી ચાર બેઠક ગુમાવી હતી. કૉંગ્રેસે ભાજપશાસિત રાજસ્થાનમાં એક બેઠક પર વિજય મેળવ્યો હતો તો પીડીપીએ જમ્મુ-કાશ્મીરના નેશનલ કૉન્ફરન્સ ગઢ ગણાતા બડગામમાં વિજય મેળવ્યો હતો. ભાજપે જમ્મુ-કાશ્મીરની નાગરોટા બેઠક પર તો મિઝોરમના મુખ્ય વિપક્ષ મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)એ ડેમ્પા વિધાનસભા બેઠક જાળવી રાખી હતી. એમએનએફના ઉમેદવાર આર લાલથાન્ગિલઆનાએ શાસક ઝોરામ પિપલ્સ મુવમેન્ટના વનલાલસાઈલોવાને ૫૬૨ મતથી પરાજય આપ્યો હતો. આન્તા (રાજસ્થાન), ઘાટશીલા (ઝારખંડ), જ્યુબિલિ હિલ્સ (તેલંગણા), તરન તારન (પંજાબ) અને નૌપાડા (ઓડિશા)માં પેટાચૂંટણી યોજવામાં આવી હતી. કૉંગ્રેસ અને ભાજપ પ્રત્યેકે વધુ એક બેઠક પર વિજય મેળવ્યો હતો તો ‘આપ’ અને ‘જેએમએમ’એ પણ એક એક બેઠક મેળવી હતી. ઓડિશાના નૌપાડામાં ભાજપના જય ધોળકિયાએ કૉંગ્રેસના ઘાસી રામ માંઝીને ૮૩,૭૪૮ મતથી પરાજય આપ્યો હતો. નાગરોટામાં ભાજપના દેવયાની રાણાએ જમ્મુ-કાશ્મીર નેશનલ પેન્થર્સ પાર્ટી (જેકેએનપીપી)ના ઉમેદવાર હર્ષ દેવ સિંહને ૨૪,૬૪૭ મતથી પરાજય આપ્યો હતો. કૉંગ્રેસે રાજસ્થાનની અન્તા અને તેલંગણાની જ્યુબિલિ હિલ્સ બેઠક પર વિજય મેળવ્યો હતો. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બિહારમાં ભાજપ નીતીશને કોરાણે મૂકીને સરકાર રચી શકે

**બિહાર** વિધાનસભા ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને એક્ઝિટ પોલના વરતારા પ્રમાણે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએનો જયજયકાર થઈ ગયો. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકમાંથી ૧૯૦ બેઠક જીતીને એનડીએએ સપાટો બોલાવી દીધો. એનડીએના બે સૌથી મોટા પક્ષો પૈકી ભાજપ ૯૫ બેઠક સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો છે જ્યારે નીતીશ કુમારની જેડીયુ ૮૨ બેઠક જીતીને ભાજપની લગોલગ રહી છે. બંનેની મળીને લગભગ ૧૭૫ બેઠક થઈ જાય છે એ જોતાં સરકાર રચવા માટે તેમને સાથી પક્ષોની પણ જરૂર ના પડે એવી સ્થિતિ થઈ ગઈ છે.

બિહારની ૨૦૨૦ની ચૂંટણીમાં તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળે ભાજપ-જેડીયુને ફીણ પડાવી દીધેલું અને એનડીએ ૧૨૨ બેઠક જીતીને માંડ માંડ સત્તા ટકાવી શકેલો. આ વખતે ૨૦૨૦ કરતાં દોઢીથી વધારે બેઠકો એનડીએના ખાતામાં ગઈ છે અને આરજેડીના નેતૃત્વ હેઠળનું મહાગઠબંધન તો ક્યાંય ચિત્રમાં જ નથી. ૨૦૨૦માં સૌથી વધારે ૮૨ બેઠક જીતનારી આરજેડી આ વખતે ૫૦ના આંકડાને પાર કરી શકી નથી ને ૩૫ બેઠક પર લબડી ગઈ છે. તેની સાથી કોંગ્રેસ બે આંકડે પણ પહોંચી નથી. કોંગ્રેસે ગણીને છ બેઠકો જીતી છે ને તેના કરતાં વધારે બેઠકો તો ભાજપના સાથી એવા ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)એ જીતી છે. ચિરાગની પાર્ટી એકલી બાવીસ બેઠક જીતી છે. કોંગ્રેસ પોતાને રાષ્ટ્રીય પક્ષ ગણાવે છે પણ ચિરાગની પાર્ટી તેના કરતાં ચાર ગણી વધારે બેઠકો જીતી ગઈ છે.

કોંગ્રેસ કરતાં વધારે સારો દેખાવ તો જીતનરામ માંઝીની હિંદુસ્તાન અવામ મોરચા (હમ) પાર્ટીએ કર્યો છે. ગણીને સાત બેઠકો લડનારી હમ પાંચ બેઠક જીતી છે. મહાગઠબંધનના સભ્ય એવા સીપીએમ(એમએલ)એ છ બેઠક જીતી છે એ જોતાં તેમનો દેખાવ પણ કોંગ્રેસ કરતાં તો સારો જ ગણાય.

બિહારમાં એનડીએ જીતશે જ એવી હવા જામેલી હતી તેથી આ પરિણામોથી કોઈને આંચકો લાગ્યો નથી. સ્વાભાવિક રીતે જ ભાજપ આ જીતથી ખુશખુશાલ છે. ભાજપના નેતાઓએ બિહાર પછી હવે બંગાળનો વારો છે એવાં નિવેદનો પણ ફટકારી દીધાં છે. ભાજપના નેતાઓને ખુશ થવાનો ચોક્કસ અધિકાર છે કેમ કે આ જીત બહુ મોટી છે પણ આ જીત ભાજપ કરતાં વધારે નીતીશ કુમારની છે. બિહારના રાજકારણમાં સાવ પતી ગયેલા મનાતા નીતીશ કુમારની પાર્ટી આવો ભવ્ય દેખાવ કરશે એવી કોઈને કલ્પના નહોતી એ જોતાં નીતિશે જબરદસ્ત કમબેક કર્યું છે એવું કહી શકાય.

ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો તો જેડીયુને પણ બમ્પર કલેક્શન મળ્યું છે. જેડીયુની સરખામણીમાં ભાજપની બેઠકો બહુ ના વધી તેનું કારણ એ કે, ભાજપ ૧૦૧ બેઠક પર જ લડ્યો હતો. ભાજપ પાસે બહુ વધારે બેઠકો જીતવાનો ચાન્સ નહોતો છતાં ભાજપે પોતાની બેઠકોમાં તોતિંગ વધારો કર્યો એ મોટી વાત છે તેથી તેનો દેખાવ જબરદસ્ત જ છે. નીતીશનો દેખાવ પણ નોંધપાત્ર એ રીતે ગણાય કે, વિરોધી માહોલ છતાં નીતીશ જીતી ગયા છે. નીતીશ કુમાર સામા પ્રવાહે તરીને કિંગ સાબિત થયા છે. તેના કારણે ૨૦૨૦ની ચૂંટણીમાં માત્ર ૪૩ બેઠક જીતનારી જેડીયુ ૮૪ બેઠક જીતી છે અને તેની બેઠકો લગભગ બમણી થઈ ગઈ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રચાર વખતે માહોલ નીતીશની તરફેણમાં નહોતો. નીતીશ કુમારની તબિયત સારી નથી એવી વાતો જોરશોરથી ચાલી હતી. નીતીશ ભલે સુશાસનના ને બિહારના વિકાસના ફાંકા મારે પણ નીતીશના ૨૦ વર્ષના શાસનમાં બિહાર ઠેરનું ઠેર છે તેથી હવે મતદારો નીતીશની વાતોમાં નહીં આવે એવું પણ કહેવાતું હતું. નીતીશ બધું ભૂલી જાય છે તેથી બિહારના મતદારો નીતીશને પસંદ નહીં કરે એવી વાતો પણ થતી હતી. નીતીશ સાવ ભાજપના ભરોસે છે ને એનડીએ જીતશે તો ભાજપના કારણે જ જીતશે એવા દાવા પણ થતા હતા. નીતીશની જેડીયુ ૨૦૨૦ જેવો દેખાવ કરે તો પણ બહુ એવું પણ ઘણા કહેતા હતા પણ આ બધી વાતો અને દાવા બાજુ પર રહી ગયા છે. જેડીયુ વધારે તાકાતવર બનીને બહાર આવી છે ને નીતીશ પણ વધારે શક્તિશાળી બન્યા છે. નીતીશે કલ્પના પણ ના કરી હોય એ રીતે બિહારના મતદારો તેમના પર રીઝ્યા છે અને ફરી સત્તા સોંપી દીધી છે.

આ જીત પછી નીતીશ ફરી મુખ્યમંત્રી બનશે એવું કહેવાય છે પણ પરિણામો જોતાં ભાજપ નીતીશને કોરાણે મૂકી દે એવું બની શકે. ભાજપની પોતાની ૯૫ બેઠક છે અને નીતીશના વિરોધી ચિરાગ પાસવાનની ૨૦ બેઠકો છે એ જોતાં ભાજપને બહુમતી માટે બીજી સાત બેઠકો જોઈએ. જીતનરામ માંઝીની પાંચ બેઠક અને ઉપેન્દ્ર કુશવાહાની ચાર બેઠક ઉમેરો તો ભાજપ બહુમતીના આંકડાએ સરળતાથી પહોંચી જાય એ જોતાં ભાજપ નીતીશની ગેમ કરી નાંખવાનો મોટો દાવ ખેલી શકે છે.

નીતીશ પાસે લોકસભામાં ૧૨ સભ્યો છે અને નરેન્દ્ર મોદી સરકાર નીતીશના ટેકાથી ટકેલી છે તેથી ભાજપ એવું જોખમ ઉઠાવશે કે નહીં એ ખબર નથી પણ ભાજપે એક વાર નીતીશને કોરાણે મૂકવાનો દાવ ખેલી નાખવા જેવો તો છે જ. નીતીશ ૨૦ વર્ષથી બિહારમાં સત્તામાં છે પણ એ કશું ઉકાળી શક્યા નથી એ જોતાં ભાજપે બિહારની પ્રજાનો નીતીશની નાગચૂડમાંથી મોક્ષ કરાવવાની તક ઝડપી લેવી જોઈએ.

બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોની એક ખાસ વાત પર પણ ધ્યાન આપવા જેવું છે. બિહારની ચૂંટણીના નાના નાના પક્ષો હાંસિયામાં ધકેલાઈ ગયા છે અને કિંગ મેકર બનવાનાં તેમનાં સપનાં પર પાણી ફરી વળ્યું છે. ૨૦૨૦ની ચૂંટણીમાં ભાજપ અને જેડીયુની કુલ બેઠકોનો આંકડો ૧૧૦ની આસપાસ થતો હતો તેથી મુકેશ સાહની, જીતનરામ માંઝી વગેરે ઉચકૂચિયા નેતાઓની કદમબોસી કરવી પડેલી. આ વખતે એવી સ્થિતિ જ નથી અને મોટા પક્ષોનો દબદબો છે. બિહારની ૨૪૩ લોકસભા બેઠકમાંથી લગભગ ૨૦૦ જેટલી બેઠક ભાજપ, જેડીયુ અને આરજેડી પાસે જ છે. નાના પક્ષોમાં ચિરાગ પાસવાનની પાર્ટીને બાદ કરતાં કોઈની બેઠકો બે આંકડે પણ નથી પહોંચી તેથી તેમના બ્લેકમેઈલિંગના રાજકારણને કોઈએ તાબે નહીં થવું પડે કે તેમને સહન પણ નહીં કરવા પડે.

આ ચૂંટણીમાં પ્રશાંત કિશોરના નામની પણ બહુ ચર્ચા હતી. પી.કે. છેલ્લાં અઢી વર્ષથી મચેલા હતા, બિહારમાં પદયાત્રા પણ કાઢીને ગામેગામ પહોંચ્યા હતા. ભાજપ, જેડીયુ, આરજેડી, કોંગ્રેસ સહિતના તમામ પક્ષોએ બિહારને પછાત રાખ્યું છે એ સહિતના યોગ્ય મુદ્દા પણ ઉઠાવ્યા હતા પણ પી.કે. સત્તરના ભાવમાં પતી ગયા છે. પી.કે.ની જન સુરાજ પાર્ટી સમ ખાવા પૂરતી એક બેઠક પણ જીતી નથી શકી. એ જોતાં પી.કે. માટે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો છે. લોકશાહીમાં મતદારો સર્વોપરી હોય છે ને બિહારના મતદારોને પી.કે.નું સુરાજ નથી જોઈતું પણ નીતીશનું શાસન જોઈએ છે તો આપણે શું કરીએ?■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, શનિવાર, તા. ૧૫-૧૧-૨૦૨૫
ભારતીય દિનાંક ૨૪, માહે કાર્તિક, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૧૧
જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૧
પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૪થો તીર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૫મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૨૩-૩૪ સુધી, પછી હસ્ત.
ચંદ્ર કન્યામાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૪, સ્ટા. ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
સવારે ક. ૦૮-૩૪, ભરતીઃ રાત્રે ક. ૨૧-૩૯
ઓટઃ બપોરે ક. ૧૫-૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૬ (તા. ૧૫)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - એકાદશી. ઉત્પતિ એકાદશી (બદામ), આળંદીયાત્રા.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ સૂર્ય, શનિ ગ્રહદેવતાનું પૂજન, અર્યમા પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, સ્થિર કાર્યો, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પીપળાનું પૂજન, એકાદશી વ્રત ઉપવાસ, પ્રયાણ મધ્યમ, સ્થિર કાર્યો, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા. મુંડન કરાવવું નહીં. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, મંદિરોમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, વિનાયક પૂજા. નવી તિજોરીની સ્થાપના, ભગવાન સૂર્યનારાયણ શ્રી મહાલક્ષ્મી પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાનચાલીસા સુંદરકાંડ, વાંચન.
આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ મોટી મોટી આશાઓ રાખનાર, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ ચાલબાજીવાળા, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર સ્વભાવના.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ.
ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## દિલ્હી બ્લાસ્ટના બૉમ્બર ઉમરનું પાકિસ્તાની કનેકશન મળ્યું

નવી દિલ્હી : દિલ્હી વિસ્ફોટ અંગે સુરક્ષા એજન્સી સતત તપાસ કરી રહી છે. તેમજ આ વિસ્ફોટનું ખૂટતી કડીઓને મેળવવાનો પ્રયાસ કરી રહી છે. સુરક્ષા એજન્સીઓની તપાસમાં નવો ખુલાસો થયો છે. જેમાં લાલ કિલ્લા પાસે કાર બ્લાસ્ટ કરનારા ડૉ. ઉમર નબી પાકિસ્તાની હેન્ડલરના સંપર્કમાં હતો. જેમાં આતંકવાદી મુઝમ્મિલની ધરપકડ બાદ હેન્ડલરે ઉમરને કહ્યું હતું તે ત્યાંથી ઝડપથી નીકળી જાય. તેમજ પાકિસ્તાની હેન્ડલરે ઉમરને મેવાત અને તેની આસપાસના વિસ્તારોમાં છુપાવાના સ્થળો જણાયા હતા. તેણે ઉમરની મદદ માટે અન્ય લોકોને કામે લગાડ્યા હતા. ૩૦ ઓક્ટોબરના રોજ મુઝમ્મિલની ધરપકડ બાદ ઉમર યુનિવર્સિટી છોડી ગયો અને ક્યારેય પાછો ફર્યો નહીં. તેમજ તે ૧૦ દિવસ સુધી તે ક્યાં ફર્યો તે અંગેની તપાસ કરવાની હજુ બાકી છે. આઠમી નવેમ્બરના રોજ જમ્મુ કાશ્મીર પોલીસ અને ફરીદાબાદ પોલીસની સંયુક્ત ટીમ ફરી એકવાર અલ-ફલાહ યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચી હતી. ■

**પરીક્ષણઃ** નાટોની આધુનિકીકરણના ઝુંબેશના ભાગરૂપે ગ્રીસના એલેક્ઝાંડ્રિયાપોલીસમાં વિવિધ શસ્ત્રોનું પરીક્ષણ કરાયું હતું. (એજન્સી)



## જથ્થાબંધ ફુગાવો ઓક્ટોબરમાં ઘટીને ૧.૨૧ ટકાઃ ૨૭ મહિનાનાં તળિયે

નવી દિલ્હીઃ કઠોળ અને શાકભાજી જેવી ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડો તેમજ ઇંધણ અને ઉત્પાદિત ચીજોના ભાવમાં નરમાઇને કારણે જથ્થાબંધ ફુગાવામાં ઓક્ટોબરમાં ઘટાડો નોંધાયો હતો. જથ્થાબંધ ફુગાવો ૨૭ મહિનાના તળિયે માઇનસ ૧.૨૧ ટકાના સ્તરે પહોંચ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે સપ્ટેમ્બરમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક(ડબ્લ્યુપીઆઇ) આધારિત ફુગાવો ૦.૧૩ ટકા અને ઓક્ટોબર ૨૦૨૪માં ૨.૭૫ ટકા રહ્યો હતો. ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે ઓક્ટોબર ૨૦૨૫માં ફુગાવામાં ઘટાડાનું મુખ્ય કારણ ખાદ્ય ચીજો, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, વીજળી, ખનિજ તેલ અને મૂળભૂત ધાતુઓના ઉત્પાદન વગેરેના ભાવમાં ઘટાડો રહ્યું છે. જથ્થાબંધ ભાવ સૂચકાંકના આંકડા અનુસાર ઓક્ટોબરમાં ખાદ્ય ફુગાવો ઘટીને ૮.૩૧ ટકા થયો, જે સપ્ટેમ્બરમાં ૫.૨૨ ટકા હતો. ડુંગળી, બટાકા, શાકભાજી અને કઠોળના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઓક્ટોબરમાં શાકભાજીના મોંઘવારી દરમાં ૩૪.૯૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. જે સપ્ટેમ્બરમાં ૨૪.૪૧ ટકા હતો. કઠોળમાં ઓક્ટોબરમાં ૧૬.૫૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે બટાકા અને ડુંગળીમાં અનુક્રમે ૩૯.૮૮ ટકા અને ૬૫.૪૩ ટકા જોવા મળ્યો હતો.■

## પહેલા પાનાનું ચાલુ

### જોડી સુપરહિટ

એનડીએએ ૨૦૨બેઠક જીતી હતી જેમાં ભાજપને ૯૦ અને જેડી(યુ)ને ૮૫ બેઠકો મળી હતી, વિપક્ષોની મહાયુતિને ૩૫ બેઠકો મળી હતી જેમાં આરજેડીને પચીસ અને કૉંગ્રેસને ૬ બેઠકો મળી હતી. જ્યારે જનસુરાજ અને અન્ય પક્ષોનો દેખાવ ખરાબ રહ્યો હતો. કૉંગ્રેસનાં બિહારમાં સૂપડાંસાફ થઇ ગયાં હોવાનું કહીએ તો તેમાં ખોટું નથી. કૉંગ્રેસનો બિહારની ચૂંટણીમાંનો દેખાવ અત્યાર સુધીનો સૌથી વધુ ખરાબ રહ્યો હતો. રાષ્ટ્રીય જનતા દળને પણ ઍક્ઝિટ પૉલની આગાહી કરતાં ઘણી ઓછી બેઠક મળી હતી.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પ્રેમકુમાર, મહેશ્વર હઝારી અને સંજય સરગોઇ સહિત રાજ્યના અનેક પ્રધાનનો વિજય થયો છે.

ભાજપના નેતા અને નીતીશકુમારની વિદાય લેતી સરકારમાંના કૃષિ પ્રધાન પ્રેમકુમારે ગયાની બેઠક જીતી લીધી હતી. તેઓ ૧૯૯૦થી આ બેઠક જીતે છે. તેમણે આ વખતે કૉંગ્રેસના અખૌરી ઓમકાર નાથને ૨૬,૦૦૦થી વધારે મતના તફાવતથી હરાવ્યા હતા.

જનતા દળ (યુ)ના નેતા અને માહિતી તેમ જ જનસંપર્ક વિભાગના પ્રધાન મહેશ્વર હઝારીએ કલ્યાણપુરની બેઠક પોતાની પાસે જાળવી રાખી હતી. તેમણે આ બેઠક સતત ચોથી વખત જીતી હતી. તેમણે નજીકના હરીફ સીપીઆઇ (એમએલ) લિબરેશનના ઉમેદવાર રણજિતકુમાર રામને ૩૮,૦૦૦થી વધારી મતથી હરાવ્યા હતા.

કેન્દ્રના પ્રધાન ચિરાગ પાસવાનના નેતૃત્વ હેઠળની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના બિહાર એકમના પ્રમુખ રાજુ તિવારી ગોવિંદગંજની બેઠક પરથી જીત્યા હતા. તેમણે કૉંગ્રેસના ઉમેદવાર શશીભૂષણ રાયને ૩૨,૦૦૦ કરતાં વધારે મતથી હરાવ્યા હતા.

ભાજપનાં મૈથિલી ઠાકુર અલીનગરથી, બાંકીપુરમાંથી નીતિન નવીન અને બેતિયાની બેઠક પરથી રેણુદેવી જીત્યાં હતાં, જ્યારે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના તેજસ્વીપ્રસાદ યાદવ રાઘવપુરની બેઠક પરથી વિજયી રહ્યા હતા. (એજન્સી)■

### કૌન બનેગા સીએમ?

ટ્વિટ કાઢી નાખ્યું હતું. એનડીએના પાંચેય ઘટક પક્ષ સાથે મળીને બિહારના મુખ્ય પ્રધાનનું નામ નક્કી કરવાના છે.

દરમિયાન, વિનોદ તાવડેએ સ્પષ્ટતા કરી હતી કે અમે બિહારમાં નીતીશકુમારના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડ્યા હતા. એનડીએના પાંચેય ઘટક પક્ષ (ભાજપ, જનતા દળ-યુ, જિતન રામ માંઝીની પાર્ટી હમ, ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી આરએમએલ અને ચિરાગ પાસવાનની પાર્ટી એલજેપીઆર) સાથે મળીને નવા મુખ્ય પ્રધાન પસંદ કરશે.

બિહારમાં સરકાર બનાવવા માટે ૧૨૨ બેઠક જીતવાની જરૂર હતી. આ આંકડો એનડીએ પાર કરી લીધો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચાર વખતે નીતીશકુમારના નેતૃત્વની પ્રશંસા કરી હોવા છતાં ભાજપને વધારે બેઠકો મળતા સમીકરણ થોડા બદલાઇ શકે છે અને નીતીશકુમારને સ્થાને એનડીએ દ્વારા નવા મુખ્ય પ્રધાનની પસંદગી થવાની શક્યતા નકારી શકાતી નથી.

#### નીતીશ જ મુખ્ય પ્રધાનઃ ચિરાગ પાસવાન

બહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થતા, જે મહાગઠબંધન પર એનડીએ ગઠબંધનની જંગી જીત તરફ ઈશારો કરે છે, લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના વડા ચિરાગ પાસવાને શુક્રવારે જણાવ્યું હતું કે તેમને દ્રઢપણે વિશ્વાસ છે કે નીતીશ કુમાર રાજ્યના મુખ્ય પ્રધાન રહેશે.

### જય છઠ્ઠી મૈયા

જણાવ્યું હતું કે એનડીએના આ વિજયે નવી ફોર્મ્યુલા 'માય' એટલે કે 'મહિલા અને યુથ'ની આપી છે. તેઓએ બિહારમાંનું કોમવાદી જંગલરાજનો અંત આણવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. વડા પ્રધાને જણાવ્યું હતું કે રાષ્ટ્રીય જનતા દળ અને કૉંગ્રેસે 'છઠ્ઠ મૈયાની પૂજા'ને નાટક કહ્યું હતું. તેઓએ છઠ્ઠ મૈયાની માફી નથી માગી.

મોદીએ અહીં ભાજપના વડા મથક ખાતે પક્ષના કાર્યકરો અને ટેકેદારોને સંબોધતા જણાવ્યું હતું કે લોકશાહીની જનની બિહારે દેશને ગૌરવ અપાવ્યું છે. આ રાજ્યના લોકોએ સાબિત કર્યું છે કે લોકશાહી પર હુમલા કરનારાઓને ધૂળ-ચાટતા કરાય છે. જૂઠ્ઠું બોલનારા લોકો હારે છે, જ્યારે લોકોનો વિશ્વાસ જીતે છે. બિહારના લોકોએ ચૂંટણી પંચમાં વિશ્વાસ રાખ્યો છે. બિહારના મતદારોએ વિપક્ષોના 'ગર્દા ઊડા દિયા' (ખરાબ પરાજય આપ્યો). બિહારમાં યુવાનોની વસતિ ઘણી છે. યુવાનોએ ધર્મ અને કોમના આધારે જંગલ-રાજ ચાલાવનારા લોકોને હરાવ્યા છે. યુવાનો માત્ર વિકાસમાં જ માને છે. બિહારના યુવાનોએ મતદાર-યાદી સુધારણાની પ્રક્રિયાને ટેકો આપ્યો હતો. (એજન્સી)■

### ટાઈગર અભી

અફવાઓ ફેલાવતા હતા. ચૂંટણી પહેલા ૭૫ વર્ષીય નેતાએ આક્રમક રીતે જીવિકા અને આશા અને આંગણવાડી કાર્યકરો માટે સામાજિક સુરક્ષા પેન્શનમાં વધારો અને સ્ટાઈપેન્ડ જેવા લાભો, મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાનો ખૂબ પ્રચાર કર્યો જેના ભાગ રૂપે એક કરોડથી વધુ મહિલાઓને તેમના બેન્ક ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા મળ્યા છે.

તેમના વિરોધીઓએ આ 'મફત ભેટોની સંભાવનાનો ખ્યાલ આવી ગયો હશે, જેમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન અને આરજેડીના નેતા તેજસ્વી યાદવે આરોપ લગાવ્યો હતો કે સરકાર નકલ કરી રહી છે અને તેમના પૂર્વ વિશ્વાસપાત્ર પવન વર્માએ ચૂંટણી પંચને 'મતદારોને લાંચ' આપવાની નોંધ લેવા વિનંતી કરી હતી.

રાજ્યમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યપ્રધાન રહેનારા વર્મા ટીકાઓ અને વિરોધીઓના આરોપોથી અળગા રહ્યા કે ભાજપ તેમની સાથે એકનાથ શિંદે જેવો વ્યવહાર કરવા માગે છે. લોકસભામાં બહુમતી ન ધરાવતી ભાજપ કેન્દ્રમાં સત્તામાં ટકી રહેવા માટે જેડી(યુ) પર નિર્ભર હતી તે હકીકતને ધ્યાનમાં રાખીને કુમારે એક અભિયાન ચલાવ્યું જેમાં ભગવા પક્ષની જેમ કોઈ જોશ નહોતો. ચૂંટણી પ્રચાર દરમિયાન ૧૪ જેટલી રેલીઓ સંબોધનારા અને રોડ શો કરનારા મોદી સમસ્તીપુરમાં તેમની ઉદઘાટન ચૂંટણી સભામાં નીતીશ કુમાર સાથે માત્ર એક જ વાર સ્ટેજ શેર કરી રહ્યા હતા.

જોકે, નીતીશ બાબુ દ્વારા કરવામાં આવેલા સારા કામની વાત એનડીએના તમામ મોટા નેતાઓના ભાષણોમાં જોવા મળી હતી કારણ કે તેમણે લોકોને જંગલ રાજના પાછા ફરવા સામે ચેતવણી આપવાનો પ્રયાસ કર્યો હતો.

### કલ્યાણ યોજનાઓએ

વિજયના અન્ય પણ અનેક કારણ છે. ચૂંટણી અગાઉ નીતીશકુમારે બિહારમાં પરંપરાગત મતદાતાઓને પોતાની તરફ આકર્ષવા મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના અંતર્ગત સરકારે રાજ્યની ૧.૫ કરોડ કરતાં પણ વધુ મહિલાઓને ૧૦,૦૦૦ રૂપિયાની સહાયતાની રકમ આપી હતી. આ પહેલા પણ નીતીશકુમાર મહિલા મતદાતાઓને આકર્ષવા અનેક યોજનાની જાહેરાત કરી ચૂક્યા હતા.

ચૂંટણીની જાહેરાત અગાઉ નીતીશકુમરના આરોગ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી હતી અને એ અંગેના અનેક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા. વિપક્ષ સહિત ચૂંટણી વિશ્લેષકો પણ નીતીશના આરોગ્યને એનડીએ માટે ઘાતક માનતા હતા, પરંતુ ચૂંટણીપ્રચાર દરમિયાન નીતીશકુમાર સંયમિત જણાયા હતા. તેમની નાદુરસ્ત તબિયતના કોઈ વીડિયો બહાર નહોતા આવ્યા. પ્રચાર દરમિયાન નીતીશકુમાર પોતાના કામ ગણાવતાં નજરે પડ્યા હતા અને વિપક્ષને લઈને એવું કોઈ નિવેદન નહોતા કરતાં જેને કારણે તેમને ચૂંટણીમાં નુકસાન થાય.

બિહારના જે જિલ્લાઓમાં પુરુષો કરતાં મહિલા મતદારોનો હિસ્સો વધુ હતો ત્યાં નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)ને મળેલા મતોનો હિસ્સો મહાગઠબંધન (એમજીબી)ને મળેલા મતોના હિસ્સા કરતા ઘણો વધુ હતો.

જે જિલ્લાઓમાં પુરુષ અને મહિલા મતો સરખા હતા કે પછી મહિલા મતોના પ્રમાણમાં પુરુષ મતો વધુ હતા ત્યાં એનડીએ અને મહાગઠબંધન વચ્ચે રસાકસી જોવા મળી હતી. ચૂંટણી પંચ દ્વારા ૧૨ નવેમ્બરે જિલ્લાનુસાર જાહેર કરવામાં આવેલા મતોને આધારે આ આંકડા સામે આવ્યા હતા. જે મતદારક્ષેત્રમાં મહિલા મતદારો વધુ હતી ત્યાં એનડીએનો હાથ ઊપર રહ્યો હતો.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૭૧.૬ ટકા મહિલાએ તો ૬૨.૮ ટકા પુરુષોએ મતદાન કર્યું હતું. વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ આ તફાવત જોવા મળ્યો હતો અને એનડીએએ કુલ ૪૮.૨ ટકા મત મેળવ્યા હતા. ■

### એનડીએના ભવ્ય

વધારવા, મહિલાઓના કલ્યાણાર્થે અનેક પગલાં લીધાં છે. તેમણે અંદાજે એક કરોડ મહિલાને રૂપિયા ૧૦,૦૦૦ની સહાય આપવાની બાંયધરી પણ આપી હતી. 'પચીસ સે તીસ, ફિર સે નીતીશ'ના નારાએ પણ મતદારોને આકર્ષ્યા હતા.

(૨) મોદીનો જાદુઃ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો બિહારના મતદારો પરનો પ્રભાવ વધ્યો છે. તેમણે બિહારમાં વિકાસકાર્યો પર ભાર આપ્યો હતો. હરિયાણા, મહારાષ્ટ્ર, દિલ્હીની અગાઉ યોજાયેલી ચૂંટણીમાં એનડીએના વિજયની સારી અસર બિહારના મતદારોના મન પર પડી હતી.

(૩) એલજેપી (આરવી)નો વિજયઃ

ચિરાગ પાસવાન દલિતોની રીઝવવામાં સફળ રહ્યા હતા. તેમણે મુશ્કેલ ગણાતી બેઠકો પર પણ પોતાના પક્ષને જિતાડ્યો છે. તેઓ હવે એનડીએની સરકારમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

(૪) પ્રશાંત કિશોર અને જન સુરાજઃ

બિહારના રાજકારણમાં પ્રશાંત કિશોર અને જન સુરાજ ખાસ પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયા હતા.

(૫) પ્રાદેશિક પક્ષોઃ

બિહારના નાના પ્રાદેશિક પક્ષોએ પણ તેજસ્વી યાદવને ખાસ લાભ કરાવ્યો નહોતો. મતદારોએ ધર્મ, જાતિ, કોમના ભેદભાવને બાજુ પર રાખીને રાજ્યના વિકાસ માટે મોટી સંખ્યામાં મતદાન કર્યું હતું.

(૬) કૉંગ્રેસ સહિતના વિપક્ષનો નબળો દેખાવઃ

કૉંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ સહિતના વિપક્ષોની મહાયુતિનો ચૂંટણીમાંનો દેખાવ બહુ જ નબળો રહ્યો હતો. તેઓ એનડીએના સંગઠિત શિસ્તબદ્ધ માળખાનો વિકલ્પ બની નહોતા શક્યા.

(૭) કલ્યાણકારી યોજનાઓઃ

બિહારની ચૂંટણીમાં શાસક એનડીએ દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓની બાંયધરી અપાઇ હતી. મહિલાઓના કલ્યાણાર્થે વિવિધ યોજના જાહેર કરાઇ હતી.

(૮) મહિલાઓના બળે વિજયઃ

બિહારમાં પુરુષોની સરખામણીમાં પાંચ લાખથી વધારે મહિલા મતદારોએ મતદાન કર્યું હતું. એનડીએ દ્વારા લાખો મહિલાઓને રૂપિયા ૧૦,૦૦૦ સુધીની સીધી સહાય કરવાની બાંયધરી અપાઇ હતી અને તેનો તેને ચૂંટણીમાં લાભ થયો હતો.

(૯) મતદાર યાદી સુધારણાઃ

બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલાં મતદાર યાદીમાંની સુધારણાની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. તેમાં લાખો 'ખોટા' મતદારોના નામ મતદાર-યાદીમાંથી કઢાયા હતા. તેના વિરોધમાં વિપક્ષોએ ભારે હોબાળો કર્યો હતો.

(૧૦) યુવાન મતદારોઃ

બિહારમાં યુવાન મતદારોને આકર્ષવામાં વિપક્ષો નિષ્ફળ ગયા હતા. મોટા ભાગના યુવાનોએ રાજ્યમાં સ્થિરતા અને સુશાસન તેમ જ વિકાસકાર્યોને ધ્યાનમાં રાખીને એનડીએની તરફેણમાં મતદાન કર્યું હતું.

(૧૧) યુતિનું રાજકારણઃ

બિહારમાં કોઇ પણ પક્ષ માટે એકલે હાથે ચૂંટણી લડીને સત્તા પર આવવું બહુ જ મુશ્કેલ બની ગયું છે. શાસક એનડીએએ પોતાની યુતિ મજબૂત બનાવી હતી, પરંતુ વિપક્ષોની મહાયુતિ મતદારો સમક્ષ દઢ એકતા દર્શાવવામાં નિષ્ફળ ગઇ હતી.

તારણઃ

બિહારની ચૂંટણીમાં વિકાસકાર્યો, સુશાસન અને મહિલા મતદારોનો પ્રભાવ વધુ રહ્યો હતો. વિપક્ષો સુશાસન માટેનું વિશ્વસનીય મૉડેલ રજૂ કરવામાં નિષ્ફળ જતાં તેઓએ પોતાના ગઢ સમાન ઘણી બેઠકો પણ ગુમાવી હતી. ■

# અમદાવાદમાં સળંગ ત્રીજા દિવસે હવા ઝેરી, પ્રદૂષણ આંક વધીને ૨૧૨ને પાર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં હવાની ગુણવત્તા માપવા માટેનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યુઆઈ) સતત ચિંતાજનક સ્થિતિ સર્જી રહ્યો છે.અમદાવાદમાં સળંગ ત્રીજા દિવસે હવાની ગુણવત્તા 'ખરાબ' શ્રેણીમાં નોંધાઈ છે.

ગુરુવારે રાત્રે શહેરનો સરેરાશ એક્યુઆઈ વધીને ૨૧૨ પર પહોંચી ગયો હતો. હવાની આ બગડતી ગુણવત્તા અંગે નિષ્ણાતોનું માનવું છે કે, પ્રદૂષિત હવામાં શ્વાસની સમસ્યા ધરાવતા દર્દીઓની તકલીફોમાં વધારો થઈ શકે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુરુવારે રાત્રે શહેરના ૧૨ એવા વિસ્તારો હતા જ્યાં એક્યુઆઈ ૨૦૦ને પાર થયો હતો. તેમાં પણ થલતેજ વિસ્તાર ૩૦૦ એક્યુઆઈ સાથે શહેરનો સૌથી પ્રદૂષિત વિસ્તાર નોંધાયો હતો. નોંધનીય છે કે, શુક્રવારે બપોરના સમયે શહેરનો સરેરાશ એક્યુઆઈ ૧૦૦થી અંદર હતો, જે 'સંતોષકારક' ગણાય. પરંતુ સાંજ ૬ વાગ્યા બાદ એક્યુઆઈનું સ્તર ચિંતાજનક રીતે વધવા લાગ્યું હતું અને રાત્રિના ૮ વાગ્યે આ આંકડો ૨૧૨ સુધી પહોંચી ગયો હતો.

ગુરુવારે રાત્રે અમદાવાદની હવાની ગુણવત્તા મુંબઈ, બેંગ્લોર, ચેન્નાઈ અને હૈદરાબાદ કરતાં પણ વધારે ખરાબ નોંધાઈ હતી. આ જ સમયે મુંબઈમાં એક્યુઆઈ ૧૪૮ હતો. જોકે, ૪૦૭ના એક્યુઆઈ સાથે દિલ્હી દેશમાં સૌથી વધુ પ્રદૂષિત હવા ધરાવતું શહેર રહ્યું હતું.

# મુંબઈ-અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ 'વંદે ભારત સ્લીપર ટ્રેન'નું સફળ ટ્રાયલ, પાંચ કલાકમાં સફર પર પાડશે

અમદાવાદઃ દેશની પ્રથમ 'સ્લીપર વંદે ભારત ટ્રેન'નું ટ્રાયલ ૧૪ નવેમ્બર શુક્રવારના રોજ ૯:૦૦ વાગ્યે અમદાવાદથી મુંબઈની વચ્ચે કરવામાં આવ્યું હતું. સવારે અમદાવાદથી ૧૩૦ની સ્પીડે સ્લીપર વંદે ભારત ટ્રેન નીકળી હતી, જેમાં રસ્તામાં આવતા વડોદરા, સુરત સહિતના સ્ટેશન પર માત્ર તેની એક ઝલક જોવા મળી હતી. દેશની પહેલી નોનસ્ટોપ 'સ્લીપર વંદે ભારત ટ્રેન'નું બીજુ ટ્રાયલ સફળ રહ્યું હતું . આ ટ્રેનમાં ૧૬ કોચ છે, જેના રેકમાં ફેરફાર કરાયેલી બોગીઓ છે. વંદે ભારત ટ્રેનથી પણ વધુ અદ્યતન સુવિધાઓ સ્લીપર વંદે ભારત ટ્રેનમાં કરવામાં આવી છે. આ ટ્રેન શરૂ થતાં હવે માત્ર ૫ કલાકમાં જ અમદાવાદથી મુંબઈ પહોંચી શકાશે. પશ્ચિમ રેલવે પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગત ૧૧ નવેમ્બરના રોજ સ્લીપર વંદે ભારત ટ્રેનના રેક અમદાવાદ આવવા માટે રવાના થયા હતા. ૧૩ નવેમ્બરના રોજ અમદાવાદ ખાતેના સાબરમતી યાર્ડ ખાતે સ્લીપર વંદે ભારત ટ્રેનના રેક આવી ગયા હતા. ત્યારબાદ તેમાં જરૂરી ટેકનિકલ તપાસ કરવામાં આવી હતી. આ સાથે આરડીએસઓની ટીમે ઇન્સ્ટ્રુમેન્ટ ટેન્શન અને સલામતીની તપાસ શરૂ કરી દીધી હતી. સ્લીપર વંદે ભારત ટ્રેન ૧૫ નવેમ્બર અથવા ૧૬ નવેમ્બરના રોજ મુંબઈથી પરત અમદાવાદ આવશે. અમદાવાદથી ઉપડેલી સ્લીપર વંદે ભારત ટ્રેન ૧૩૦ની સ્પીડે વડોદરા, સુરત અને ત્યારબાદ મુંબઈ સેન્ટ્રલ પહોંચી હતી.

પશ્ચિમ રેલવેના વિવિધ વિભાગો, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ, સિગ્નલ અને ટેલીકોમ્યુનિકેશન સહિતના વિભાગો દ્વારા ટ્રાયલમાં કામગીરી કરવામાં આવી હતી. આ ટ્રાયલ દરમિયાન ડેટા રેકોર્ડિંગ, સેન્સર અને સલામતીના ઉપકરણોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

# રાજકોટમાં ₹ ૧.૩૯ કરોડની ચાંદી લઇ પિતા-પુત્ર ફરાર

અમદાવાદઃ રાજકોટના સોની બજારમાં કારીગરો દ્વારા વેપારીઓના સોના-ચાંદીનો વિશ્વાસઘાત કરી ફરાર થવાના બનાવો સતત વધી રહ્યા છે.રાજકોટ શહેરના શ્રોફ રોડ પર આવેલા ગેલેક્સી ટાઉન હોમ્સના ત્રીજા માળે રહેતા જીતેન્દ્રભાઈ પુખરાજભાઈ જૈન (ઉંમર ૪૩) દ્વારા લક્ષ્મીવાડી શેરી નંબર ૧૭ માં આવેલા 'માતૃ દ્રષ્ટિ' મકાનમાં રહેતા હરેશ નટવરલાલ કારેલીયા અને તેમના પુત્ર પ્રશાંત ઉર્ફે પિન્ટુ હરેશભાઈ વિરુદ્ધ વિશ્વાસઘાતની ફરિયાદ એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આ બનાવ અંગે પીએસઆઈ જેઠવા વધુ તપાસ ચલાવી રહ્યા છે. ફરિયાદી જીતેન્દ્રભાઈએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સોની બજાર, દરબાર ગઢ ચોક પાસે આવેલી ડાયમંડ ચેમ્બરમાં 'પદ્માવતી ટ્રેડર્સ' નામની પેઢી ચલાવી ચાંદીના દાગીનાનો લે-વેચનો વ્યવસાય કરે છે. તેઓ લક્ષ્મીવાડીના હરેશ કારેલીયા અને તેમના પુત્ર પ્રશાંત ઉર્ફે પિન્ટુને છેલ્લાં ૨૦ વર્ષથી ઓળખતા હતા અને તેમને દાગીના બનાવવા માટે મજૂરીકામ આપતા હતા. અગાઉ પણ તેઓ હરેશભાઈ અને તેમના પુત્રને ચાંદી આપી દાગીના બનાવડાવતા હતા. દાગીના બનાવવા માટે તા. ૦૩-૦૬-૨૦૨૫ ના રોજ ૩૬૩૦૬ ગ્રામ, તા. ૦૬-૦૬-૨૦૨૫ ના રોજ ૩૪૨૦૯ ગ્રામ, અને તા. ૧૦-૦૬-૨૦૨૫ ના રોજ ૨૦૧૦૬ ગ્રામ, એમ કુલ ૯૦૬૨૧ ગ્રામ ફાઇન ચાંદી, જેની અંદાજિત કિંમત રૂ.૧.૩૯ કરોડ થાય છે, તે ચાંદીના પટ્ટા અને લક્કી બનાવવા માટે આપવામાં આવી હતી.

# વડા પ્રધાન મોદીની ઉપસ્થિતિમાં આજે નર્મદા જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જનજાતીય નાયકોના શૌર્ય અને અમૂલ્ય યોગદાનને સન્માનિત કરવા માટે સમગ્ર દેશમાં જનજાતીય ગૌરવ વર્ષની ઉજવણી થઇ રહી છે. ૧૫ નવેમ્બર ૨૦૨૫ના શનિવારના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુજરાતના નર્મદા જિલ્લા ખાતે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. નર્મદાના ડેડિયાપાડા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કેન્દ્ર તથા રાજ્ય સરકારના ₹૯૭૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ આપવામાં આવશે.આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ દરમિયાન નરેન્દ્ર મોદી દેવમોગરા ધામમાં માતાજીની પૂજા અર્ચના કરીને આશીર્વાદ લેશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે. વડા પ્રધાનની મુલાકાત દરમિયાન રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિજાતિ કલાકારો પરંપરાગત પરિવેશમાં તેમનું સ્વાગત કરશે.

ગુજરાતની વિકાસ યાત્રાને મજબૂત બનાવવા માટે આ ઉજવણીના ભાગરૂપે કેન્દ્ર સરકાર તરફથી ₹૭૬૬૭ કરોડ અને રાજ્ય સરકાર તરફથી ₹૨૧૧૨ કરોડના વિકાસકાર્યોની ભેટ આપવામાં આવશે. આ દિવસે સાંજના સમયે ધરતી આબા ભગવાન બિરસા મુંડાના જીવન પર આધારિત એક વિશેષ નાટ્ય પ્રસ્તુતિનું આયોજન એકતાનગર ખાતે કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકાર તરફથી આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં ₹૭૬૬૭ કરોડના મૂલ્યની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રસંગે ૪ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને ૬ વિકાસકાર્યોનું લોકાર્પણ વડા પ્રધાન મોદીના હસ્તે કરવામાં આવશે.

વડા પ્રધાન મોદીના હસ્તે ખાતમુહૂર્ત થનારા વિકાસકાર્યોમાં ₹૩૭૭૭ કરોડના ખર્ચે ૧૯૦ આશ્રમ શાળાઓ, ૫૦ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, ૧૪ ટ્રાઇબલ મલ્ટિ માર્કેટિંગ કેન્દ્રો અને ૭૪૮ કિ.મી. રોડ કનેક્ટિવિટી (૬ કિ.મી. બ્રિજ સાથે) પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

# સરકારે સ્વ-સહાય જૂથોને ₹ ૧,૪૩૨ કરોડનું ફંડ, ₹ ૩,૬૫૨ કરોડ કરતાં વધુ કેશ ક્રેડિટનું વિતરણ કર્યું

અમદાવાદઃ ગુજરાત સહિત ભારતભરમાં 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેને નાગરિકો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. જરૂરિયાતમંદ ગ્રામીણ મહિલાઓના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ થકી રોજગારી પૂરી પાડે છે. રાજ્યમાં દીનદયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (ડીએવાય-એનઆરએલએમ)નો અમલ જીએલપીસી સંસ્થા દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત યોજનાની શરૂઆતથી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં અંદાજે ૨૮.૬૯ લાખ ગ્રામીણ પરિવારોમાંથી કુલ ૨.૮૬ લાખ સ્વ-સહાય જૂથો (એસએચજી)ની સ્થાપના કરવામાં આવી છે. આ સ્વ-સહાય જૂથોને જીએલપીસી દ્વારા રૂ. ૨૫૭.૯૦ કરોડ રિવોલ્વિંગ ફંડ અને રૂ. ૧,૧૭૪.૬૩ કરોડ કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ એમ કુલ રૂ. ૧,૪૩૨ કરોડ કરતાં વધુનું ફંડ આપવામાં આવ્યું છે. વધુમાં, આ સ્વ-સહાય જૂથોને રૂ. ૩,૬૫૨ કરોડ કરતાં વધુ કેશ ક્રેડિટ-લોન પણ વિતરણ કરવામાં આવી છે.

રાજ્યમાં લખપતિ દીદી પહેલ હેઠળ અત્યારસુધીમાં કુલ ૫.૯૬ લાખ લખપતિ દીદી બનાવવામાં આવી છે. આ ઉપરાંત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે ૧૨ હજારથી વધુ કૃષિ સખીઓને તાલીમ પણ આપવામાં આવી છે તેમજ કૃષિ વિભાગના સહયોગથી ૧૨૫ બાયો ઇનપુટ રિસોર્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

# નીચલી કોર્ટના જજીસની અનિયમિતતા મુદ્દે હાઈ કોર્ટનું કડક વલણ, પરિપત્ર જાહેર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નીચલી કોર્ટના જજીસ સમયસર કોર્ટમાં આવતા નહીં હોવાનું અને ડાયસ પર સમયસર બેસતા નહીં હોવાની હકીકત ફરી એકવાર ગુજરાત હાઇ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવી હતી.

આ મામલે ચીફ જિસ્ટસ સુનીતા અગ્રવાલે સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઇ નીચલી કોર્ટના જજીસના ફરજમાં ગંભીર બેદરકારીના વલણને લઇ ભારે નારાજગી વ્યકત કરી હતી. એટલું જ નહીં, ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલના નિર્દેશાનુસાર, નીચલી કોર્ટના તમામ જજીસ, જ્યુડિશિયલ ઓફિસરોને સમયસર કોર્ટમાં આવવા અને ડાયસ પર ટાઇમસર ફરજ પર હાજર થવા કડક ચેતવણી સાથેનો નિર્દેશ આપતો વધુ એક પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો. પરિપત્રમાં જો જજીસ દ્વારા સમયનું પાલન નહીં કરવામાં આવે અને કોર્ટમાં કે ડાયસ પર સમયસર હાજર નહી થવામાં આવે તો, હાઇ કોર્ટ દ્વારા તેની ખૂબ ગંભીર નોંધ લેવાશે અને આવી ફરજમાં બેદરકારી કે ચૂક દાખવાનારા જજીસ વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી સુધીના પગલાં લેવાની ચીમકી પણ પરિપત્રમાં ઉચ્ચારવામાં આવી છે. નીચલી કોર્ટોમાં કેટલાક જજીસ (જ્યુડિશિયલ ઓફિસર્સ) કોર્ટમાં સમયસર આવતા નહીં હોવાની, જો કોર્ટમાં આવે તો સમયસર ડાયસ પર બેસતા નહીં હોવાની, ડાયસ પરથી કોર્ટ સમય પૂરો થતાં પહેલાં ઊતરી જતા હોવાની અને કોર્ટમાંથી વહેલા ઘેર નીકળી જતા હોવાની વિગતો હાઇ કોર્ટ સુધી પહોંચી હતી, જેને પગલે ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલે નીચલી કોર્ટના જજીસની આવા બેદરકારીભર્યા અને ફરજ પ્રત્યે ઉદાસીનતાને લઇ બહુ ગંભીર નોંધ લીધી હતી. ગુજરાત હાઇ કોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા જારી પરિપત્રમાં જણાવાયું હતું કે, ગુજરાતના ધ્યાન પર ફરી એ હકીકત આવી છે કે, અગાઉ હાઇ કોર્ટના વારંવારના નિર્દેશો અને ચેતવણી છતાં કેટલાક જ્યુડિશિયલ ઓફિસરો-જજીસ કોર્ટમાં સમયસર આવતા નથી કે ડાયસ પર ટાઇમસર બેસતા નથી, તેથી હાઇ કોર્ટ આ સમગ્ર મામલાની ગંભીરતાથી નોંધ લે છે.

# ફાયર વિભાગના માળખા અને જવાબદારીને મુદ્દે જવાબ રજૂ કરવા હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ફાયર વિભાગના ઓવરઓલ માળખા અને જવાબદારીને મુદ્દે ગુજરાત હાઇ કોર્ટે રાજ્ય સરકાર પાસેથી સ્પષ્ટતા માગી હતી. હાઇ કોર્ટના ચીફ જસ્ટિસના વડપણ હેઠળની બેંચે સરકાર તરફથી રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અને શ્રેય હોસ્પિટલની આગ દુર્ઘટનાને પગલે ફાયર સેફ્ટી મુદ્દે હાથ ધરાયેલી સુનાવણી દરમ્યાન રજૂ કરાયેલા જવાબ પરત્વે અસંતોષ વ્યકત કર્યો હતો. હાઇ કોર્ટે રાજયમાં ફાયર વિભાગના સશકિતકરણ અને સામાન્ય માણસને ફાયર સેફ્ટી અંગેની તાલીમ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

હાઇ કોર્ટે સરકાર પક્ષને જણાવ્યું હતું કે, સરકાર દ્વારા રજૂ કરાયેલ ફાયર વિભાગનું ઓવરઓલ ચિત્ર સ્પષ્ટ થયું નથી. સરકાર પાસે મગાય છે, તેટલી જ માહિતી અપાય છે. વળી, સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસના ડિરેકટરના કાર્ય, જવાબદારી અને સત્તા અંગે પણ કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. મ્યુનિસિપલ કમિશનર અને ડિરેકટરની જવાબદારી અંગે પણ હાઇ કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું કારણ કે, આગની દુર્ઘટનાઓ માટે છેવટે મ્યુનિસિપલ કમિશનરની જવાબદારી આવતી હોય છે તો ડિરેકટર પણ સરકારને જવાબદાર હોય.

હાઇકોર્ટે ફાયર વિભાગમાં દરેક પોસ્ટમાં કેટલી ભરતી થઇ છે, છેલ્લાં દોઢ વર્ષમાં શું પ્રગતિ થઇ છે..? સહિતના પ્રશ્નો કરી સરકારે પૃચ્છા કરી હતી કે, ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસમાં કાયમી ડિરેકટર નથી..? જેથી સરકારે બચાવ કર્યો હતો કે, હવે કાયમી ડિરેક્ટર નિયુક્ત કરવામાં આવશે. હાઇ કોર્ટે કર્મચારીઓને ભરતી પછી ટ્રેનીંગ આપો છો કે કેમ..? તો સાથે સાથે હાઇ કોર્ટે જવાબદાર અધિકારીઓના માળખા અને જવાબદારીને લઇને પણ પૃચ્છા કરી હતી. સરકાર પક્ષ તરફથી માહિતી રજૂ કરતા જણાવાયું કે, મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપાલિટીને સ્ટેટ ફાયર સર્વિસના માળખામાંથી બહાર રાખવામાં આવ્યા છે કારણ કે, તેઓ જાતે જ ફાયર વિભાગ અને ફાયર સેફ્ટીની સુવિધા કરતા હોય છે. દરમ્યાન હાઇ કોર્ટે એ વાતને લઇને પણ ભારે આશ્ચર્ય વ્યકત કર્યું હતું કે, ફાયર સેફ્ટી ઓફિસર કોન્ટ્રાક્ટ પર રહીને કેવી રીતે ફાયર એનઓસી રિન્યુઅલ કરી શકે...? તેની જવાબદારી શું..? ફાયર વિભાગે આ બાબતનું નીરીક્ષણ કરવું પડે.

# અમદાવાદ જિલ્લાના રોડ-રસ્તાનું ₹ ૧૫૩ કરોડના ખર્ચે સમારકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જિલ્લાના વિવિધ રોડ-રસ્તાના કામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. અમદાવાદ નજીકના નેશનલ હાઇ વે સહિતના ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ રૂ. ૧૫૩ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહ્યું હોવાની માહિતી વિભાગ દ્વારા આપવામાં આવી હતી.

આ રસ્તાઓમાં બગોદરા, ફેદરા, ધંધુકા રોડ વગેરેનો સમાવેશ થાય છે. આ રૂટ પર રસ્તો પહોળો કરી ચાર લેન બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ કામ પૂરું થતા અમદાવાદથી બોટાદ તેમ જ ભાવનગર જિલ્લા તરફ જવાનું વાહનચાલકો માટે સરળ થઈ જશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાતમાં બિહારની જીતનો જશનઃ ભાજપ કાર્યાલયમાં નેતાઓ સહિત કાર્યકર્તાઓ ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બિહારમાં ભાજપ સહિતના સાથી પક્ષોના એનડીએની ભવ્ય જીતનો જશ્ન ગુજરાતમાં પણ મનાવવામાં આવ્યો હતો. ગાંધીનગર ખાતેના ભાજપના મુખ્યાલય કમલમમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશાધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓ-પદાધિકારીઓ અને કાર્યકર્તા મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા. મુખ્ય પ્રધાને આ જીતને સુશાસનની જીત કહી હતી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત સૌ કોઈને અભિનંદન આપ્યા હતા. જ્યારે જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે બિહારમાં એનડીએની ઐતિહાસિક જીત છે. આ વિકાસની જીત છે. હવે બિહાર વધુ પ્રગતિના પંથે ચાલશે. બિહારની જીતનો ઉત્સાહ ગુજરાત ભાજપમાં પણ એટલો જ છે. શરૂઆતનાં પરિણામોથી જ ચિત્ર સ્પષ્ટ થયું હતું અને એનડીએની જીત પાક્કી થઈ હતી. ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યો છે, આથી ભાજપમાં વધારે ઉત્સાહન માહોલ છે. કમલમ ખાતે ઢોલનગારા અને મીઠાઈ વેચી સૌ કોઈએ જીતનો જશન મનાવ્યો હતો.

# પિસ્તોલ, દેશી તમંચા અને દસ કારતૂસ સાથે બે શકમંદ ગાંધીનગરથી ઝડપાયા

અમદાવાદઃ ગાંધીનગરના ચિલોડા પાસે નેશનલ હાઇવે પર ચેકિંગ કરતા સમયે પોલીસને એક ખાનગી લક્ઝરી બસમાં મુસાફરી કરનારા બે શખ્સ પાસેથી એક પિસ્તોલ, એક દેશી તમંચો અને દસ નંગ કારતૂસ મળી આવી હતી. પોલીસે આ રૂ. ૫૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ બસ કાનપુરથી અમદાવાદ આવી રહી હતી. દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ ગુજરાત સહિત દેશભરમાં ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. પોલીસ અને સુરક્ષા એજન્સી ઠેકઠેકાણે સર્ચ ઑપરેશન હાથ ધરી રહ્યા છે. કોઈપણ શંકાશીલ લાગતી પ્રવૃત્તિ ધ્યાનમાં આવતા તપાસ કરવામાં આવી રહી છે. રાજ્યની તમામ સીમાઓ, ધાર્મિક સ્થળો અને જાહેર સ્થળો પર પોલીસનો સઘન બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

# આતંકવાદી પ્રવૃત્તિમાં સામેલ તબીબોની ડિગ્રી તથા લાઇસન્સ રદ કરાશેઃ આઇએમએ

અમદાવાદઃ આતંકવાદી પ્રવૃતિમાં સંડોવાયેલા ડૉક્ટરોના પકડાયા બાદ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)એ કડક પગલાં અપનાવ્યા છે. ડૉક્ટર બને ત્યારે લેવાતા લોકસેવાના શપથના વિરુદ્ધ પ્રવૃત્તિઓ પર આઈએમએએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આ અંગે આઈએમએની ફાઇનાન્સ કમિટીની નેશનલ ચેરપર્સન ડૉ. મોના દેસાઈએ જણાવ્યું કે, ડૉક્ટર તરીકે અમે લોકસેવાની પ્રતિજ્ઞા લઈએ છીએ. છતાં આ ઘટનામાં ભણેલા-ગણેલા લોકોને બ્રેનવોશ કરીને આવી પ્રવૃત્તિમાં સંડોવાયા હોવાની વાત અત્યંત ચોંકાવનારી છે.

આઈએમએની ફાઇનાન્સ કમિટીની નેશનલ ચેરપર્સન ડો. મોના દેસાઈએ જણાવ્યું હતું કે, પકડાયેલા સાત ડોક્ટરોમાંથી કેટલાક આઈએમએના સભ્યો હોવાનું બહાર આવ્યું છે. એવા ડોક્ટરોની મેમ્બરશિપ તાત્કાલિક રદ કરવામાં આવશે અને તેમને સંપૂર્ણપણે અમારા તબીબી સમાજમાંથી બહાર કરી દેવાશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આ સાથે જ મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (એમસીઆઈ)માં રજૂઆત કરીને તેમની ડિગ્રી અને પ્રેક્ટિસ લાઇસન્સ રદ કરવાની પ્રક્રિયા શરૂ કરીશું. અભણ નહીં પરંતુ ભણેલા લોકો પણ બ્રેનવોશ થઈ શકે છે. તેથી પોતાના બાળકો કે પરિવારજનો શું કરે છે, કોના સંપર્કમાં આવે છે તેની દેખરેખ રાખવી જરૂરી બની ગઈ છે.

આઈએમએએ સ્પષ્ટ કહ્યું હતું કે, આવા કોઈપણ ડોક્ટરને ભવિષ્યમાં તબીબી ક્ષેત્રે સેવા આપવા સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવશે. સોસાયટીને સજાગ રહેવાની અપીલ સાથે આઈએમએએ આ મામલે સખત પગલાં લેવાની જાહેરાત કરી હતી.

# અભિનેત્રીએ કેબ ડ્રાઈવરે ધમકી આપ્યાની પોસ્ટ સોશ્યલ મીડિયા પર કરીઃ પોલીસ દોડી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં જાણીતી ગુજરાતી ફિલ્મ એક્ટ્રેસ નીલમ પંચાલને એક કડવો અનુભવ થયો હતો. એક્ટ્રેસે કાર ડ્રાઈવરે કાર ધીમી ચલાવતાં ને બીજે રસ્તેથી લઈ જતાં ડ્રાઇવર સાથે બોલાચાલી કરી હતી. જેથી ડ્રાઈવરે તેને ધમકી આપી હતી. એક્ટ્રેસે આ અંગે પોસ્ટ મૂકતા પોલીસ દોડતી થઈ હતી. આ બધા વચ્ચે એક્ટ્રેસ તેની ટ્રેન ચૂકી ગઈ હતી અને પોલીસે તેને બીજી ટ્રેનમાં જવાની વ્યવસ્થા કરી આપી હતી. જે બાદ એક્ટ્રેસે પોસ્ટ ડિલીટ કરી હતી.

ગુજરાતી ફિલ્મ ૨૧મું ટિફિન, હેલ્લારોની જાણીતી અભિનેત્રી નીલમ પંચાલને અમદાવાદમાં ટેક્સી ડ્રાઇવરના વર્તનથી અસુરક્ષાનો અનુભવ થયાની ફરિયાદ તેણે સોશ્યલ મીડિયા પર કરી હતી. અભિનેત્રીએ સોશ્યલ મીડિયા એકસ પર પોસ્ટ કરીને પોલીસ પાસે મદદ માગી હતી, જેના પગલે અમદાવાદ પોલીસ તરત જ હરકતમાં આવી હતી. નીલમ પંચાલ અમદાવાદમાં પોતાના ઘરેથી કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે ટેક્સીમાં બેઠાં હતાં. એક્ટ્રેસે ગાડી ધીમી ચલાવતાં ને બીજે રસ્તેથી લઈ જતાં ડ્રાઇવર સાથે બોલાચાલી થઈ હતી. જેથી ડ્રાઈવરે તેમને ધમકી આપી હતી. જેના કારણે તેમણે પોતાને અસુરક્ષિત અનુભવતા તરત જ પર પોસ્ટ કરી હતી. તેમણે આ પોસ્ટમાં અમદાવાદ પોલીસ અને ગુજરાત પોલીસને ટેગ કર્યા હતા.

આ પોસ્ટ મળતાની સાથે જ અમદાવાદ પોલીસ સક્રિય થઈ ગઈ હતી અને તાત્કાલિક કાલુપુર રેલવે સ્ટેશન પહોંચી હતી.

# બીલીમોરામાં અંધશ્રદ્ધાળુ માતાને સપનામાં બલિ ચડાવવાનો આદેશ મળ્યો ને બે બાળકને મારી નાખ્યા

અમદાવાદઃ ગુજરાતના બીલીમોરામાં એક માતાએ બે સંતાનનો જીવ લઈ પોતે પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસ સમયસર ઘટનાસ્થળે પહોંચી જતા માતાનો જીવ બચી ગયો હતો. આ ઘટનાની મળતી વિગતો અનુસાર બીલીમોરાના દેવસર ગામે રહેતી એક મહિલાને રાત્રે સપનામાં આદેશ આપ્યો હતો કે તેનાં બે સંતાનનો બલિ ચડાવવામાં આવે. મહિલાએ આ આદેશને વશ થઈ પોતાના પાંચ અને સાત વર્ષનાં બાળકોને ગળાટૂંપો આપી મારી નાખ્યા હતા. મહિલાનો ગુસ્સો શમતો ન હતો અને તે સસરાને પણ મારવા દોડી હતી, પરંતુ સસરા બચી ગયા હતા અને તેમણે ચીસો પાડતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. દરમિયાન મહિલાએ બારણું બંધ કરી દીધું હતું અને તે સપનામાં મળેલા આદેશ પ્રમાણે પોતે પણ ગળાફાંસો ખાવા જઈ રહી હતી, પરંતુ પોલીસ ઘટનાસ્થળે દોડી આવતા તેમણે મહિલાને બચાવી લીધી હોવાનું જાણવા મળ્યું હતું. મહિલા સામે ગુનો નોંધી પોલીસે તેની અટકાયત કરી છે. ખરેખર આ ઘટના પાછળ અંધશ્રદ્ધા જવાબદાર છે કે પછી કોઈ અન્ય કારણ છે વગેરે પોલીસ તપાસ બાદ જાણવા મળશે, પરંતુ આ ઘટનાએ સૌને સ્તબ્ધ કરી મૂક્યા છે.

# ગાંધીનગરમાંનવ વર્ષની ગુમ બાળકીનો પ્લાસ્ટિકના કોથળામાંથી મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડભોડાના રાયપુર ગામમાંથી ત્રણ દિવસ પહેલા ગુમ થયેલી ૯ વર્ષની બાળકીની પ્લાસ્ટિકના કોથળામાં પેક કરેલી હાલતમાં લાશ મળતાં ચકચાર મચી ગઈ હતી. બાળકીની લાશ મળતાં પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. રાયપુર ગામના રામાપીરવાળા વાસમાં રહેતી ૯ વર્ષની બાળકી ૧૨ નવેમ્બરે ગુમ થઈ ગઈ હતી. બાળકી ન મળતાં તેના પિતાએ કોઈ અજાણી વ્યક્તિ તેને અપહરણ કરીને લઈ ગયો હોવાની શંકા સાથે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદના આધારે બાળકીની શોધખોળ શરૂ કરી હતી. તેમજ સોશ્યલ મીડિયા પર પણ જાહેરાત કરી હતી. ગઈકાલે રાત્રે પરિવાર જે મકાનમાં રહે છે, તેની પાછળના ભાગે આવેલી એક ઓરડીના ઓટલા પરથી એક શંકાસ્પદ પ્લાસ્ટિકનો કોથળો મળી આવ્યો હતો. તપાસ કરતાં આ કોથળામાં ગુમ થયેલી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો.

નાની બાળકીની હત્યા કરીને લાશને કોથળામાં છુપાવી દેવાની આ ગંભીર ઘટનાની જાણ થતાં જ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે આ ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા માટે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી હતી.

# ઘોડબંદર રોડ પર ટ્રાફિકની સમસ્યાને મુદ્દે થાણે પાલિકાની બેઠક

## દિલ્હી-મુંબઈ ફ્રેટ કોરિડોર શરૂ થયા બાદ ઘોડબંદર રોડ પર ભારે વાહનોનું પ્રમાણ ઘટી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘોડબંદર રોડ પર લાંબા સમયથી રહેલી ટ્રાફિક જૅમની સમસ્યાથી વાહનચાલકો કંટાળી ગયા છે ત્યારે ટ્રાફિકને મુદ્દે થાણે મહાનગરપાલિકાએ શુક્રવારે મહત્ત્વની બેઠક યોજી હતી, જેમાં આગામી વર્ષની શરૂઆતમાં આ રોડ પરના ટ્રાફિક જૅમની સમસ્યાથી છૂટકારો મળશે એવું નિવેદન સ્થાનિક સાંસદે આપ્યું હતું. ઘોડબંદર રોડ પરના ટ્રાફિકને મુદ્દે શુક્રવારે યોજાયેલી બેઠકમાં થાણે પાલિકા, એમએમઆરડીએ, સાર્વજનિક બાંધકામ ખાતું, થાણે ટ્રાફિક ડિપાર્ટમેન્ટ, મેટ્રો, મહાવિતરણ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી સહિત જસ્ટિસ ફોર ઘોડબંદર રોડ આ સંસ્થાના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

ઘોડબંદર રોડ એ તમામ નેશનલ હાઈવેને જોડનારો મહત્ત્વનો રોડ છે. તેથી જો આ રોડ પર ટ્રાફિક જૅમ થાય તો તેની અસર તમામ નેશનલ હાઈવને પણ થતી હોય છે. જોકે શુક્રવારે સવારના થાણે પાલિકા મુખ્યાલયમાં યોજાયેલી બેઠક દરમ્યાન સ્થાનિક સાંસદ નરેશ મ્હસ્કેએ દાવો કર્યો હતો કે માર્ચ ૨૦૨૬માં દિલ્લી-મુંબઈ ફ્રેટ કોરિડોર શરૂ થયા બાદ જવાહરલાલ નેહરુ પોર્ટથી નીકળનારા ૩૦થી ૩૫ ટકા કન્ટેઈનર આ રોડ પર ડાઈવર્ટ થશે અને કારણે ઘોડબંદર રોડ પર ભારે વાહનોનું પ્રમાણ ઘટી જશે અને ટ્રાફિકથી મુક્તિ મળશે. એ સિવાય તેમ જ ખાનિવડેથી આમણે ખાતેની મિસિંગ લિંગ જોડવાનું કામ થયા બાદ પણ ઘોડબંદર રોડ પરના ટ્રાફિકનો ભાર ઓછો થશે. તે માટે થાણે પાલિકા નેશનલ હાઈવે ઓથોરિટી સાથે ચર્ચા કરીને તે બાબતે થાણે જિલ્લાઅધિકારી સાથે બહુ જલદી બેઠક કરવાની સૂચના આપી હોવાનું સ્થાનિક સાંસદે જણાવ્યું હતું.

આ બેઠક દરમ્યાન થાણેના સાકેતથી ગાયમુખ સુધીના કોસ્ટલ રોડને ગાયમુખથી ફાઉન્ટન-વર્સોવા સુધી વિસ્તારવાની માગણી પણ કરવામાં આવી હતી.

# ઈન્કમ ટેક્સની જોગવાઈને પડકારનાર સમલૈંગિક દંપતીને રાહત આપવા હાઈ કોર્ટનો ઈનકાર

મુંબઈઃ આવકવેરા કાયદાની સંબધિત કલમની બંધારણીય માન્યતાને પડકારવા માટે કોર્ટમાં અરજી કરનાર સમલૈંગિક દંપતીને વચગાળાની રાહત આપવાનો બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે ઇનકાર કર્યો છે. આવકવેરા કાયદાની આ જોગવાઈ હેઠળ વિજાતીય લગ્નમાં જ પતિ - પત્નીએ એકબીજાને આપેલી ગિફ્ટને કર રાહત મળે છે, સમલૈંગિક યુગલને આ લાભ નથી મળતો. અરજદારોનું કહેવું છે કે સમલૈંગિકોને બાકાત રાખવાથી તેમને દંડ ભોગવવો પડે છે જ્યારે એ જ બાબત માટે વિજાતીય યુગલને રાહત આપવામાં અવે છે. આ જોગવાઈ અનુસાર પતિ - પત્ની દ્વારા એકબીજાને આપવામાં આવતી ગિફ્ટનું મૂલ્ય ૫૦ હજાર રૂપિયાથી વધુ હોય તો એ અન્ય સ્રોતની આવક ગણી કરપાત્ર બને છે. ન્યાયમૂર્તિ બર્જેસ કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ અમિત જામસાંડેકરની ખંડપીઠે અરજદારોની ટૂંકી રજૂઆતો સાંભળી હતી. તેમણે દલીલ કરી હતી કે પતિ-પત્ની માટે કાયદાનું રક્ષણ એક પરોક્ષ વર્ગીકરણ પેદા કરે છે જે નાગરિકોના અન્ય ઓળખી શકાય તેવા વર્ગ, સમલૈંગિક યુગલો સાથે ભેદભાવ કરે છે. વર્તમાન ભારતીય કાયદા અનુસાર સમલૈંગિક યુગલો પતિ - પત્ની બનવા માટે અસમર્થ છે. વકીલે અદાલતને જણાવ્યું હતું કે પ્રશ્ન વિધાનસભાના હેતુ વિશે નથી, પરંતુ કાયદાની વ્યવહારિક અસર વિશે છે. એક વર્ગને કર રાહત મળે છે ત્યારે સરખા સંબંધ ધરાવતી અન્ય વ્યક્તિઓને પણ એવો જ લાભ મળવો જોઈએ. અદાલતે આવકવેરા વિભાગ અને કેન્દ્ર સરકારની રજૂઆતો નોંધી હતી જેનું પ્રતિનિધિત્વ એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહે કર્યું હતું.

# મુંબઈગરાએ અનુભવી ગુલાબી ઠંડીઃ પારો ૧૮.૪ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈરાને તેમના કબાટમાંથી શાલને ધાબળા કાઢવાનો વખત આવી ગયો છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી તાપમાનનો પારો સતત નીચો નોંધાઈ રહ્યો છે. શુક્રવારે ચાલુ વર્ષમાં શિયાળાની મોસમમાં પહેલી વખત તાપમાનનો પારો ૧૮.૪ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો. આ અગાઉ બુધવારે મુંબઈમાં લઘુતમ તાપમાન ૧૮.૬ ડિગ્રી નોંધાયું હતું. મુંબઈમાં બુધવારે વહેલી સવારના તાપમાનનો પારો ૧૮.૬ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો. એ બાદ ગુરુવારે પારો ફરી ૧૯ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો. જોકે શુક્રવારે ફરી તેમાં ઘટાડો નોંધાયો હતો. વહેલી સવારના સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૮૩૪ ડિગ્રી નોંધાયું હતું, જે શિયાળાની મોસમમાં અત્યાર સુધીનું નીચું તાપમાન છે. આ અગાઉ મુંબઈમાં ૧૧ નવેમ્બર, ૨૦૧૬માં સાંતાક્રુઝમાં ૧૬.૩ ડિગ્રી જેટલું નીચું તાપમાન નોંધાયું હતું. તો ૨૧, ૨૨ અને ૨૯ નવેમ્બર ૨૦૨૨ના સાંતાક્રુઝમાં ૧૭ ડિગ્રી નોંધાયું હતું. તો મુંબઈમાં અત્યાર સુધી નવેમ્બરમાં સૌથી ઓછું તાપમાન ૧૯ નવેમ્બર, ૧૯૫૦ની સાલમાં ૧૩.૩ ડિગ્રી નોંધાયું હતું. જયારે કોલાબામાં ૨૦ નવેમ્બર, ૧૯૮૧ રોજ ૧૭.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ મુંબઈમાં તાપમાન ઠંડક જળવાઈ રહેવાનો અંદાજો છે. મુંબઈની સાથે રાજ્યમાં પણ હાલ મોટાભાગના જિલ્લામાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. સમગ્ર રાજ્યમાં સૌથી નીચું તાપમાન જળગાંવમાં ૯.૧ ડિગ્રી નોંધાયું હતું.

પાંચમા પાનાનું ચાલુ

## આજે પુત્ર

ઉદાહરણ છે અને ‘દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિ’ છે જ્યાં એક પુત્રએ તેના બીમાર અને વૃદ્ધ માતાપિતાની સંભાળ રાખવાની નૈતિક ફરજ બજાવવાને બદલે, પ્રતિબંધના આદેશની માગણી કરતો દાવો દાખલ કરી રહ્યો છે.

ન્યાયાધીશ જૈને કહ્યું કે આપણી સંસ્કૃતિમાં કેળવાયેલા નૈતિક મૂલ્યોનું એટલી હદે પતન થઈ ગયું છે કે ‘આપણે શ્રવણ કુમારને ભૂલી ગયા છીએ જેઓ પોતાના માતાપિતાને તીર્થયાત્રા પર લઈ ગયા હતા અને રસ્તામાં પોતાનું જીવન આપી દીધું હતું.’

ઉલ્લેખનીય છે કે, શ્રવણ કુમાર હિન્દુ મહાકાવ્ય રામાયણનું એક પાત્ર છે, જે તેમના પિતા પ્રત્યેના ભક્તિ માટે જાણીતા હતા.

‘આજના યુગમાં, આપણા બાળકોના ઉછેરમાં કંઈક ખૂબ જ ગંભીર ખામી છે કે એક બાળક માતા-પિતાને તીર્થયાત્રાને બદલે કોર્ટમાં લઈ જઈ રહ્યું છે,’ એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

ન્યાયાધીશ જૈને માતાપિતા-બાળકના સંબંધો પર અનેક કહેવતો સૂચિબદ્ધ કરી અને કહ્યું હતું કે માતા-પિતાની સંભાળ રાખવી એ પુત્રની એક પવિત્ર અને નૈતિક ફરજ છે.

આ કેસનો ઉલ્લેખ કરતા ન્યાયાધીશ જૈને કહ્યું હતું કે તેમનો મત છે કે અરજદારે તેના વૃદ્ધ માતા-પિતાની સંભાળ રાખવી પડશે.

કોર્ટે એ બાબતની પણ નોંધ લીધી હતી કે હાલમાં, માતાપિતા દક્ષિણ-પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં તેમના ત્રીજા પુત્ર સાથે રહે છે, પરંતુ તેમને રાજ્ય સંચાલિત જે. જે. હોસ્પિટલમાં તબીબી સારવાર માટે લગભગ ૩૮૦ કિમી દૂર મુંબઈ જવું પડે છે.

બેન્ચે અરજદાર પુત્ર અથવા તેની પત્નીને નિર્દેશ આપ્યો કે જ્યારે પણ તેઓ મુંબઈ આવશે ત્યારે માતાપિતાને લેવા જશે, તેમને તેમના નિવાસસ્થાને તેડી લાવશે અને સારવાર માટે તેમની સાથે હોસ્પિટલમાં પણ જશે.

જો આદેશનો કોઈ ભંગ થશે અથવા માતાપિતાને કોઈ અસુવિધા થશે તો અરજદાર પુત્રને આ આદેશનો તિરસ્કાર કરવામાં આવશે અને તેની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે, એવી ચેતવણી કોર્ટે આપી હતી. (પીટીઆઈ)

## કૉંગ્રેસ કરતા

એનડીએ બિહાર વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવી રહ્યું છે.

ફડણવીસે કહ્યું કે બિહારે વિપક્ષના મહાગઠબંધન, ખાસ કરીને કોંગ્રેસને પાઠ ભણાવ્યો છે.

‘કોંગ્રેસને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. ફક્ત મૂર્ખ લોકો જ પોતાની ભૂલો સુધારતા નથી. લોકસભા ચૂંટણીમાં તેનું ફેક નેરેટિવ કંઈક અંશે કામ કરી ગયું હતું, પરંતુ તે ટૂંક સમયમાં જ તૂટી ગયું,’ એમ તેમણે કહ્યું હતું.

‘કોંગ્રેસની સ્થિતિ એટલી ખરાબ છે કે એઆઈએમઆઈએમે તેના કરતાં સારો દેખાવ કર્યો છે અને બધા ડાબેરી પક્ષોએ પણ મળીને કોંગ્રેસ કરતા વધુ બેઠકો જીતી છે,’ એમ ભાજપના નેતાએ વધુમાં કહ્યું હતું.

ફડણવીસે એમ પણ કહ્યું કે કોંગ્રેસને લોકોનો સંદેશ એ છે કે જો તે બંધારણીય સંસ્થાઓ અને લોકપ્રિય આદેશનું અપમાન કરવાનું ચાલુ રાખશે તો તેને નકારી કાઢવામાં આવશે. જો તે આ રીતે પ્રચાર કરવાનું ચાલુ રાખશે તો પાર્ટીનો નાશ થશે, એવી ચેતવણી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને આપી હતી.

## વાયુ પ્રદૂષણ

હતો. પાલિકાએ કન્સ્ટ્રકશન સાઈન પર સેન્સર આધારિત મોનિટરિંગ સહિત તેના ૨૮ મુદ્દાની પ્રદૂષણ નિયંત્રણ માર્ગદર્શિકાનું કડક પાલન કરવાનું ફરજિયાત બનાવ્યું છે અને આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરોને પાંચ સભ્યોની વોર્ડ સ્તરીય એર પોલ્યુશન મિટિગેશન સ્કવોડને સક્રિય કરવાનો નિર્દેશ પણ આપ્યો છે. દરેકની આગેવાની એક વરિષ્ઠ વોર્ડ અધિકારી દ્વારા કરવામાં આવશે અને વેહિકલ ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ વાહન સાથે સજ્જ હશે.

પાલિકાના પર્યાવરણ વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે પાલિકાના પર્યાવરણ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ વર્ષે પર્યાવરણ વિભાગના અધિકારીઓને સ્કવોડમાં શામેલ કરવામાં આવશે. વોર્ડ મુજબની સ્કવોડ વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે એર પોલ્યુશન મિટિગેશન ગાઈડલાઈનના ૨૮ મુદ્દાનું પાલન તમામ કન્સ્ટ્રશન અને ડિમોલીશન સાઈટ પર થાય છે કે નહીં તેનું દૈનિક સ્તરે નિરીક્ષણ કરાશે.

એર પોલ્યુશન મિટિગેશન ગાઈડલાઈન હેઠળ તમામ કન્સ્ટ્રકશન અને ઈન્ફ્રાસ્ટ્રકચર સાઈટ પર તેમની આજુબાજુ મેટલ શીટ ઊભી કરવી પડશે. અંડર કન્સ્ટ્રકશન બિલ્ડિંગને લીલા કપડા, શણની ચાદર અથવા તાડપત્રીથી ઢાંકવી પડશે અને ડિમોલિશન દરમ્યાન સતત પાણીનો છંટકાવ કરવો પડશે.

સેન્સર આધારિત એર ક્વોલિટી મોનિટર અને સીસીટીવી કેમેરા પણ ઈન્સ્ટોલ કરવા પડશે. આ ગાઈડલાઈન્સનું પાલન નહીં કરનારી કન્સ્ટ્રક્શન સાઈટને નોટિસ આપવાની સાથે જ સીલ કરવા જેવા પગલાં લેવામાં આવશે.

## બિહારે ‘જંગલરાજ’

બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમારને અભિનંદન આપ્યા હતા. પત્રકારો સાથે વાત કરતા શિંદેએ કહ્યું હતું કે બિહારના લોકોએ ‘જંગલ રાજ’ને નકારી કાઢ્યું છે અને ‘વિકાસ રાજ’ અપનાવ્યું છે. ‘જંગલ રાજ’ (અરાજકતા) શબ્દનો ઉપયોગ જેડી (યુ) અને ભાજપના નેતાઓ દ્વારા આરજેડી અને વિપક્ષી ગઠબંધન પર હુમલો કરવા માટે વારંવાર કરવામાં આવે છે.

‘બિહારે નીતિશ કુમાર અને મોદીના નેતૃત્વ હેઠળ વિકાસ માટે મતદાન કર્યું છે. તેવી જ રીતે, મહિલાઓ (લાડકી બહેન)એ ખાતરી આપી કે એનડીએને મહારાષ્ટ્રની જેમ જ (૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં) જબરદસ્ત જીત મળી છે,’ એમ તેમણે કહ્યું હતું. ચૂંટણી પ્રક્રિયામાં મહિલાઓની મોટી ભાગીદારીએ એનડીએની જીતમાં મદદ કરી, એમ તેમણે કહ્યું હતું. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં અજિત પવારે કહ્યું હતું કે, ‘બિહારે રાજ્ય અને તેના લોકોનું નેતૃત્વ કરવા માટે એનડીએને પસંદ કરીને સુશાસન અને પ્રગતિશીલ ભવિષ્ય માટે મતદાન કર્યું છે.’

## અપહરણ કરાયેલી

થઇ હતી. પોલીસ ટીમ બાદમાં અનેકવાર વારાણસી જઇ આવી હતી, પણ બાળકી મળી આવી નહોતી. પોલીસ ટીમ આખરે ૯ નવેમ્બરે ફરી વારાણસી ગઇ હતી અને ત્યાંની સ્થાનિક પોલીસ સાથે સંકલન કરવા સાથે પત્રકારોની પણ મદદ લીધી હતી, જેમણે બાળકી વિશે માહિતી મેળવવાનું શરૂ કર્યું હતું.

પોલીસ ટીમ બાદમાં બાળકીને શોધતી શોધતી વારાણસીના અનાથાશ્રમ ખાતે પહોંચી હતી, જ્યાં તે મળી આવી હતી. ત્યાંના સ્ટાફે બાળકીનું નામ ‘કાશી’ રાખ્યું હતું. જોકે તેમને જાણ નહોતી કે બાળકીનું મુંબઇથી અપહરણ કરાયું હતું. પોલીસે ત્યાંથી બાળકીનાં પરિવારનો સંપર્ક કર્યો હતો અને વીડિયો કૉલ દ્વારા તેની ઓળખ કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બાળકીનું અપહરણ કર્યા બાદ આરોપી તેને વારાણસી લઇ ગયો હતો. જોકે પકડાઇ જવાની બીકે તે બાળકીને સ્ટેશન નજીક છોડીને ભાગી છૂટ્યો હતો.

બાળકી એકલી રસ્તા પર એક મહિલાને મળી આવી હતી, જે તેને બાદમાં અનાથાશ્રમમાં લઇ આવી હતી. પોલીસે ગુરુવારે બાળકીને કસ્ટડીમાં લીધી હતી અને તેને વારાણસીમાં ચાઇલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ હાજર કરવામાં આવી હતી.

## થાણે-ભિવંડી

નગરી અને ઔદ્યોગિક કેન્દ્ર હોવાને કારણે ભિવંડીથી થાણે અને મુંબઈ વચ્ચે વાહનોની અવરજવર વધુ હોય છે અને આ બ્રિજને કારણે આ શહેરો વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થશે અને પ્રવાસના સમયમાં પણ બચત થશે. મુંબઈ-અમદાવાદ વચ્ચે બની રહેલી બુલેટ ટ્રેન કોરિડોરમાં ભિવંડી સ્ટેશનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી ભવિષ્યમાં આ નવો બ્રિજ બુલેટ ટ્રેનમાં પ્રવાસ કરનારા ઈચ્છુકો માટે પણ વરદાનરૂપ સાબિત થશે.

એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ કોલશેત અને કાલ્હેર વચ્ચેની હાલની કનેક્ટિવિટીને કારણે બાલકુમ નાકા અને જૂના કાલશેહી પુલ દ્વારા લાંબો રૂટનો ઉપયોગ કરવો પડે છે. ટ્રાફિકની ભીડને ઘટાડવા અને પાવરરૂમ ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે કોલશેત-કાલહેર બ્રિજનું બાંધકામ ઝડપભેર થવું આવશ્યક છે.

એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ ભિવંડી નોટિફાઈડ સરાઉન્ડિંગ એરિયા (બીએનએસએ)નો પણ પ્રસ્તાવ છે, જેમાં ટેક્સટાઈલ-કમ-ઈન્ડસ્ટ્રિયલ પાર્ક અને મલ્ટિ-મોડલ કોરિડોર જેવા પ્રસ્તાવિત પ્રોજેક્ટનો સમાવેશ થશે. ભિવંડીમાં ટ્રાફિક જૅમની ગંભીર સમસ્યા છે, તેથી વસઈ ખાડી પર નવા બ્રિજની સાથે જ અન્ય માળખાગત વિકાસના પ્રોજેક્ટ હાથ ધરવાની આવશ્યકતા છે.

## થાણે-બોરીવલી

માર્ગની હાલત અત્યંત બગડી ગઈ છે. ઘોડબંદર ઘાટના રસ્તા પદ દરરોજ વાહન ચાલકોએ ટ્રાફિક જામની તકલીફ સહન કરવી પડતી હોવાથી જનતા પરેશાન થઈ ગઈ છે. આ કારણસર થાણે - બોરીવલી પ્રોજેક્ટના નિર્માણનું કામ હાલ ઝડપથી ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ તૈયાર થઈ રહેલી ટનલ ભારતની સૌથી મોટો અને સૌથી લાંબી ટ્વિન ટનલ છે. એમએમઆરડીએ દ્વારા બાંધવામાં આવી રહેલી આ ૧૧૮ કિલોમીટર લાંબી ટનલ થાણે - ઘોડબંદર રોડને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સાથે જોડશે. આ ટનલ તૈયાર થયા પછી કલાક - દોઢ કલાકની મુસાફરી ફક્ત ૧૫ મિનિટમાં પૂર્ણ થશે.

## છઠ્ઠા ધોરણની

માર્કસ આવ્યા હતા અને શિક્ષકો તેને પરીક્ષામાં દેખાવ સુધારવા માટે વારંવાર સલાહ આપતા હતા, જેને કારણે તે તાણ હેઠળ હતી, એમ પોલીસે વિદ્યાર્થિનીના પરિવારજનો સાથે વાતચીત કર્યા બાદ જણાવ્યું હતું.

દરમિયાન વિદ્યાર્થિનીએ ગુરુવારે ૧૯મા માળે આવેલા તેના ફ્લેટની બારીમાંથી ઝંપલાવ્યું હતું અને તે નીચે પાર્ક કરાયેલ ટૂ-વ્હીલર પર પટકાઇ હતી.

વિદ્યાર્થિનીને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી. ખડકપાડા પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# જૈન મરણ

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

અગીયાળી નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. વનમાળીદાસ હઠીચંદના સુપુત્ર રમેશભાઈ (ઉં વ. ૭૩), તે હેમલતા બેનના પતિ. ચિંતન તથા અવની અંકિત કુમાર શાહના પિતા. સ્વ. હિમ્મતભાઈ, સ્વ. કનુભાઈ, હરેશભાઈ, સ્વ. તારાબેન જયસુખલાલ સંઘવી અને નિર્મલાબેન હસમુખભાઈ શેઠના ભાઈ. તે નિર્ઝરીના સસરા. ક્રિશાન, રિતિકાના દાદા. અર્ણવ, અયાનના નાના. તે જયંતીલાલ મણિલાલ ઝવેરીના જમાઈ. ગુરુવાર તા.૧૩-૧૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૫-૧૧-૨૫ના જલારામ હોલ, એને એસ રોડ ૬, જુહુ, વિલેપાર્લે વેસ્ટ. સાંજે ૫.૩૦ થી ૭.૩૦.

### દશા શ્રીમાળી સ્થા. જૈન

ઘારી નિવાસી હાલ વિરાર મુંબઈ પ્રવિણચંદ્ર મકનદાસ રૂપાણી (બટુકભાઈ) (ઉં.વ.૮૮) તે સ્વ. રંભાબેન મકનદાસ રૂપાણીના સુપુત્ર. તે સ્વ. વિનોદભાઈ રૂપાણી, સ્વ. શારદાબેન દોશી, સ્વ. મંછાબેન દેસાઈ તથા બ્રા.બ્ર. સ્વ.વસુબાઈ સ્વામીના સંસારીભાઈ. તે નીલમબેન, સ્વ. રાજુભાઈ, જીતુભાઇ દોશી, નરેન્દ્રભાઈ દેસાઈ તથા સરલાબેન ઝવેરીના મામા. તે મિનેષભાઈ, જીજ્ઞેશભાઈ, હાર્દિકભાઈ, નિશ્ચયભાઈ તથા અંકિતાબેનના મોટામામા. તા. ૧૨/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન

મોરબી, હાલ અંધેરી સ્વ. બિપિન હિંમતલાલ વલમજી ગાંધીના ધર્મપત્ની હેમાબેન (ઉં.વ.૬૯). તે જાસ્મીના તથા હાર્દિકના માતુશ્રી. તે મિતેશકુમાર તથા વિણાના સાસુ. તે મહેશભાઈ, સંધ્યાબેન, નીલાબેન, અરૂણાબેન, ઇન્દિરાબેન,ચંદ્રિકાબેન તથા સ્વ.નીતાબેનના ભાભી. તેમ જ પિયરપક્ષે સ્વ. કાંતિલાલભાઈ ફકીરચંદભાઈ શાહના દીકરી. ગુરવાર તા. ૧૩/૧૧/૨૫ ના અરિહંતશરણ પામેલ છે . લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઘોઘારી દશા શ્રીમાળી જૈન

મૂળ ગામ ઠાડચ હાલ બોરીવલી ઈલાબેન ગીરીશભાઈ પાતાણીના પુત્ર નીહીર પાતાણી (ઉં.વ.૪૨) તે તા. ૧૧/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ઉર્વશીના પતિ. યશવીરના પિતા. સંગીતા - સંજય તથા જસ્મીતા વિજય અજમેરાના ભત્રીજા. દિવ્યાંગ, પ્રાચી, નેહા, ઈશિતાના ભાઈ. તે સાસરાપક્ષે કમલેશજી જયવીર આર્યાના જમાઈ. ભાવયાત્રા ૧૫/૧૧/૨૫ ના ૩ થી ૫. ઠે. લોટસ બેન્કવેટ, ચોથે માળે, રઘુલીલા મોલ, પોઇસર, કાંદિવલી વેસ્ટ.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નવીનારના હિરાવંતી (લક્ષ્મી) જયંતીલાલ પ્રેમજી વોરા (ઉં. વ. ૭૧) ગુરુવાર તા. ૧૩-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ. મેઘબાઇ પ્રેમજી હિરજીના પુત્રવધૂ. મીનલ, કાજલ, તરુણના માતુશ્રી. સુંદરબેન પોપટલાલના પુત્રી. હેમલતા, પ્રવિણ, દમયંતી, બીપીન, સંજયના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ તરૂણ વોરા, બી/૫૦૫, દૃષ્ટિ સેફાયર, પંતનગર, ઘાટકોપર (પૂર્વ).

નાના ભાડીયા (ગોરેગામ) હાલે સાંગલીના રતનબેન દામજી સાવલા (ઉં.વ.૮૫) તા.૧૨/૧૧/૨૫ના અવસાન પામેલ છે. સ્વ. દામજી રતનશી સાવલાના ધર્મપત્ની. નાના ભાડીયાના તેજબાઈ રતનશી હીરજી સાવલાના પુત્રવધૂ. મોટી ખાખરના પાનબાઈ રાયશી વેલજી ભેદાના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી.

પત્રીના હાલે માટુંગાના લક્ષ્મીચંદ હીરજી છેડા (ભુવાશ્રી) (ઉં. વ. ૭૯) તા. ૧૨-૧૧ના અવસાન પામેલ છે. જીવીબાઈ હીરજી તલકશીના પુત્ર. ભાનુમતીના પતિ. ચંદ્રેશ, દિપા, હેમલના પિતા. વિમળા, હસમુખ, રસિક, રાજેશના ભાઈ. બિદડાના નેણબાઈ દેવશી હંસરાજના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા.સં.સં. કરશન લઘુ નીસર હોલ દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦. નેત્ર-ત્વચા દાન કરેલ છે. નિ. હેમલ છેડા. ૧૩૦૩, હબટાઉન હેવન, ભાઉદાજી રોડ, માટુંગા સે.રે.

વડાલા (રાજકોટ) હાલે દેવલાલીના લતા શાંતિલાલ ગાલા (ઉં.વ.૬૫) તા. ૧૩-૧૧-૨૫ના સંથારો સીઝેલ છે. શાંતીલાલના પત્ની. સ્વ. હાંસબાઈ જાદવજીના પુત્રવધૂ. જીનલ, જુહીના માતુશ્રી. છસરાના સ્વ. મણીબાઈ ભાણજીના સુપુત્રી. રમેશ, રીટા, કીરણના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. : શાંતિલાલ ગાલા, ફલેટ નં. ૩૦, શાંતિપાર્ક સોસાયટી, લામ રોડ, દેવલાલી, નાશિક. ૪૨૨૧૦૧.

મોટી રાયણના કસ્તુરબેન (ભોઈમા) હરખચંદ છેડા (ઉં.વ. ૮૭) તા. ૧૩-૧૧-૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. મણીબાઈ શામજી ખીમજી છેડાના પુત્રવધૂ. હરખચંદ (બચુભાઈ)ના ધર્મપત્ની. નરેશ, હીના, નયના, વંદનાના માતુશ્રી. લાયજા રતનબેન કેશવજી ભારમલના પુત્રી. શાંતિલાલ, દામજી, કાંતિલાલ, નિર્મળા હરખચંદ, નેણબાઈ ઉમરશી, હેમલતા કાંતિલાલના બહેન. મધુ, વિમળા, તરૂણાનાં નણંદ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. ઠે. નરેશ હરખચંદ છેડા, રજી ખારી, રાયણ મોટી, માંડવી.

### દશા શ્રીમાળી દેરાવાસી જૈન

રાજકોટ નિવાસી હાલ મુંબઈ સ્વ. કાંતિલાલ જેસંગભાઈ મહેતાના પુત્રવધૂ અ. સૌ. ઈલા પ્રદિપ મહેતા (ઉં.વ. ૭૫) તે કવિતા, ચિરાગના માતુશ્રી. તે સુરેન્દ્રભાઈ, રમેશભાઈ, મહેશભાઈ, સૌ. નિર્મળાબેન અરૂણભાઈ લાખાણી, સ્વ. નિરંજના જતીનભાઈ મહેતા, સૌ. પુષ્પાબેન જયેન્દ્રભાઈ દામાણી, સૌ. તરૂલતા જગદીશભાઈ શાહ, સ્વ. ઉષાબેન શરદભાઈ દામાણી, સૌ. ભારતીબેન ભૂપેન્દ્રભાઈ અદાણીના ભાભી. સ્વ. હિરાબેન દેવીદાસભાઈ કાપડીયાના પુત્રી. સ્વ. કાંતિલાલ, હસમુખભાઈ, મુકેશભાઈ, સ્વ. વર્ષાબેન પ્રવિણભાઈ ઠક્કરના બેન તા. ૧૩-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૧૧-૨૫ ને રવિવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦. એફ. પી. એચ. બેન્કવેટ હોલ, પાંચમો માળ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઈ.

### જામનગર હાલાર વિ. શ્રી. સ્થાનકવાસી જૈન

જામનગર નિવાસી હાલ મુંબઈ અ. સૌ. ભારતીબેન શેઠ (ઉં.વ. ૮૩) તે સ્વ. જયંતીલાલ દયારામ શેઠ તથા સ્વ. ચંચળબેનની પુત્રવધૂ. મૂળરાજભાઈના પત્ની. સ્વ. શીબાની વીરલના માતા. ધનરાજભાઈ, સ્વ. યોગેન્દ્રભાઈ, જયોતિબેન પ્રદીપ શાહ, નેમીષભાઈ તથા સ્વ. શૈલેષભાઈના ભાભી. સાધનાબેન, સ્વ. રૂપાબેન, વીણાબેન, સ્વ. નલીનીબેનના જેઠાણી. પિયર પક્ષે સ્વ. ભૂપતલાલ ઢેઢી તથા સ્વ. મંગળાબેનના દીકરી તા. ૧૩-૧૧-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

રમેશચંદ બાવનલાલ ગર્ગ, (ઉં. વ. ૭૮) તા. ૧૩-૧૧-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પુત્રી રચના મિતુલ મહેતા, જમાઈ મિતુલ ભરત મહેતા, ભત્રીજો ચિરાગ અને નમ્રતા ગર્ગ, વેવાઈ ભરતભાઈ જશવંતલાલ મહેતા, વેવાણ રક્ષાબેન ભરતભાઈ મહેતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

સ્વ. મીનાક્ષીબેન રમેશચંદ્રજી વેલચંદજી જૈન (પિંડવારા - મુંબઈ) શાહ રમેશચંદ્રજી વેલચંદજી જૈન પુત્ર-પુત્રવધૂઃ કલ્પેશ-નીતા, નીરવ-કાજલ, પૌત્ર-પૌત્રવધૂઃ પાર્થ - સૃષ્ટિ, શ્રેયા. પરપૌત્રઃ ઈવાન, જેઠ-જેઠાણીઃ સ્વ. ધનરાજજી - સ્વ. પરસનબેન. તા. ૧૫-૧૧-૨૫, શનિવાર, સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦. સ્થળઃ શ્રી મુંબઈ પાટીદાર સમાજ હોલ, ૬, ફ્રેન્ચ બ્રિજ ઓપેરા હાઉસ, મુંબઈ-૭.

### ઘોઘારી મોઢ વણિક

વતન સોનગઢ હાલ ગ્રાન્ટ રોડ અને બોરીવલી ચિમનલાલ શાંતિલાલ મહેતા (ઉં વ. ૯૩), તે સ્વ. અનસુયાબેનના પતિ. તે સ્વ. હિંમતભાઈ, સ્વ. કન્હૈયાલાલ, સ્વ. ધીરજલાલ, સુશીલા, મંજુલા, વાસંતી, ઇન્દિરા અને સુહાસિનીના ભાઈ. અસિત, ડૉ. રૂપા અને આશિષના પિતા. તે ડૉ. અતુલભાઇ શાહ, દીના અને પારૂલના શ્વસુર. તે આદિત્ય, આકાશ, અસીમ અને આયુષીના દાદા. તે પ્રાચી અને શુભસ્મિતાના દાદાસસરા. તા. ૧૪-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના સભાઃ ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, ગ્રાન્ટરોડ, રવિવાર, તા. ૧૬-૧૧-૨૫ સાંજે ૪ થી ૬.

### કપોળ

મીનાક્ષી વિનોદરાય મહેતા તે વિનોદરાયના પત્ની કાંતિભાઈ, કિરીટભાઈ, સ્વ. રજનીભાઈ અને દિલીપભાઈ તથા ઉષા વિજય પારેખના ભાભી. પિયર પક્ષે સ્વ. વ્રજલાલ તાપીબેન મહેતાના પુત્રી. કીર્તિ, મનીષ,ધર્મેશના માતા ચેતના, મેઘના અને રેણુના સાસુ તેમજ પાર્થ, રૂચિ, અર્જુન, રોમા અમિત અને દિયાના દાદી અમેરિકા મેરીલેન્ડ મુકામે તા. ૮/૧૧/૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હાલાઈ લોહાણા

કરાચીવાળા, હાલ મીરા રોડ ભરત પિતાંબર કારિયા તે મધૂબેનના પતિ. સ્વ. કસ્તુરબેનના પુત્ર તથા સ્વ. દિલીપ, પ્રવીણ, વિજય અને હંસાબેન બટુકલાલ કોટેચાના ભાઈ. જિતેન અને મનીષાના પિતાશ્રી. તા. ૧૩ -૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ રહેશે.

### કપોળ

મહુવા હાલ મુલુંડ ગં. સ્વ. રસીલાબેન (ઉં. વ. ૮૮) તે સ્વ. કાંતાબેન કેશુરદાસ વોરાના પુત્ર. સ્વ. કનૈયાલાલના ધર્મપત્ની. કુ. રૂપા તથા સ્વ. જિજ્ઞાના માતુશ્રી. તે ભુવનેશના નાની. દોલતરાય, સ્વ. પ્રવિણભાઈ તથા અરૂણભાઈ, ગં. સ્વ. યશોમતી, ઉષાબેન, સ્વ. રંજનબેનના ભાભી. રાજુલાવાળા સ્વ. વનમાળીદાસ વિઠ્ઠલદાસ સંઘવી (મુલુંડ)ના પુત્રી તા. ૧૩-૧૧-૨૫ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૧૧-૨૫ને રવિવાર સાંજે ૫ થી ૭. ક્લબ હાઉસ, આસર મેપલ બ્રીચ, ઓફ બાલરાજેશ્વર, વૈશાલી નગર, મુલુંડ વેસ્ટ, મુંબઈ.

### હાલાઈ લોહાણા

ગામ બેડ હાલ નાલાસોપારા સ્વ. મણીબેન કરમસી રાજાના પુત્રવધૂ. જયોતિબેન રાજા (ઉં. વ.૬૯) તા. ૧૩/૧૧/૨૫ને ગરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રભુદાસ કરમસી રાજાના ધર્મપત્ની તથા મયુર, પિંકલ, દર્શનાના માતૃશ્રી તથા ભવ્યા, જીમીકુમાર, ગિરિશકુમારના સાસુ તથા સ્વ. શારદાબેન મોરારજી ગોકલદાસ સીમરીયાની પુત્રી. ધ્વનિ, હેમ તથા પ્રિશાના દાદીમાં.

### લુહાર સુતાર

ગામ જુનવદર, હાલ કાંદિવલી મંજુલાબેન ખોડિદાસભાઈ મકવાણા (ઉં. વ. ૭૭) તા.૧૩/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ખોડિદાસભાઈ કલ્યાણજીભાઇ મકવાણાના ધર્મપત્ની. તે ભરત, ભાવનાબેન કિશોરકુમાર હરસોરા, સ્વ. દિપીકાબેનના માતા. શિલ્પા અને કિશોરકુમારના સાસુ. તે જીવરાજભાઈ કાબાભાઈ સિદ્ધપુરાના દીકરી. તે જીતેન્દ્રભાઈ મહેન્દ્રભાઈના બેન. પ્રાર્થનાસભા તા. ૧૫/૧૧/૨૫ના શનિવારના સાંજે ૫ થી ૭. ઠે. લુહાર સુથાર વેલ્ફર સેંટર, કાર્ટર રોડ નંબર ૩, બોરીવલી ઈસ્ટ.

### કપોળ

જાફરાબાદવાળા હાલ મુલુંડ પ્રવીણચંદ્ર ધરમદાસ મહેતાના પત્ની અ. સૌ. મધુરીબેન (ઉં.વ. ૮૪) ગુરુવાર, ૧૩-૧૧-૨૫, શ્રીજીચરણ પામ્યા છે. તે જિતેન્દ્રભાઈ-નીલાબેન, નલીનભાઈ-વર્ષાબેન તથા ઉમાબેન અરવિંદરાય સંઘવીનાં ભાભી. દેલવાડાવાળા સ્વ. સુશીલાબેન મથુરાદાસ ખુશાલદાસ મહેતાના દીકરી. નરેન્દ્રભાઈ-મનીષાબેન, સતીશભાઈ-નલિનીબેન, પ્રકાશભાઈ-કોકિલાબેનનાં બહેન. સ્વ. મનોહરદાસ જગજીવનદાસ સાયરના ભાણેજ. અસ્મિ હિરેન મહેતા, તેજસ-શેફાલી, ગૌરાંગ, વિરલ-પૂજાના કાકી. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

### વીસા સોરઠિયા વણિક

શીલવાળા, હાલ બોરીવલી સ્વ. ડાહ્યાલાલ ઓધવજીના પત્ની શારદાબેન (ઉં. વ. ૯૨) ૧૩/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ધીરેન્દ્ર, સ્વ. મુકુંદ, સ્વ. કિરીટ, જયશ્રી અને સ્મિતાના મમ્મી તથા ભારતી, લલિતા, શિલ્પા, રશ્મિન અને સુનીલના સાસુ. સ્વ. પ્રભાબેન સ્વ. મગનલાલ દામોદર શાહના દીકરી. સ્વ. ગુલાબભાઈ, સ્વ. નવીનભાઈ, સ્વ. શાંતિભાઈ, સ્વ. જયંતીભાઈના બેન. જિજ્ઞેશ, નેહલ, અંજલિ, સાગર, રિતેશ અને કેવલના દાદી સ્મિતા સુનીલ શાહ, ૮૦૩, નટરાજ સોસાયટી, સોડાવાલા લેન, ક્રોમાની ઉપર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

### હાલાઈ લોહાણા

સ્વ. રસિકભાઈ કાનજીભાઇ લૂક્કા (ઉં. વ. ૭૪), હાલ નાલાસોપારા માળિયાહાટીનાવાળા. તા. ૧૪/૧૧/૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે અંજુબેનના પતિ. કેતન, પ્રીતિબેન, ગોપીબેન, જલ્પાબેનના પિતાશ્રી. તે જ્યોતિ, ચેતનકુમાર, ગૌરવકુમાર, કુણાલકુમારના સસરા. તે પ્રભુદાસ ગીરધરભાઇ મરાફના જમાઈ. તે ધ્યેય, ચેરીના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૫/૧૧/૨૫, શનિવાર સાંજે ૪ થી ૬. સ્થળઃ ગુરુકૃપા હોલ, ટિકિટ વિન્ડોની પાછળ, નાલાસોપારા.

### સોરઠિયા બ્રહ્મક્ષત્રિય

જેતપુર નિવાસી હાલ ભિવંડી સ્વ. જેઠાલાલ દુર્લભજી જગડના ધર્મપત્ની ગં. સ્વ. વસંતાબેન (ઉં.વ. ૯૨) તા. ૧૨-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અશોકભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, મુકેશભાઈ, મીના, સાધના, રેખાના માતુશ્રી. ત્રિકમજી કાનજી મર્થકના દિકરી. ફુલચંદ ટોપણ પડિયાના ભાણેજ. તે રસિલા, મૃદુલા, નીતા, નીલાના સાસુમા. તે સ્વ. અનિલ, જીતેન્દ્ર, દક્ષાના ભાભૂ. પ્રાર્થનાસભા તા. ૧૬-૧૧-૨૫, રવિવારના ૪ થી ૬. લૌકિક પ્રથા બંધ છે. સ્થળઃ અરેના ૨૪, ટર્ફ અમીધારા બિલ્ડીંગની સામે, અંજુરફાટા - કામતઘર રોડ, ભિવંડી, જિ. થાણે.

### દશા મોઢ અડાલજા વણિક

કિર્તીકુમાર નિલરત્ન પટોળાવાળા (ઉં.વ. ૭૮) તે કેતકીબેનના પતિ. શીતલ, સ્વ. વિરલના પિતાશ્રી. સંદીપ સોમૈયાના સસરા. આયુષના નાના. ભારતી જગદીશ દાદાવાળાના ભાઈ. કેતન જગદીશ દાદાવાળાના મામા ગુરુવાર, તા. ૧૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

કેકોબાદ જહાંગીર કકલીયા તે જાલુ કેકોબાદ કકલીયાના ખાવિંદ. તે મરહુમો દોલત તથા જહાંગીર કકલીયાના દીકરા. તે ઝુબીન કેકોબાદ કકલીયાના પપ્પા. તે ફરાહ ઝુબીન કકલીયાના સસરા. તે દારાયશ જહાંગીર કકલીયા તથા મરહુમ બહેરામના ભાઈ. તે એરવદ દાનેશ તથા ઓસ્તા ફરનાદ કકલીયાના બપાવા. (ઉં. વ. ૭૮) રે. ઠે. કરાઈ એસ્ટેટ, ૪-બી, ૨૪૮ તારદેવ, ગ્રાન્ટરોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૧૧-૨૦૨૫ને બપોરે ૩.૪૫ વાગે તારદેવ મધ્યે શેઠના અગિયારીમાં.

ડોલી કેરશી કોટવાલ તે ઓસ્તા કેરશી ફરામરોઝ કોટવાલના ધણીયાની. તે મરહુમો ઓસ્તી હિલ્લા તથા ઓસ્તા જાલ શાવકશા મહેતાના દીકરી. તે ઓસ્તી અનાહિતા કોટવાલ ને ઓસ્તા બરજીસ દસ્તુરના મમ્મી. તે ઓસ્તી ડેઝીના સાસુ. તે ઓસ્તી રોશન ને રૂબી તથા મરહુમો એરવદ દીન્યાર ને આબાનના બહેન. તે આરમીન, એરવદ, રયોમંદ, મહિયાર, અરઝાન, પરીનાઝના માસી. (ઉં. વ. ૮૧) રે. ઠે.: બિલ્ડિંગ નં. ૫, ફલેટ નં. ૧, ભોંયતળિયે, ગામડિયા કોલોની, આદિત્ય બીરલા સ્કૂલની સામે, તારદેવ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૧૫-૧૧-૨૦૨૫ને બપોરે ૩.૪૫ વાગે તારદેવ મધ્યે શેઠના અગિયારીમાં.

ખોરશેદ બાપુજી મસાની તે (નાગપુર)ના મરહુમો માણેકબાઈ તથા બાપુજી મસાનીના દીકરી. તે મરહુમો આલાં, હોમી, પાલનજી ને ફિરોઝના બહેન. તે મરહુમો નાજુ તથા હોમી મસાનીના નણંદ. તે પરવીનના ફૂઈ. તે ખુરશેદ ને પરવેઝ મસાનીના કઝીન. (ઉં. વ. ૯૯) રે. ઠે.: એ-૩૦૧, સંસ્કૃતિ પાર્ક, મહાકાલી કેવ્સ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે અંધેરી મધ્યે સાલસેટ અગિયારીમાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સીએસએમટી નજીક નધણિયાતી બેગ મળતાં ગભરાટ ફેલાયો



છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીક આવેલા બસસ્ટોપ પર શુક્રવારે નધણિયાતી બેગ મળી આવતાં ગભરાટ ફેલાયો હતો. શુક્રવારે બપોરે ૪.૪૫ વાગ્યે બસસ્ટોપ પર લાલ રંગની બેગ નજરે પડી હતી, જેને પગલે પોલીસને જાણ કરાઇ હતી. આથી બીડીડીએસ (બૉમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ) અને ડોગ સ્કવોડ સાથે પોલીસ અધિકારીઓ ત્વરિત ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. દરમિયાન બસસ્ટોપને ખાલી કરાવવામાં આવ્યા બાદ બેગની તલાશી લેવામાં આવી હતી, પણ તેમાં કોઇ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી. બેગમાંથી કપડાં મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું. (અમય ખરાડે)■

ટ્રાફિક જૅમની થશે ગંભીર સમસ્યા

# થાણે-બોરીવલી ટ્વિન ટનલના કામ માટે છ મહિના ટ્રાફિકમાં ફેરફાર

થાણેઃ થાણે - બોરીવલી દરમિયાન ટ્વિન ટનલનું બાંધકામ હાલ ઘોડબંદર વિસ્તારના મુલ્લાબાગ ખાતે ચાલી રહ્યું છે. અહીં સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન નીચે બોગદા (ટનલ)નું બાંધકામ ચાલી રહ્યું છે. આ નિમિત્તે કેટલીક કામગીરી પાર પાડવા વિવિધ વાહનોની હેરફેર અહીં થવાની છે. આ કામગીરી સરળતાથી ચાલુ રહે એ માટે થાણે ટ્રાફિક પોલીસે ટ્રાફિકના નિયમોમાં કેટલાક ફેરફાર કર્યા છે.

ટ્રાફિકના નિયમોમાં બદલાવ શુક્રવાર, ૧૪ નવેમ્બરથી અમલમાં આવ્યો છે અને ૧૧ મે, ૨૦૨૬ સુધી એ અમલમાં રહેશે. ઘોડબંદર રોડ પર કાપૂરબાવડી, માનપાડા, બ્રહ્માંડ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ટાળવા માટે અનેક વાહન ચાલકો મુલ્લા બાગ માર્ગે વાહનો ચલાવતા હોય છે. આ વિસ્તારના ટ્રાફિકના બદલાવની અસર વાહન ચાલકોને થવાની સંભાવના છે. થાણા, ભિવંડી તેમજ કલ્યાણના રહેવાસીઓએ બોરીવલી પહોંચવા ઘોડબંદર માર્ગનો ઉપયોગ કરવો પડે છે. જોકે આ

(જુઓ પાનું ૪) ▶▶

૪૫ મિનિટનું અંતર ફક્ત પાંચથી સાત મિનિટમાં

# થાણે-ભિવંડી વચ્ચે ૪૩૦ કરોડના ખર્ચે એમએમઆરડીએ બનાવશે છ લેનનો બ્રિજ

મુંબઈઃ થાણે અને ભિવંડી વચ્ચે પ્રતિદિન પ્રવાસ કરનારા વાહનચાલકોનો પ્રવાસ આગામી સમયમાં વધુ સુવિધાજનક અને ઝડપી બનવાનો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ઓથોરિટીએ થાણેના કોલશેટને ભિવંડીના કાલ્હેર સાથે જોડવા માટે વસઈ ખાડી પર છ લેનનો બ્રિજ બનાવવાની છે.

ત્રણ વર્ષમાં બાંધવામાં આવનારા આ બ્રિજ માટે ગુરુવારે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ લગભગ ૪૩૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનારા ૨.૨ કિલોમીટરના આ બ્રિજને કારણે બંને ઉપનગર વચ્ચેનો મુસાફરીનો સમય ૪૫ મિનિટથી ઘટીને માત્ર પાંચથી સાત મિનિટનો થઈ જશે. પાવરલુમ

(જુઓ પાનું ૪) ▶▶

# ૨૦૧૯થી મહારાષ્ટ્રમાં માર્ગ અકસ્માતમાં ૯૫,૭૨૨ લોકોએ જીવ ગુમાવ્યો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં જાન્યુઆરી ૨૦૧૯ થી સપ્ટેમ્બર ૨૦૨૫ વચ્ચે માર્ગ અકસ્માતોમાં ૯૫,૭૨૨ લોકોનાં મોત થયા હોવાની સત્તાવાર માહિતી છે. મહારાષ્ટ્રના પરિવહન વિભાગ તરફથી મળેલા આંકડા મુજબ ચાલુ વર્ષના જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં ૨૬,૯૨૨ માર્ગ અકસ્માત નોંધાયા હતા અને તેમાં ૧૧,૫૩૨ લોકોનાં મોત થયાં હતાં. ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન ૨૬,૭૧૯ અકસ્માત અને ૧૧,૫૭૩ લોકો મૃત્યુ પામ્યા હતા.

ગુરુવારે સાંજે પુણેમાં મુંબઈ-બેંગલુરુ હાઇવે પર એક કાર બે મોટા કન્ટેનર ટ્રક વચ્ચે કચડાઈ જતાં આઠ લોકોના મોત થયા હતા અને ૧૪ અન્ય ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં ત્રણેય વાહનોમાં ભીષણ આગ લાગી હતી.આ વર્ષના સપ્ટેમ્બર ૩૦ સુધીના છ વર્ષના સમયગાળામાં મહારાષ્ટ્રમાં ૨,૧૯,૦૩૯ માર્ગ અકસ્માત નોંધાયા હતા, જેમાં ૯૫,૭૨૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો, ૧,૨૯,૬૭૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને અન્ય ૫૩,૦૩૬ લોકોને સામાન્ય ઈજાઓ થઈ હતી. આ અકસ્માતો પાછળ બેફામ ડ્રાઇવિંગ, અપૂરતી તાલીમ અને ઓવરલોડેડ વાહનો જવાબદાર છે. છેલ્લા છ વર્ષમાં રાજ્યમાં અકસ્માતો અને મૃત્યુઆંકની સંખ્યા માત્ર ૨૦૨૦ માં જ ઘટી હતી. ત્યાર પછી માર્ગ અકસ્માત નિયંત્રિત કરવા માટે સત્તાવાળાઓના પ્રયત્નો છતાં આંકડા સતત વધ્યા છે. ■

બિહારમાં એનડીએનો વિજય

# કૉંગ્રેસ કરતા એઆઈએમઆઈએમ, ડાબેરીઓનું સારું પ્રદર્શનઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું હતું કે બિહારના લોકોએ કોંગ્રેસને એટલી કારમી હાર આપી છે કે એઆઈએમઆઈએમ અને ડાબેરી પક્ષોએ પણ તેનાથી આગળ નીકળી ગયા છે.

દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું હતું કે એનડીએને સમાજના તમામ વર્ગોના લોકો તરફથી મોટો જનાદેશ મળ્યો છે, જેમાં મહિલાઓ અને યુવાનોનો પણ સમાવેશ થાય છે.

'બિહાર (વડાપ્રધાન) મોદી પર વિશ્વાસ કરે છે અને અમિત શાહે ચૂંટણી પ્રચારને આકાર આપ્યો છે. મોદી બિહારીઓના મનમાં છે અને બિહારીઓ મોદીના મનમાં છે,' એમ તેમણે કહ્યું હતું, કારણ કે

(જુઓ પાનું ૪) ▶▶

# બિહારે 'જંગલરાજ'ને બદલે 'વિકાસરાજ' પસંદ કર્યુંઃ શિંદે

## અજિત પવારે એનડીએના વિજયને બિરદાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના એનડીએની પ્રચંડ જીતને બિરદાવતાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે કહ્યું હતું કે પૂર્વીય રાજ્યના લોકોએ 'વિકાસ રાજ'ને સ્વીકાર્યું છે અને 'જંગલ રાજ'ને નકારી કાઢ્યું છે. બીજા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ એનડીએના મોટા વિજયને બિરદાવતા કહ્યું કે બિહારે સુશાસન અને પ્રગતિશીલ ભવિષ્ય માટે મતદાન કર્યું છે.

શિંદે અને પવાર, જેમની શિવસેના અને એનસીપી મહારાષ્ટ્રમાં ભાજપના સાથી પક્ષ છે, તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને

(જુઓ પાનું ૪) ▶▶

પુણે દુર્ઘટના

# અકસ્માતગ્રસ્ત સ્થળનો કાયમી ઉકેલ લાવવા આજે બેઠક યોજાશે

પુણેઃ મુંબઈ - બેંગલુરુ હાઇવે પર પુણેના નવલે પુલ પર થયેલા અકસ્માતમાં આઠ લોકોનાં મૃત્યુ બાદ કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોળે શુક્રવારે સ્થળનું નિરીક્ષણ કરી આ જોખમી પટ્ટા પર વધુ દુર્ઘટના રોકવા માટે કાયમી ઉકેલની માગણી કરી હતી. વચગાળાના પગલા પર ચર્ચા કરવા અને તેની રચના કરવા માટે શનિવારે વિવિધ એજન્સીઓની બેઠક યોજવામાં આવશે એવી જાણકારી પણ તેમણે આપી હતી.

મુંબઈ - બેંગલુરુ હાઇવે પર અકસ્માતગ્રસ્ત પટ્ટા તરીકે કુખ્યાત નવલે બ્રિજ પર ગુરુવારે સાંજે બે મોટી કન્ટેનર ટ્રક વચ્ચે એક કાર કચડાઈ જતાં આઠ લોકોના મૃત્યુ થયા હતા અને અન્ય ૧૪ જણ ઈજાગ્રસ્ત થયા હતા.

પુણે લોકસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા મોહોળે મ્યુનિસિપલ કમિશનર નવલ કિશોર રામ, પોલીસ કમિશનર અમિતેશ કુમાર અને નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)ના વરિષ્ઠ અધિકારીઓ અને સ્થાનિક વિધાન સભ્ય ભીમરાવ તપકીરની હાજરીમાં અકસ્માત સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન અને સહકાર ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાને જણાવ્યું હતું કે એનએચએઆઈ, જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી), પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી), પુણે મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (પીએમઆરડીએ) અને ટ્રાફિક વિભાગ સહિત તમામ સહભાગી એજન્સીઓની બેઠક શનિવારે બોલાવવામાં આવશે. (પીટીઆઈ)■

આપણે શ્રવણકુમારને ભૂલી ગયા છીએ

# આજે પુત્ર માતા-પિતાને તીર્થયાત્રાના બદલે કોર્ટમાં ખેંચી લાવે છેઃ હાઇ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે તાજેતરની સમાજ વ્યવસ્થા પર ભારે અફસોસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આજના યુગમાં, ઉછેરમાં કશું ખોટું થઈ રહ્યું છે જ્યાં એક પુત્ર શ્રવણકુમારની જેમ વૃદ્ધ માતા-પિતાને તીર્થયાત્રાએ લઈ જવાને બદલે કોર્ટમાં ઘસડી જાય છે. માતાપિતાને ઘરમાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવાનો આદેશ માગનાર વ્યક્તિને રાહત આપવાનો ઇનકાર કર્યો.

જસ્ટિસ જીતેન્દ્ર જૈનની ખંડપીઠે ગુરુવારે પસાર કરેલા એક આદેશમાં, તે વ્યક્તિને કોઈ રાહત આપવાનો ઇનકાર કર્યો હતો જેણે તેના માતાપિતાને તેમની તબીબી સારવાર માટે મુંબઈની મુલાકાત લેતી વખતે ઉપનગર ગોરેગાંવમાં આવેલા તેના ઘરનો ઉપયોગ કરવાથી રોકવાનો આદેશ માગ્યો હતો. જાન્યુઆરી ૨૦૧૮માં મુંબઈની એક સિવિલ કોર્ટે તેના માતાપિતાને ઘરનો ઉપયોગ કરવાથી રોકવાનો આદેશ આપવાનો ઇનકાર કરી દેતાં આ વ્યક્તિએ મુંબઈ હાઈ કોર્ટમાં સિવિલ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો.

હાઈકોર્ટે આદેશમાં અવલોકન કર્યું હતું કે આ એક વધુ

(જુઓ પાનું ૪) ▶▶

# સીએસએમટી - કર્જત, કસારા વચ્ચે દોડશે ૧૫ કોચની લોકલ

મુંબઇઃ છેલ્લા કેટલાક વર્ષોમાં મધ્ય રેલવેમાં મુસાફરી કરનારા લોકોની સંખ્યામાં વધારો થયો હોવાથી ૧૨ ડબ્બાવાળી લોકલ ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. હાલમાં સીએસએમટી - ડોમ્બિવલી, કલ્યાણ વચ્ચે ૧૫ ડબ્બાવાળી લોકલ ટ્રેન દોડે છે. આવનારા સમયમાં સીએસએમટી - કર્જત, કસારા વચ્ચે પણ ૧૫ ડબ્બાવાળી લોકલ દોડે એવા સંકેતો છે. તે માટે પ્લેટફોર્મની લંબાઈ વધારવા અને પાયાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨૭ રેલવે સ્ટેશનોના વિસ્તૃતીકરણનું કામ પૂર્ણ કરવાનો મધ્ય રેલવેનો ઇરાદો છે.

મધ્ય રેલવેમાં મુસાફરોની સંખ્યામાં દરરોજ વધારો થઈ રહ્યો હોવાથી ૧૫ ડબ્બાની લોકલ ટ્રેનો શરૂ કરવાની માંગ વેગ પકડી રહી છે. કલ્યાણ કસારા, કલ્યાણ-ખોપોલી વચ્ચે પ્લેટફોર્મની લંબાઈ ઓછી હોવાને કારણે, ૧૫ કોચવાળી લોકલ ટ્રેન શરૂ કરવું શક્ય ન હતું. આથી હવે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ૩૪ સ્ટેશનોના વિસ્તરણનું કામ ચાલી રહ્યું છે. ૨૭ સ્ટેશનોના વિસ્તરણનું કામ ડિસેમ્બરના અંત સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. આનાથી તબક્કાવાર ૧૫ ડબ્બાની લોકલ ટ્રેનો શરૂ કરાશે. લોકલ ટ્રેનમાં ત્રણ કોચ ઉમેરવાથી વહન ક્ષમતામાં વધારો થશે. હાલમાં મધ્ય રેલ્વેમાં ૧,૮૧૦ લોકલ ટ્રેનો દોડે છે. માળખાગત સુવિધાઓના અભાવે, લોકલ ટ્રેનોની સંખ્યા વધારવી શક્ય નથી. તેથી પ્રથમ તબક્કામાં, કલ્યાણ - કર્જત, કસારા વચ્ચે માળખાગત સુવિધા વધારીને ૧૨ કોચની લોકલ ટ્રેનોને ૧૫ કોચની લોકલ ટ્રેનોમાં રૂપાંતરિત કરવામાં આવશે. ■

# અપહરણ કરાયેલી બાળકી પાંચ મહિના બાદ વારાણસીના અનાથાશ્રમમાંથી મળી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીકથી અપહરણ કરાયેલી ચાર વર્ષની બાળકીને પોલીસે પાંચ મહિના બાદ વારાણસીના અનાથાશ્રમમાંથી શોધી કાઢી હતી. બાળકીને ત્યાંથી પાછી લાવવામાં આવ્યા બાદ તેને તેના પરિવારજનોને સોંપવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સોલાપુરમાં રહેતી બાળકી તેના પરિવાર સાથે મુંબઇ આવી હતી અને સીએસએમટી નજીકથી ૨૦ મે, ૨૦૨૫ના રોજ તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. બાળકીની શોધ ચલાવવા છતાં તેનો કોઇ જ પત્તો ન લાગતાં પરિવારજનોએ એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે અપહરણનો ગુનો દાખલ કરાયો હતો. તપાસ દરમિયાન પોલીસે સ્ટેશન પરિસરના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં અંદાજે પચીસ વર્ષની વયનો યુવક બાળકીને લઇ જતો નજરે પડ્યો હતો. તે બાળકી સાથે દાદર જતી ટ્રેનમાં ચડ્યો હતો અને કુર્લા ઊતર્યા બાદ લોકમાન્ય ટિળક ટર્મિનસ પહોંચ્યો હતો, જ્યાંથી લાંબા અંતરની ટ્રેનો ઉપડે છે.

દરમિયાન બાળકીને ઉત્તર પ્રદેશ લઇ જવામાં આવી હોવાની શંકાને લઇ પોલીસની ટીમ વારાણસી જવા રવાના

(જુઓ પાનું ૪) ▶▶

# છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિનીએ ૧૯મા માળેથી લગાવી મોતની છલાંગ

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં પરીક્ષામાં ઓછા માર્કસ આવવાને કારણે હતાશ થયેલી છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિનીએ ઇમારતના ૧૯મા માળેથી ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર કલ્યાણ પશ્ચિમમાં ગુરુવારે આ ઘટના બની હતી. વિદ્યાર્થિની ૧૪ વર્ષની વયની હતી અને માતા, બહેન અને દાદી સાથે રહેતી હતી. નિયમિત અભ્યાસ કરવા છતાં પરીક્ષામાં સારા માર્કસ લાવી શકવાને કારણે તે હતાશ થઇ હતી. દિવાળી અગાઉ લેવાયેલી પરીક્ષામાં તેને ઓછા

(જુઓ પાનું ૪) ▶▶

# થાણેમાં બિલ્ડિંગના મીટર બોક્સમાં આગ

થાણેઃ થાણે પશ્ચિમમાં સાવરકર નગરમાં આવેલી એક રહેણાંક બિલ્ડિંગના મીટર બોક્સમાં વહેલી સવારના આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ સાવરકર નગરમાં મ્હાડા કોલોનીમાં સુદર્શન સોસાયટી આવેલી છે. ગુરુવારે વહેલી સવારના ૯.૫૮ વાગે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા મીટર બોક્સમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આગમાં સોસાયટીના ૧૦ મીટર બળીને ખાખ થઈ ગયા હતા.



મોઢું મીઠું કરાવ્યુંઃ બિહારમાં એનડીએની થયેલી જીતની ઉજવણી મુંબઈની ભાજપની ઓફિસમાં પણ કરાઈ હતી. લાડુ-જલેબી ખવડાવીને કાર્યકરોએ લોકોનું મોઢું મીઠું કરાવ્યું હતું. (અમય ખરાડે)

# ભારતભરમાં કોંગ્રેસને નકારી કાઢવામાં આવી રહી છેઃ મહારાષ્ટ્ર ભાજપના વડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બિહાર વિધાનસભા ચૂંટણીમાં શાસક એનડીએને મોટી જીત મળી એના પર બોલતાં મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે શુક્રવારે કહ્યું હતું કે હિન્દી પટ્ટાવાળા રાજ્યમાં વિપક્ષી ગઠબંધન અને કોંગ્રેસને દેશભરમાં નકારી કાઢવામાં આવી રહી છે.

તેમણે નોંધ્યું હતું કે બિહાર મૂળભૂત રીતે 'જંગલ રાજ'ના સંભવિત પુનરાગમન સામેની સ્પર્ધા હતી, તેમણે ૧૯૯૦ના દાયકામાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન લાલુ પ્રસાદ યાદવના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ની આગેવાની હેઠળની સરકાર હેઠળની અરાજકતાનો ઉલ્લેખ કર્યો, જેમના પુત્ર તેજસ્વી યાદવ વર્તમાન ચૂંટણીમાં વિપક્ષી જૂથનો મુખ્ય પ્રધાનનો ચહેરો હતા. આરજેડી બિહારમાં મહાગઠબંધનનું નેતૃત્વ કરે છે.

બિહારમાં મતગણતરીના વલણો પર પ્રતિક્રિયા આપતા ચવ્હાણે મુંબઈમાં રાજ્ય ભાજપ મુખ્યાલયમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'કોઈએ સમજવાની જરૂર છે કે કોંગ્રેસ પાર્ટીને દેશભરમાં નકારી કાઢવામાં આવી રહી છે.'

'મત ચોરી'ના કોંગ્રેસના આરોપોનો જવાબ આપતા, ચવ્હાણે ભારપૂર્વક જણાવ્યું કે આ ફક્ત પ્રયાસો હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન ફેક નેરેટિવ ચલાવો. મત ચોરીના આરોપો બાદ ચૂંટણી પંચ દ્વારા વ્યાપક તપાસ હાથ ધર્યા બાદ અનેક મુદ્દાઓ સ્પષ્ટ કરવામાં આવ્યા હતા, (કોંગ્રેસ સાંસદ) રાહુલ ગાંધીએ જે રીતે વિષયો રજૂ કરવાનો પ્રયાસ કર્યો, તેનાથી લોકોએ સાબિત કર્યું છે કે તેઓ ખરેખર કેટલા તુચ્છ છે,'' એમ પણ તેમણે જણાવ્યું હતું.

ચવ્હાણે વધુમાં દાવો કર્યો કે બિહારના પરિણામોએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે મુંબઈમાં શું થશે, જ્યાં જાન્યુઆરીના અંત પહેલા મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજાવાની છે.

તેમણે કહ્યું કે મોદી સરકારે મેટ્રો રેલ અને કોસ્ટલ રોડ જેવા માળખાગત પ્રોજેક્ટ્સ માટે નોંધપાત્ર નાણાકીય સહાય આપી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે મહાનગર મહાયુતિને મત આપશે, જેમાં ભાજપ, શિવસેના અને એનસીપીનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા આશિષ શેલારે જણાવ્યું હતું કે બિહારના મતદારોએ વોટ ચેડાં, ઇવીએમ હેરાફેરી અને બોગસ મતદારોના આરોપોને નકારી કાઢ્યા છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં, શેલારે આશા વ્યક્ત કરી હતી કે મહારાષ્ટ્ર અને મુંબઈના મતદારો આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં પણ આવો જ ચુકાદો આપશે. ભાજપના નેતાએ એનડીએને નિર્ણાયક જનાદેશ આપવા બદલ બિહારના લોકોનો આભાર માન્યો હતો અને પાર્ટીના નેતાઓ, પદાધિકારીઓ, કાર્યકરો અને સ્વયંસેવકોને તેમના પ્રયાસો બદલ અભિનંદન આપ્યા હતા.

# વાયુ પ્રદૂષણ ફેલાવનારી કન્સ્ટ્રકશન સાઈટ પર હવે ચાંપતી નજર

## પાલિકાની સ્પેશિયલ સ્કવોડ સક્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈના તમામ જગ્યાએ આવેલી કન્સ્ટ્રકશન સાઈટ પર દૈનિક સ્તરે ઈન્સ્પેકશન કરવા માટે સ્પેશિયલ સ્કવોડને ફરી સક્રિય કરી રહી છે.

જોકે આ વખતે દરેક વોર્ડમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગના એક અધિકારી સ્કવોડ સાથે રહેશે.

દરેક ટુકડીમાં હવે બે વોર્ડ એન્જિનિયર, આસિસ્ટન્ટ એન્જિનિયર (બિલ્ડિંગ એન્ડ ફેકટરી) ક્લાઈમેટ ચેન્જ વિભાગના એક અધિકારી અને એક પોલીસ અધિકારીનો સમાવેશ થશે.

મુંબઈમાં ચોમાસા પછીની હવાની ગુણવત્તા કથળી ગઈ છે. શુક્રવારે સાંજે કન્સ્ટ્રકશન પ્રવૃતિ અને ભારે ટ્રાફિકને કારણે મુંબઈનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૬૮ નોંધાયો

(જુઓ પાનું ૪) ▶▶

# બિહાર ચૂંટણીના પરિણામો આઘાતજનક નથી, તે 'મહારાષ્ટ્ર પેટર્ન' જેવું છેઃ રાઉત

મુંબઈઃ બિહારમાં એનડીએ માટે મોટી જીત સૂચવતા વલણો સાથે, શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે દાવો કર્યો કે વિધાનસભા ચૂંટણીના પરિણામો આઘાતજનક નથી કારણ કે ચૂંટણી પંચ અને ભાજપે તેમના 'રાષ્ટ્રીય એજન્ડા' ને અમલમાં મૂકવા માટે સાથે મળીને કામ કર્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે બિહાર ચૂંટણીના પરિણામો ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના 'પેટર્ન'ને અનુસરે છે, જેમાં ભાજપ, શિવસેના અને એનસીપીના શાસક મહાયુતિ ગઠબંધને પ્રચંડ વિજય નોંધાવ્યો હતો.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં, રાઉતે દાવો કર્યો હતો કે પરિણામો 'મહારાષ્ટ્ર પેટર્ન'ને અનુસરે છે, જે ૨૦૨૪ના ચૂંટણી પરિણામોનો સંદર્ભ છે જ્યાં વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ)નો સફાયો થઈ ગયો હતો. 'બિહાર વિધાનસભા ચૂંટણી પરિણામોથી ચોંકવાની જરૂર નથી. ચૂંટણી પંચ અને ભાજપ દ્વારા હાથ જોડીને હાથ ધરવામાં આવેલા રાષ્ટ્રીય એજન્ડાને જોતાં, આનાથી અલગ પરિણામ શક્ય નહોતું. આ બિલકુલ મહારાષ્ટ્ર પેટર્ન જેવું છે,' એમ તેમણે કહ્યું હતું.

રાઉતે વધુમાં આરોપ લગાવ્યો કે જે ગઠબંધન સત્તામાં આવવાની અપેક્ષા હતી તે 'પચાસ બેઠકોથી નીચે ધકેલાઈ ગયું છે,' એમ તેમણે કહ્યું હતું.

# વૈભવની વિસ્ફોટક બૅટિંગઃ ૧૫ છગ્ગા અને ૧૧ ચોક્કા સાથે માત્ર ૪૨ બૉલમાં કર્યા ૧૪૪ રન

## યુએઇ સામે ભારતનો ૧૪૮ રનથી વિજયઃ રવિવારે પાકિસ્તાન સામે મુકાબલો



દોહાઃ અહીં એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ નામની ટૂર્નામેન્ટમાં ઇન્ડિયા-એ ટીમે પહેલા જ દિવસે યુએઇને ૧૪૮ રનના વિક્રમી માર્જિનથી હરાવ્યું હતું અને ૧૪ વર્ષનો લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી (૧૪૪ રન, ૪૨ બૉલ, ૧૫ સિક્સર, ૧૧ ફોર) આ જીતનો સુપરસ્ટાર હતો. તેણે આ વિસ્ફોટક ઇનિંગ્સમાં ફક્ત ૩૨ બૉલમાં ૧૦૦ રન કરીને ભારતીયોમાં ટી-૨૦ ફૉર્મેટની રેકૉર્ડ-બુકમાં સેકન્ડ-ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન તરીકેનું નામ અંકિત કરાવ્યું હતું. ભારતીયોમાં ટી-૨૦ની ફાસ્ટેસ્ટ સદીનો વિક્રમ સંયુક્ત રીતે વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા (૨૮ બૉલ) અને ઉર્વિલ પટેલ (૨૮ બૉલ)ના નામે છે.

### ૧૪૪માંથી ૧૩૪ રન છગ્ગા-ચોક્કામાં

વૈભવે દોહાના મેદાન પર છગ્ગા-ચોક્કાનો વરસાદ વરસાવ્યો હતો. તેણે ૧૪૪માંથી ૧૩૪ રન ૧૫ છગ્ગા અને ૧૧ ચોક્કાની મદદથી બનાવ્યા હતા. તેણે ૩૨ બૉલમાં ૧૦૦ રન પૂરા કરીને રિષભ પંતની બરાબરી કરી હતી.

વૈભવે ૧૭ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી અને તે ૧૦૦ રન પૂરા કર્યા પછી પણ ધીમો નહોતો પડ્યો અને ફટકાબાજી ચાલુ જ રાખી હતી. તેને નમન ધીર (૩૪ રન)નો બહુ સારો સાથ મળ્યો હતો. તેમની વચ્ચે બીજી વિકેટ માટે ૧૬૩ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર પછી કૅપ્ટન જિતેશ શર્મા (૮૩ અણનમ, ૩૨ બૉલ, છ સિક્સર, આઠ ફોર) સાથે પણ વૈભવની ભાગીદારી થઈ હતી. નેહલ વઢેરા (૧૪ રન)નું ઓછું યોગદાન હતું.

### ઇન્ડિયા-એના ૪/૨૯૭

ઇન્ડિયા-એ ટીમે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૯૭ રન કર્યા હતા. યુએઇની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૯ રન કરી શકી હતી. ગુર્જપનીત સિંહે સૌથી વધુ ત્રણ વિકેટ અને હર્ષ દુબેએ બે વિકેટ લીધી હતી.

હવે ભારતનો રવિવારે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) દોહામાં પાકિસ્તાન શાહીન્સ નામની ટીમ સામે મુકાબલો છે. ઇરફાન ખાન પાકિસ્તાનનો કૅપ્ટન છે અને ટીમમાં યાસિર ખાન તથા ઉબૈદ ખાન ઉપરાંત બીજા ઓછા જાણીતા ખેલાડીઓ છે. ■



# ભારતની પ્લેઇંગ-ઇલેવનમાં ચાર સ્પિનર, પણ ચમકી ગયો બુમરાહ

## ભાગવત ચંદ્રશેખરની બરાબરી કરીઃ સાઉથ આફ્રિકાના ૧૫૯ રન સામે ભારત ૧/૩૭

કોલકાતાઃ વન-ડે અને ટી-૨૦ના નંબર-વન ભારતે અહીં ગઈ કાલે ઈડન ગાર્ડન્સમાં ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાને સિરીઝની પહેલી ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી)ના પ્રારંભિક દિવસે નમાવ્યું હતું અને એમાં સૌથી મોટી ભૂમિકા ટેસ્ટના વર્લ્ડ નંબર-વન જસપ્રીત બુમરાહ (૧૪-૫-૨૭-૫)ની હતી જેણે ૧૬મી વખત દાવમાં પાંચ વિકેટની સિદ્ધિ મેળવીને મહાન સ્પિનર ભાગવત ચંદ્રશેખરની બરાબરી કરી હતી. ખરેખર તો બુમરાહ ભારતીય ટીમના ચારેય સ્પિનર (કુલદીપ યાદવ, અક્ષર પટેલ, રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર) કરતાં વધુ સફળ રહ્યો હતો. પહેલા દિવસની રમતના અંતે ભારતનો પ્રથમ દાવનો સ્કોર એક વિકેટે ૩૭ રન હતો. ભારતે આ ૩૭ રન ૨૦ ઓવરમાં ૧.૮૫ના રનરેટ સાથે કર્યા હતા અને બૅડલાઇટને કારણે રમત થોડી વહેલી સમેટી લેવામાં આવી હતી.

ઓપનર કે. એલ. રાહુલ ૧૩ રને અને વનડાઉન પ્લેયર વૉશિંગ્ટન સુંદર છ રને રમી રહ્યા હતા. ઓપનર યશસ્વી જયસ્વાલ ૨૬ બૉલમાં ત્રણ ફોરની મદદથી ૧૨ રન કરીને ૨૭મા બૉલ પર આઉટ થઈ ગયો હતો. સાઉથ આફ્રિકાથી ભારત માત્ર ૧૨૨ રન પાછળ હતું.

### ૦/૫૭ બાદ ૧૦૨ રનમાં પડી ૧૦ વિકેટ

એ પહેલાં, ૩૨,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં સાઉથ આફ્રિકાની ટીમ બૅટિંગ લીધા બાદ માત્ર ૧૫૯ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. એક તબક્કે પ્રવાસી ટીમનો સ્કોર ૦/૫૭ હતો, પરંતુ



કુલદીપ યાદવ,

પછીની ૪૫ ઓવરમાં ૧૦૨ રનમાં તેમણે તમામ ૧૦ વિકેટ ગુમાવી હતી. બુમરાહે સાઉથ આફ્રિકાની ઇનિંગ્સમાં શરૂઆતથી છેક સુધી બૅટ્સમેનો પર કાબૂ જાળવ્યો હતો અને જગવિખ્યાત વિચિત્ર બોલિંગ-ઍક્શનથી સીમ, સ્વિંગ તથા પેસના પાવરથી તેમને વારંવાર મુશ્કેલીમાં મૂકી દીધા હતા. બુમરાહે જે પાંચ વિકેટ લીધી એમાં ઓપનર એઇડન માર્કરમ (૩૧ રન), ઓપનર રાયન રિકલ્ટન (૨૩ રન), ટૉની ડિ ઝૉર્ઝી (૨૪ રન), સાઇમન હાર્મર (પાંચ રન) અને કેશવ મહારાજ (૦)નો સમાવેશ હતો. બુમરાહે બે બૅટ્સમેનને ક્લીન બોલ્ડ કર્યા હતા, બે પ્લેયરને એલબીડબ્લ્યૂ કર્યા હતા અને એક ખેલાડીને કૅચઆઉટ કરાવ્યો હતો.

### કુલદીપની ૩૬ રનમાં બે વિકેટ

ઈડનની પિચ પર સવારથી બૉલ નીચા રહેતા હતા, પરંતુ ‘ બૂમ બૂમ બુમરાહે’ લાઇન અને લેન્ગ્થ સતત જાળવીને પાંચ વિકેટની અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી. સ્પિનરોને આ પિચમાં પહેલા દિવસે ખાસ કંઈ મદદ નહોતી મળી એમ છતાં પથ્થરમાંથી પાણી કાઢવા જેવી કાબેલિયત ધરાવતા લેફ્ટ-આર્મ ચાઇનામૅન કુલદીપ યાદવે સારા ટર્ન મેળવ્યા હતા અને સતતપણે આક્રમણ જાળવી રાખીને કુલ ૩૬ રનના ખર્ચે વનડાઉન બૅટ્સમૅન વિઆન મુલ્ડર (૨૪ રન) અને કૅપ્ટન ટેમ્બા બવુમા (ત્રણ રન)ની મહત્ત્વપૂર્ણ વિકેટ લીધી હતી.



કે. એલ. રાહુલે સાથી ઓપનર યશસ્વી સાથે ૪૪ બૉલમાં ૧૮ રનની અતૂટ ભાગીદારી કર્યા બાદ વૉશિંગ્ટન સુંદર સાથે ૮૦ બૉલમાં ૧૯ રનની અતૂટ ભાગીદારી કરી હતી. (પીટીઆઇ)

### સ્ટબ્સની લડત, સૌથી વધુ સમય ક્રીઝ પર રહ્યો

છઠ્ઠા નંબર પર રમવા આવેલા ટ્રિસ્ટેન સ્ટબ્સે ટીમમાં સૌથી વધુ ૧૧૬ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૭૪ બૉલમાં ૧૫ રન કર્યા હતા અને અણનમ રહ્યો હતો. તેની અને કાઇલ વેરાઇન (૧૬ રન) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૭૦ બૉલમાં ૨૬ રનની ભાગીદારી થઈ હતી.

### સિરાજની ચાર બૉલમાં બે વિકેટ, રબાડા ટીમમાં નથી

મોહમ્મદ સિરાજે એક તબક્કે સાઉથ આફ્રિકાની ૪૫મી અને પોતાની ૧૦મી ઓવરમાં ચાર બૉલમાં વેરાઇન (૧૬ રન) અને યેનસેન (૦)ની વિકેટ લીધી હતી. અક્ષર પટેલને એક વિકેટ મળી હતી, પણ આઠ ઓવર બોલિંગ કરનાર રવીન્દ્ર જાડેજાને અને એક ઓવર કરનાર વૉશિંગ્ટનને વિકેટ નહોતી મળી. સાઉથ આફ્રિકાનો ફાસ્ટ બોલર રબાડા ઈજાને કારણે આ મૅચમાં નથી રમ્યો. ભારતના ટીમ-મૅનેજમેન્ટે સાઇ સુદર્શનને ટીમની બહાર રાખીને વનડાઉનના સ્થાને વૉશિંગ્ટનને રમાડ્યો છે. ■

# રોનાલ્ડોને બાવીસ વર્ષમાં પહેલી વાર બતાવાયું રેડ કાર્ડ, વર્લ્ડ કપની પહેલી મૅચ ગુમાવશે?

ડબ્લિનઃ એક-બે વર્ષમાં નિવૃત્તિ લેવાની જાહેરાત કરી ચૂકેલા પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને બાવીસ વર્ષની કારકિર્દીમાં પહેલી વાર પોર્ટુગલની મૅચમાંથી નીકળી જવાનો આદેશ અપાયો. બીજી રીતે કહીએ તો તેને મૅચ રેફરીએ રેડ કાર્ડ બતાવ્યું એને કારણે તે આવતા વર્ષે ફિફા વર્લ્ડ કપમાં પોર્ટુગલની પહેલી મૅચમાં કદાચ નહીં રમી શકે.

૪૦ વર્ષીય રોનાલ્ડોએ ગુરુવારે રાત્રે ડબ્લિનમાં વર્લ્ડ કપની ક્વૉલિફાઇંગ મૅચ દરમ્યાન આયરલૅન્ડના ડિફેન્ડર ડારા ઑશાયને કોણી મારી હતી જેને પગલે રેફરીએ રોનાલ્ડોને રેડ કાર્ડ બતાવ્યું હતું. તે પોર્ટુગલ વતી ૨૨૫ મૅચ રમ્યો છે અને એમાં પહેલી વાર તેને રેડ કાર્ડ બતાવવામાં આવ્યું છે. જોકે બાવીસ વર્ષમાં પોર્ટુગલ સિવાયની સિનિયર



કરીઅર સ્તરની મૅચોમાં અને પ્રોફેશનલ ફૂટબૉલમાં રોનાલ્ડોને કુલ ૧૨ વખત રેડ કાર્ડ બતાવવામાં આવ્યા છે.

રોનાલ્ડોએ મૅચ દરમ્યાન એક તબક્કે ડારાને પીઠમાં જમણી કોણી ફટકારી દીધી હતી. રેફરીએ તેને મેદાનની બહાર જતા રહેવા કહ્યું ત્યારે સ્ટેડિયમમાં બેઠેલા અસંખ્ય પ્રેક્ષકોએ રોનાલ્ડોને હુરિયો બોલાવ્યો હતો. રોનાલ્ડો ત્યારે થોડી ક્ષણ માટે ઊભો રહ્યો હતો અને પ્રેક્ષકો સામે જોઈને તાળી પાડીને તેમ જ બન્ને હાથે થમ્બ્સ-અપનો કટાક્ષમાં સંકેત આપીને ગયો હતો. અધૂરામાં પૂરું, પોર્ટુગલ આ મૅચ ૦-૨થી હારી ગયું હતું.

### રોનાલ્ડો કેમ વર્લ્ડ કપની મૅચ ગુમાવી શકે

રોનાલ્ડો હવે રવિવારે આર્મેનિયા સામેની વર્લ્ડ કપ ક્વૉલિફાઇંગ મૅચમાં તો નહીં જ રમી શકે, ફિફાના નિયમ મુજબ જો તેના પર કુલ બે મૅચનો પ્રતિબંધ મૂકવામાં આવશે તો તે આવતા વર્ષે પોર્ટુગલ વતી ફિફા વર્લ્ડ કપની પહેલી મૅચમાં પણ ભાગ નહીં લઈ શકે. ફિફાનો નિયમ એવો છે કે જો કોઈ ખેલાડીનો કસૂર ગંભીર હોય તો તેના પર બે મૅચનો પ્રતિબંધ મૂકવામાં આવે છે અને પ્લેયરનો (હરીફને કોણી મારવા સહિતનો) કસૂર જો હિંસક હોય તો તે પછીની કુલ ત્રણ મૅચમાં ન રમી શકે. ■

# લખનઊને હૈદરાબાદ પાસેથી મળી રહ્યો છે શમી

હૈદરાબાદઃ એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટના અહેવાલ મુજબ સનરાઇઝર્સ હૈદરાબાદે ચર્ચાસ્પદ પેસ બોલર મોહમ્મદ શમી લખનઊ સુપર જાયન્ટ્સને આપી દેવાનું નક્કી કર્યું છે. હૈદરાબાદે શમીને ૨૦૨૫ની હરાજીમાં ૧૦ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો એટલે લખનઊ હવે હૈદરાબાદના ફ્રેન્ચાઇઝીને કૅશ-ડીલમાં ૧૦ કરોડ રૂપિયા આપીને શમી મેળવી લેશે. આ સોદો શમીની મંજૂરીથી થયો છે અને જો ટ્રાન્સફર ફી પણ અપાશે તો એનો અમુક હિસ્સો પણ શમીને મળતાં તેની વાર્ષિક કમાણી વધી જશે. ■

# અંકિતાએ તીરંદાજીમાં ઑલિમ્પિક મેડલ વિજેતાને હરાવી

ઢાકાઃ ઢાકામાં ભારતની અંકિતા ભકત નામની તીરંદાજે એશિયન આર્ચરી ચૅમ્પિયનશિપ્સમાં પૅરિસ ઑલિમ્પિક્સની સિલ્વર-મેડલિસ્ટ નૅમ સુહયૉનને ૭-૩થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. અંકિતાની કરીઅરમાં આ સૌથી મોટી સફળતા છે. અંકિતાનો રિકર્વ સ્પર્ધામાં આ વિજય થયો હતો. તેણે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. મહિલાઓની બ્રૉન્ઝ મેડલ માટેની રિકર્વ સ્પર્ધામાં ભારતની બે ખેલાડી વચ્ચે મુકાબલો થયો હતો. એમાં સંગીતાએ ભારતની જ ઑલિમ્પિક્સ તીરંદાજ દીપિકા કુમારીને ૬-૫થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીતી લીધો હતો. ■

---

ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નોંક | ઓવારવું |
| નોંધારું | ખેંચાખેંચી |
| નોકઝોક | અણી |
| નોખું | એકલવાયું |
| નોછાવર | જુદું |

## ઓળખાણ પડી?



ટીમમાં ન હોવા છતાં ઈજાગ્રસ્ત ખેલાડીના સ્થાને આવી વિમેન્સ વર્લ્ડ કપ ફાઈનલમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મેળવનારી ખેલાડીની ઓળખાણ પડી?

અ) યસ્તીકા ભાટિયા બ) શેફાલી વર્મા ક) દીપ્તિ શર્મા ડ) પ્રતીકા રાવલ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વા | ૨ ડો | ■ | ૩ માં | ૪ ડ | ૪-અ વી | ■ | ૫ અ | ડા | ળી |
| ૬ મ | ર | ચાં | ■ | ૭ બી | લા | ૮ વ | લ | ■ | ■ |
| ■ | કી | ■ | ૯ ન | ■ | ■ | ૧૦ શ | ગ | ■ | ૧૧ ઠા |
| ૧૨ ચા | પ | ■ | ૧૩ ક | ૧૪ લે | જું | ■ | ૧૫ અ | હ | મ |
| ૧૬ ચ | ર | ૧૭ ક | લ | ડી | ■ | ૧૮ તા | લ | ■ | ■ |
| ર | ■ | ૧૯ મા | ચી | સ | ■ | ■ | ગ | ■ | ૨૦ હી |
| ૨૧ ચો | ૨૨ ગા | ન | ■ | ■ | ૨૩ વા | ૨૪ સ | ■ | ૨૫ સૂ | ર |
| ૨૬ ક | મ | ■ | ૨૭ વા | ૨૮ ર | ત | હે | વા | ર | ■ |
| ■ | ૨૯ ડિ | ઝા | ઇ | ન | ■ | લા | ■ | ૩૦ વા | ૩૧ દ |
| ૩૨ પા | ચો | ■ | ડો | ■ | ૩૩ કા | ણી | ■ | ૩૪ લ | ક્ષ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૫ |
| | ■ | | ■ | | ■ | | ■ | ૬ | |
| | ■ | ૭ | ૮ | ■ | ૯ | | ૧૦ | ■ | |
| ■ | ૧૧ | | | ■ | | ■ | | | |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | |
| ૧૬ | | ■ | ૧૭ | | | ૧૮ | ■ | | ■ |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ | ૨૧ |
| ૨૨ | | ■ | | ■ | ■ | | ■ | ૨૩ | |
| ■ | ■ | ૨૪ | | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | | |
| ૨૮ | | | ■ | ૨૯ | | | | ■ | |

### આડી ચાવી

૧. ઈચ્છા, આકાંક્ષા (૩)
૩. પ્યાસા (૪)
૬. શાબાશ, ધન્યવાદ (૨)
૭. એક મોટો સમયગાળો (૨)
૯. વાહ, સુંદર (૩)
૧૧. ભાષણ, બયાન (૩)
૧૨. ગરબાને છેડે આવે (૨)
૧૩. પરાજય (૨)
૧૪. સહનશીલતા (૩)
૧૬. --- સુકું ખાવાનું ગળે ના ઉતરે (૨)
૧૭. --- લેવી દેવી (૪)
૧૯. કોણ --- ને પૂછે છે, કોણ બૂરાને પૂછે છે (૨)
૨૦. રૂઆબ, ડર (૩)
૨૨. પત્તાંની જોડ (૨)
૨૩. વિઘ્ન ઊભું કરે (૨)
૨૪. એક ફળ, આપણે સ્કૂલમાં ખાતા હતા (૪)
૨૭. --- પ્રતિબંધ હિંદુઓની માગ છે (૩)
૨૮. આગ (૩)
૨૯. જીવન (૪)

### ઊભી ચાવી

૧. તીવ્ર ઈચ્છા, અભિલાષા (૩)
૨. ઘણીવાર પાણી --- આવે (૪)
૩. સંતોષ (૨)
૪. ઝાકળ (૩)
૫. મોટાઈ મેળવવાની ઈચ્છા (૫)
૮. ગાય પાસેથી મળતો પદાર્થ (૨)
૯. ધ્યાનભંગ થવો (૫)
૧૦. ગીધરાજ જટાયુનો ભાઈ (૩)
૧૧. ઝુરું, અકળાઉં, મૂંઝાઉં (૩)
૧૨. તૃષ્ણા (૪)
૧૩. સામાન (૨)
૧૫. તલ (૨)
૧૭. ભૂલ---માં ભૂલા પડી જવાય (૪)
૧૮. મજબૂત, રૂઆબદાર (૩)
૨૧. તંદુરસ્ત (૪)
૨૩. દસ પહેલાં આવે (૨)
૨૪. એક ચોઘડિયું (૨)
૨૫. વજન, ભાર (૨)
૨૬. બેટ્સમેનને લેવો હોય (૨)
૨૭. શ્વેતવર્ણી, ધવલરંગી (૨)

## ગુજરાત મોરી મોરી રે

અસરાનીને કોમેડી કેરેક્ટરમાં ચમકાવતી ‘આજ કી તાજા ખબર’ ફિલ્મ કયા ગુજરાતી નાટક પર આધારિત હતી એ ખબર છે?

અ) રાહુ કેતુ બ) ચકડોળ
ક) એકલવ્ય ડ) મોગરાના સાપ

## જાણવા જેવું

ગંધ એટલે ઇંદ્રિય વડે ગ્રહણ કરાતો ગુણ,સોડમ. તેના દસ પ્રકાર છેઃ ઇષ્ટ કસ્તુરીમાં, અનિષ્ટ વિષ્ટામાં, મધુર ફૂલમાં, ખાટો આમલીમાં, કડવો મરચામાં, નિર્હારી હિંગમાં, સંહત એટલે મિશ્રિત જુદા જુદા કલ્કમાં, રૂક્ષ સરસવના તેલમાં, સ્નિગ્ધ તાજા ગરમ કરેલા ઘીમાં અને વિશદ ચોખામાં. ન્યાયમત પ્રમાણે ગંધ ચોવીસ ગુણો માંહેનો એક છે.

## સુડોકુ-૯૧૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૭ | | |
| ૪ | ૩ | | | ૫ | ૧ | | | |
| ૮ | | | ૪ | ૭ | | | | ૯ |
| | ૫ | | | | ૪ | | | ૭ |
| ૬ | | | | | | | | ૮ |
| ૩ | | | ૮ | | | | ૪ | |
| ૭ | | | | ૮ | ૨ | | | ૧ |
| | | | ૧ | ૩ | | | ૯ | ૬ |
| | | ૧ | | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૧૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૫ | ૯ | ૨ | ૪ | ૩ | ૮ | ૧ |
| ૩ | ૮ | ૪ | ૧ | ૭ | ૫ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૨ | ૧ | ૩ | ૮ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૪ | ૧ | ૭ | ૮ | ૫ | ૨ | ૬ | ૩ | ૯ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૫ |
| ૫ | ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ | ૨ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૨ | ૩ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

ગુજરાતીઓના શાકમાં બટેટા અનોખું સ્થાન ધરાવે છે. વિશ્વનો કયો દેશ એના ઉત્પાદનમાં બીજા નંબરે છે એ જણાવો.

અ)મલેશિયા
બ) ઈજિપ્ત
ક) ભારત
ડ) થાઈલેન્ડ

## નોંધી રાખો

સ્મરણથી મોટી કોઈ સંજીવની નથી. સ્મૃતિલોક એવો ઓરડો છે, જેમાં વિગત તમામ બાબતો જીવનભર યથાવત્ રહી શકે છે.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૮, ૪૬, ૮૨, ૧૫૪, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૫૪ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૯૬ બ) ૨૪૨
ક) ૨૭૪ ડ) ૨૯૮

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નીંગળવું | ટપકવું |
| નીંઝણ | સુસ્ત |
| નીંદર | ઊંઘ |
| નિરંતર | સતત |
| નિર્બળ | અશક્ત |

ગુજરાત મોરી મોરી રે
પત્તાની જોડ

ઓળખાણ પડી
ઝુબીન ગર્ગ

માઈન્ડ ગેમ
૧૪૭

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
બ્રાઝીલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નિતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દેસાઈ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી

# વીક એન્ડ

## સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@bombaysamachar.com

# બોપન્નાની નિવૃત્તિઃ ભારતીય ટેનિસના સુવર્ણ યુગનો અંત

**૪૪ વર્ષની સૌથી મોટી ઉંમરે ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાનો વિશ્વવિક્રમ રચવા ઉપરાંત વર્લ્ડ નંબર-વન પણ બન્યો. પાકિસ્તાની ખેલાડી સાથેની જોડી માટે વિશ્વભરમાં ફેમસ પણ થયો.**

ટેનિસમાં ગ્રૅન્ડ સ્લૅમની ફાઇનલના નિર્ણાયક સેટમાં ૨-૪થી પાછળ હોવું એ તો ચિંતાજનક જ કહેવાય. ખેલાડી દ્વારા આ તબક્કે જીતનારો પ્રત્યેક પૉઇન્ટ એવી આશા લઈને આવે છે કે તેને કમબૅકનો હજી પણ મોકો છે, મૅચમાં હજીયે ટકી શકાય એમ છે અને વિજયની સંભાવના હજી પણ છે. આ વાત છે, ૨૦૨૩ની યુએસ ઓપનમાં પુરુષોની ડબલ્સની ફાઇનલની જેમાં રોહન બોપન્ના અને મૅથ્યૂ એબ્ડનને નવો ઇતિહાસ રચવાની તક હતી.

ત્રીજા સેટની સાતમી ગેમમાં મૅથ્યૂ એબ્ડન ૦-૧૫ પર સર્વ કરી રહ્યો હતો. એના રિટર્ન પર એબ્ડને જે ક્રૉસ માર્યો એમાં બૉલ તેના પાર્ટનર રોહન બોપન્નાના શર્ટને અડકીને ગયો હતો જેનો રાજીવ રામ તથા જો સેલિસ્બરીની હરીફ જોડી પાસે કોઈ જ જવાબ નહોતો અને ચૅર અમ્પાયર જુઆન જહંગે સ્કોર ૧૫-૧૫ ઘોષિત કર્યો હતો. સ્વાભાવિક છે કે બૉલ રોહનના શર્ટને સ્પર્શીને સામેના છેડે ગયો હતો એ અમ્પાયરના ધ્યાનમાં નહોતું આવ્યું. જોકે બોપન્નાએ અમ્પાયરને જઈને કહી દીધું કે બૉલ તેના શર્ટને સ્પર્શ કરીને ગયો હતો. અમ્પાયર મૂંઝવણમાં મુકાઈ ગઈ અને તેણે બોપન્નાને પૂછ્યું કે ‘શું તમે પૉઇન્ટ જતા કરવા માગો છો?’ બોપન્નાએ તેમને સામું કહ્યું, ‘પૉઇન્ટ જતા કરવાનો જો મારો ઇરાદો ન હોત તો મેં તમને કહ્યું જ ન હોત કે બૉલ મને સ્પર્શ કરીને પસાર થઈ ગયો હતો.’ એબ્ડનના મતે સ્ટેડિયમમાં માત્ર તેણે જ જોયું હતું કે બૉલ રોહનને સ્પર્શીને ગયો હતો.

એ રોમાંચક મુકાબલામાં બોપન્ના-એબ્ડનની જોડી હારી તો ગઈ, પણ બોપન્નાએ ઇમાનદારી બતાવીને સૌના દિલ જીતી લીધા હતા. રાજીવ રામે કહ્યું, ‘રોહન જ્યારે ચૅર અમ્પાયર પાસે જઈ રહ્યો હતો ત્યારે મને થયું કે તે કોઈ ફરિયાદ કરવા જાય છે. તે જીતેલા પૉઇન્ટ અમને આપી દેવા માગતો હતો એવું તો મેં વિચાર્યું જ નહોતું. આ અસાધારણ ખેલ ભાવના છે. એ પૉઇન્ટ મહત્ત્વપૂર્ણ હતા. રોહનના એ અપ્રોચથી તેના પ્રત્યે મારું સન્માન ઘણું વધી ગયું છે. તેની પ્રશંસા માટે મારી પાસે શબ્દો નથી.’

એ વખતે બોપન્ના ૪૩ વર્ષનો હતો અને ટેનિસમાં અવ્વલ સ્તરની સ્પર્ધાત્મક મૅચો રમતો હતો. આ રમતમાં સતતપણે યુવા ખેલાડીઓની વધુને વધુ તાકાત અને ટૅલન્ટ જોવા મળી રહી છે, આ રમત વધુ સ્પર્ધાત્મક બની રહી છે. તેણે ત્યાર સુધી ડબલ્સનો ગ્રૅન્ડ સ્લૅમ ખિતાબ નહોતો જીત્યો, પરંતુ ૨૦૨૪માં ૪૪ વર્ષની ઉંમરે જીતી જ લીધો. એટલું જ નહીં, જાન્યુઆરી ૨૦૨૪માં તેણે મેન્સ ડબલ્સ ટેનિસમાં વર્લ્ડ નંબર-વનની રૅન્ક પણ હાંસલ કરી હતી.



બોપન્ના ૨૦૨૪માં ટેનિસ જગતમાં સૌથી મોટી ઉંમરે ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર ખેલાડી બન્યો હતો. એણે બાવીસ વર્ષની શાનદાર કારકિર્દી ખૂબ માણી. ટેનિસ રમીને ૬૬ કરોડ રૂપિયા કમાયો છે.

બોપન્નાએ પ્રોફેશનલ ટેનિસના ૨૧મા વર્ષમાં પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ મેળવ્યું હતું. વાત એ છે કે તે ઇચ્છતો હતો કે લોકો તેને પ્રામાણિક ખેલાડી તરીકે યાદ રાખે. વાસ્તવમાં બોપન્નાએ આખી કરીઅરમાં ઇમાનદારીનો અભિગમ જાળવી રાખ્યો હતો. તે ડબલ્સના ટાઇટલ જીત્યો હતો તેમ જ આખી કારકિર્દીમાં ડબલ્સની કુલ ૯૪૯ મૅચમાંથી ૫૩૯ મૅચ જીત્યો હતો અને ૪૧૦ મૅચ હાર્યો હતો.

બોપન્નાએ ૨૦૨૫ની પહેલી નવેમ્બરે જાહેર કર્યું કે તે બાવીસ વર્ષની શાનદાર કારકિર્દી પર પડદો પાડી રહ્યો છે. તેણે કહ્યું કે કરીઅરને અલવિદા કરવાનો હવે સમય આવી ગયો છે, હું મારા રૅકેટને હવે કાયમ માટે વિશ્રામ આપી રહ્યો છું. દેશના નાના એવા કુર્ગ નામના નગરમાંથી મેં મારી ટેનિસ યાત્રા શરૂ કરી હતી. ટેનિસ કોર્ટ પર હું મારી સર્વ મજબૂત કરી શકું એ માટે મેં કુહાડીથી લાકડા ફાડ્યા હતા, સ્ટૅમિના વધારવા મેં કૉફી એસ્ટેટમાં જૉગિંગ કર્યું હતું અને તૂટેલા ટેનિસ કોર્ટ પર મારા સપનાંનો પીછો કરવા હું મંડી પડ્યો હતો અને મોટી મોટી ટૂર્નામેન્ટોમાં રમ્યો. આ બધા પર ફરી વિચાર કરું છું તો ગર્વ અનુભવું છું.

બોપન્ના ૨૦૧૭માં કૅનેડાની ગૅબ્રિયેલા દાબ્રોવ્સ્કી સાથેની જોડીમાં ફ્રેન્ચ ઓપનનું મિક્સ્ડ-ડબલ્સનું પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીત્યો ત્યાર બાદ ૨૦૨૪માં ઑસ્ટ્રેલિયન ઓપનમાં ડબલ્સનો ખિતાબ જીત્યો હતો.

બોપન્ના ભારતના એ ચાર ખેલાડીઓમાં છે જેઓ ટેનિસમાં ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીત્યા છે. બાકીના ત્રણ લેજન્ડમાં લિએન્ડર પેસ, મહેશ ભૂપતિ અને સાનિયા મિર્ઝાનો સમાવેશ છે. ૪૪ વર્ષની સૌથી મોટી ઉંમરે ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાનો વિશ્વવિક્રમ બોપન્નાના નામે છે. તે પ્રોફેશનલ ટેનિસ રમીને કુલ ૭.૪ મિલિયન ડૉલર (અંદાજે ૬૬ કરોડ રૂપિયા) કમાયો છે.

આધુનિક વિજ્ઞાન અને સારા પોષણથી ખેલાડીને મદદ જરૂર મળે છે, પણ મૉટિવેશનને અસાધારણ સ્તર સુધી જાળવી રાખવું, દરરોજ પ્રૅક્ટિસ કરવાનું ઝનૂન પણ જાળવવું, દુનિયાભરમાં પ્રવાસ કરવો, બે દાયકા સુધી પોતાની સૌથી ફેવરિટ રમત પર અને પર્ફોર્મન્સ સુધારવા પર ફૉકસ રાખવું વગેરે બાબતો રોહન બોપન્નાની માનસિક ક્ષમતા દર્શાવવા માટે પૂરતી છે. બોપન્નાની પહેલી ડબલ્સ ગ્રૅન્ડ સ્લૅમ ફાઇનલ (૨૦૧૦, યુએસ ઓપન) અને બીજી ફાઇનલ (૨૦૨૩, યુએસ ઓપન) વચ્ચે ૧૩ વર્ષનું અંતર હતું. તેના બે ઉચ્ચ રૅન્કિંગની વચ્ચે પણ ખાસ્સું એવું (એક દાયકાનું) અંતર હતું. ૨૦૨૪ની ૨૯મી જાન્યુઆરીએ તે મેન્સ ડબલ્સમાં વર્લ્ડ નંબર-વન થયો એ પહેલાં ૨૦૧૩માં તેની ત્રીજા નંબરની અને ૨૦૨૩માં ત્રીજા નંબરની રૅન્ક વચ્ચે પણ એક દશકાનું લાંબુ અંતર હતું.

રૅન્કિંગ વચ્ચેના એક દાયકાના અંતરમાં બોપન્ના હિંમત નહોતો હાર્યો અને ટેનિસની પૅશનને કારણે તેણે કરીઅરને આગળ ધપાવવા પર જ ધ્યાન આપ્યું હતું. આ બધુ યુવા વર્ગ માટે મોટી પ્રેરણા કહી શકાય. તે વિસ્ફોટક કહી શકાય એવો ખેલાડી નહોતો. ૨૦૨૪ પહેલાં તેણે ખાસ કંઈ ચમત્કારિક કે જાદુઈ પર્ફોર્મ પણ નહોતું કર્યું અને ઘૂંટણમાં કાર્ટલિજની ઊણપને કારણે તે જિમ્નેશ્યમમાં વર્કઆઉટ પણ નહોતો કરી શકતો. આ બધી કઠણાઈ વચ્ચે તેણે ફિટ રહેવા યોગને માધ્યમ બનાવ્યું હતું અને સ્વિમિંગનો સહારો પણ લીધો હતો.

બોપન્નાનો જન્મ ૧૯૮૦માં બેંગલૂરુમાં થયો હતો. તેને ટીમ-ગેમમાં (જેમ કે ક્રિકેટ, ફૂટબૉલ, બાસ્કેટબૉલ વગેરે) રસ હતો, પરંતુ તેના પિતા ઇચ્છતા હતા કે તે વ્યક્તિગત રમતમાં (વન-ટુ-વન રમતમાં) ભાગ લે અને એમાં આગળ વધીને કરીઅર બનાવે. પિતાનું માનીને તેણે ટેનિસ રમવાનું શરૂ કર્યું હતું. ૨૦૦૭માં તે ટેનિસની સિંગલ્સમાં ૨૧૩ની રૅન્ક સુધી પહોંચ્યો હતો, પરંતુ ડબલ્સમાં છ વર્ષ બાદ (૨૦૧૩માં) ત્રીજી રૅન્ક પર પહોંચી ગયો હતો. એક સમયે





બોપન્નાની પત્ની સુપ્રિયા સાયકૉલોજિસ્ટ છે. તેમની છ વર્ષની પુત્રીનું નામ ત્રિધા છે

બોપન્ના અને પાકિસ્તાનના ઍસામ-ઉલ-કુરેશીની જોડી ડબલ્સની ટેનિસમાં છવાઈ ગઈ હતી. તેઓ ૨૦૦૭ની સાલમાં સતત ચાર ચૅલેન્જર ટાઇટલ જીત્યા હતા. તેમની જોડી લાંબા સમય સુધી ‘ઇન્ડો-પાક એક્સપ્રેસ’ તરીકે ઓળખાતી હતી.

બોપન્નાએ ૨૦૧૨ અને ૨૦૧૬ની ઑલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેની નિવૃત્તિથી ભારતના ગ્રૅન્ડ સ્લૅમ વિજેતાઓના એક યુગનો અંત આવી ગયો છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# જાપાનીઝ ટી સેરિમોની - ક્યોટોમાં પારંપરિક અનુભવોની ભરમાર...


કેટલાંક શહેરો પર તેમનો ઇતિહાસ એટલો હાવી હોય છે કે આજે ત્યાંનો માહોલ આખું ને આખું શહેર કોઈ ઓપન એર મ્યુઝિયમ હોય તેવું લાગવા માંડે. ક્યોટોનું તો ખાસ એવું જ છે. છેલ્લાં હજાર વર્ષથી તે જાપાનનું ક્યારેક ખરું કેપિટલ અને હંમેશ માટે કલ્ચરલ કેપિટલ બનીને રહ્યું છે. તેનું મહત્ત્વ એટલું છે કે જાપાનીઝમાં ક્યોટો શબ્દનો અર્થ જ કેપિટલ થાય છે. જાપાનમાં આવ્યે ઘણા દિવસો થઈ ગયેલા. અહીં ઘણાં પ્રકારની ચા અને કોફી અમે પેટમાં પધરાવી ચૂક્યાં હતાં. એક વાત નક્કી હતી, અહીંનાં લોકોને તેમનાં રિચુઅલની વેલ્યુ જરા વધુપડતી લાગી. દરેક ચીજ વિધિવત બનવી જોઈએ અને તેનાં દરેક સ્ટેપ ફોલો થવાં જોઈએ એ તો સમજી શકાય છે, પણ તેને માણવા માટેની વિધિ પણ પહેલેથી જ નક્કી છે. કઈ રીતે બેસીને ચા પીવી, કઈ રીતે સુશી ખાવી, કઈ રીતે નૂડલ્સનો આનંદ લેવો, દરેકની પાછળ નિશ્ચિત સ્ટેપ્સ છે. હવે તે બધાં વચ્ચે અમે એક પારંપરિક ટી સેરેમોની બુક જ કરાવી રાખી હતી. આમ તો ઘણાં સ્થળો જાપાનીઝ ટી સેરેમોની કરાવે જ છે, પણ જો આ અનુભવ કરવો જ હોય તો તે ક્યોટોમાં જ કરવો રહ્યો. આ શહેર જ આ બધી પરંપરાઓનું જન્મસ્થળ છે.

તેમાંય અમે એવું લોકેશન પકડેલું જ્યાં કિમોનો પહેરવાનું, ઘિશાને મળવાનું, જાપાનીઝ પરંપરા મુજબ ચા પીવાનું, બધું એકસાથે અનુભવવા માટેનો મોકો મળી જાય. ક્યોટોમાં લગભગ દરેક સ્ટેશન પાસે કમ સે કમ એક ટી સેરિમોની કરાવતું ઘર છે જ. તેમાં અમે માયકોયા ટી હાઉસ પર પસંદગી ઉતારેલી. આ પ્રકારનું લાકડાનું પારંપરિક જાપાનીઝ ઘર અંદરથી જોવાનું પણ પહેલી વાર મળી રહ્યું હતું. અત્યાર સુધીમાં અહીં હોટલોની મહેમાનગતિમાં તો મજા આવી જ હતી, પણ જાપાનીઝ ઘર અંદરથી કેવું હોય તે પહેલી વાર જોવા મળી રહ્યું હતું. તેમાંય ખાસ ઘિશા અને માઇકો કેવી હોય અને તેમનું કામ, દેખાવ, તેમનું પરફોરમન્સ બધું જોવા માટે હું જરા વધુપડતી ઉત્સાહિત હતી. ઘણાં વર્ષો પહેલાં ‘મેમરીઝ ઓફ એ ઘિશા’ નામની જાપાનીઝ મૂવી ઓસ્કાર સ્તરે ખૂબ લોકપ્રિય થઇ હતી. ત્યારે પહેલી વાર ‘ઘિશા’ શબ્દ સાંભળવા મળ્યો હતો. ઉપર ઉપરથી જુવો તો ઘિશા જાણે કોઈ દાસી કે સેવિકા હોય તેવું લાગતું હતું, પણ તેનું કોઈ સાવ બંધબેસતું ટ્રાન્સલેશન શક્ય જ નથી, કારણ કે ઘિશાનું કલ્ચર બીજે ક્યાંય છે પણ નહીં અને તેમને બીજા કોઈ પ્રોફેશન કે રોલ સાથે સરખાવી શકાય તેવું પણ નથી.











અમે જે સેશનમાં હતાં ત્યાં પહોંચ્યાં એટલે પહેલાં તો મને એક કિમોનોનું ખોખું આપવામાં આવ્યું. કિમોનો પહેર્યા પછી અમે ત્યાંના મુખ્ય રૂમમાં વજાસનમાં ગોઠવાયાં. આમ જોવા જાઓ તો યોગમાં તેને વજાસન કહી શકાય, પણ જાપાનીઝમાં તે પોઝિશન ‘સાઇઝા’ નામે ઓળખાય છે. ભારતીયોને તો આમ પણ નીચે પલાંઠી વાળીને બેસવાનું ફાવતું જ હોય છે. છતાંય ઉંમરલાયક કે નીચે ન બેસી શકનારાં મુલાકાતીઓ માટે ખુરશી પણ હતી જ. અમને તેની જરૂર ન લાગી. આ ૯૦ મિનિટની સેરિમોનીની શરૂઆત ઘિશાના નૃત્યથી થઈ. અમને તો એમ કે ત્યાં બે ઘિશા છે પણ તેમાંની એક ઘિશા નહીં ‘માઇકો’ હતી, તેને એક જાતની ઇન્ટર્ન કહી શકાય. એક વાર માઇકો તરીકે કામ કરીને ઘિશાના સ્તર સુધી પહોંચવા માટે પરીક્ષાઓ પાસ કરવી પડે. ઘિશા માત્ર જાપાનીઝ જ બોલતી હતી, પણ ત્યાં ટી સેરિમોનીના સૂત્રધાર તરીકે કામ કરતા ગાઈડે ત્યાં ટ્રાન્સલેટરનું કામ પણ કર્યું, અને અમને ઘણા પ્રશ્નોના જવાબ પણ મળ્યા.

આજના સમયમાં પણ કોઈ આવો પૌરાણિક વ્યવસાય પસંદ કરે તે વાત પર નવાઈ લાગતી હતી, પણ ખુદ એક ઘિશાએ અમને કહ્યું કે અત્યારે ટૂરિઝમ બૂમ અને જાપાનીઝ કલ્ચરમાં દુનિયાને એટલો બધો રસ છે કે બહારથી સુષુપ્ત લાગતું ઘિશા કલ્ચર આજકાલ ધમધમી રહ્યું છે. અહીં ચાના કપમાં નાકું ન હોય. તેને બંને હાથેળીમાં લપેટીને રાખવો પડે, અને તેનું પણ ખાસ મહત્ત્વ છે. જો કપ હથેળીમાં પકડવા જેટલો ગરમ છે તો ચાનું ટેમ્પ્રેચર પણ પીવાલાયક બની ગયું છે. જ્યાં સુધી કપ હાથમાં પકડી ન શકાય ત્યાં સુધી ચા વધુપડતી ગરમ છે તેમ માની શકાય. હવે ચા ઠંડી થઈ જાય તો તેને ફરી ગરમ કરવાનો કોઈ રિવાજ નથી. ચા ઠંડી પડે તે પહેલાં પી જવી પડે. ત્યાં સાથે બે સોટ જાપાનીઝ સ્વીટ્સ પણ હતી. ચામાં મધ કે કોઈ મીઠાસ ન નાખવા છતાં તેની અનોખી સ્વીટનેસ તો હતી જ. ચા હતી તો અનોખી, પણ આપણને જે મસાલા કે આદુંવાળી કે ઇલાઈચીવાળી ચાની ચુસ્કીઓ લેવાની આદત છે તે મજા એ ટી સેરિમોનીમાં ન હોય તે પણ સ્વાભાવિક છે.

જોકે એ પણ કલ્ચરની વાત છે. ઘણાં ફિરંગીઓ ભારતીય ચા માણી પણ શકે છે અને ઘણાને આપણી દૂધવાળી ચા ગરમ મિલ્કશેક જેવી પણ લાગે છે. હવે ચા ભલભલા માણસો માટે અંગત અને સેન્સિટિવ ટોપિક છે. તેના વિષે આમતેમ અભિપ્રાય આવી દો તો ઝઘડો થવાની પણ શકયતા રહે. તેમાંય જો સામેવાળા માણસને સમયસર ચા ન મળી હોય તો તો ખાસ એવું બની શકે. એટલે ખાસ ચા વધુ ગમે કે કોફી, એ વાત તો ક્યાંય કાઢવી પણ નહીં એવો અંગત અભિપ્રાય છે.

જાપાનીઝ ચા બનાવતી વખતે સાવ શાંતિ હોય. આવું કંઈ પણ બનાવવું જાણે ધ્યાન કરવા જેટલું મહત્ત્વનું માનવામાં આવે છે. એકરીતે જુઓ તો આ ટી સેરિમોની કોઈ રિલિજિયસ અનુભવથી કમ ન હોય તેવું લાગ્યું. કોને ખબર હતી, સદીઓથી ચાલતી ઘિશા પરંપરા અને ચા બનાવવાના અને પીવાના રિવાજનું આ સ્તરે ટૂરિઝમ માટે માર્કેટિંગ પણ થઈ શકે. જાપાનનું આ સ્વરૂપ સૌથી જેન્ટલ અને શાંતિ આપે તેવું લાગતું હતું. ■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# હે-ઓન-વાયઃ વેલ્સની નોખી પુસ્તક નગરી

### અવાવરું ફાયર સ્ટેશનમાં સેકન્ડ હેન્ડ બુક શોપ સાથે બુક ટાઉનના બીજ રોપાયા

'હે - ઓન - વાય'? સેન્ડવીચની આ કઈ વરાયટી છે?'

'ડેથ ઓફ અ સેલ્સમેન' તેમ જ 'ઓલ માય સન્સ' જેવા વિશ્વવિખ્યાત નાટક ભેટ આપનારા અમેરિકન નાટ્ય લેખક આર્થર મિલરનો આ સવાલ રમૂજ ઊભી કરે છે અને સાથે સાથે સ્થળ વિશે અજ્ઞાન પણ વ્યક્ત થાય છે.

વાત છે ૧૯૮૯ની જ્યારે વેલ્સના 'હે - ઓન - વાય'માં આયોજિત લિટરરી ફેસ્ટિવલમાં વક્તા તરીકે હાજર રહેવા મિલરને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

'હે - ઓન - વાય' સેન્ડવીચ કે અન્ય કોઈ વસ્તુ નથી બલ્કે એક ગામનું- પુસ્તકોના ગામનું નામ છે એવો ખુલાસો થતા મિસ્ટર મિલરે અહોભાવ સાથે આમંત્રણ સ્વીકારી લીધું અને ગામમાં પહેલી વાર વિશ્વ વિખ્યાત વ્યક્તિની પધરામણી થઈ હતી. ૨૦૦૧માં યુએસ પ્રેસિડેન્ટનો કાર્યકાળ સમાપ્ત થયા પછી બિલ ક્લિન્ટનએ પણ સાંસ્કૃતિક મહોત્સવમાં હાજરી આપતા જગત આખાના મીડિયાનું ધ્યાન ખેંચાયું હતું અને વેલ્સના 'હે - ઓન - વાય'ને વ્યાપક પ્રસિદ્ધિ મળી હતી.



હે ઓન વાયઃ વિશ્વનું પહેલું બુક ટાઉન

યુકે - યુનાઇટેડ કિંગડમ ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડ એ ચાર નાનકડા દેશનો સમૂહ છે. વાય નામની નદી પર આ ગામ વસ્યું છે અને અંગ્રેજી શબ્દ હેનો અર્થ ફેન્સ અથવા વાડ થાય છે. એટલે આ ગામ 'હે - ઓન - વાય' તરીકે ઓળખ ધરાવે છે. આજની તારીખમાં તો એ પુસ્તક નગરી - બુક ટાઉન તરીકે ખ્યાતિ ધરાવે છે. પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર માનવામાં આવે છે અને મિત્રોનું જ ગામ હોય જો લાઈફ કેવી તરબતર થઈ જાય. આપણા દેશમાં કલકત્તાની કોલેજ સ્ટ્રીટમાં લટાર મારતી વખતે પુસ્તકો જોઈ આંખ અને દિલને જે આનંદ મળે એને સમકક્ષ અનુભવ હે - ઓન - વાયમાં પણ થયો છે. ૧૯૬૦ના દાયકામાં રિચર્ડ બૂથ નામના એક યુવાનના પ્રયાસ, લગન અને દૂર દૃષ્ટિથી એક ખોબા જેવડું ગામ વર્લ્ડ ફેમસ થઈ ગયું.

### રિચર્ડ બૂથ



બૂથનું સ્મારક

રિચર્ડ બૂથ નામનો બ્રિટિશ યુવાન ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટની ડિગ્રી લઈ ૧૯૬૦માં પોતાના વતન હે - ઓન - વાય આવ્યો. અહીં તેના ધ્યાનમાં એક વાત આવી કે ગામ કે નગરમાં રહેતા એના જેવા અનેક યુવાનો ભણતર તેમ જ ઉજ્જવળ ભવિષ્ય માટે મોટાં શહેરોમાં સ્થળાંતર કરતા હતા. આ પરિસ્થિતિમાં ગ્રામીણ અર્થવ્યવસ્થામાં સુધારાને અવકાશ નહોતો. વતન પરત ફર્યા બાદ ટૂંક સમયમાં જ રિચર્ડને કાકાની એસ્ટેટ વારસામાં મળી. સારી એવી રકમ હાથમાં આવતા રિચર્ડને પહેલો વિચાર હે - ઓન - વાયમાં બુકશોપ શરૂ કરવાનો આવ્યો. ગામનું એક જૂનું ફાયર સ્ટેશન ખરીદી એમાં ૧૯૬૧માં સેકન્ડહેન્ડ પુસ્તકની દુકાન શરૂ કરી. ગામનું ખંડિયેર બની ગયેલું 'હે કાસલ' ખરીદી એની ખુલ્લી જગ્યામાં પુસ્તકો માટે અભરાઈઓ ઊભી કરી જનતા માટે 'ઓનેસ્ટી બુકશોપ' શરૂ કરી. થોડા સમય પછી યુએસએની અનેક લાયબ્રેરી બંધ પડી રહી હોવાની જાણકારી મળતા મિસ્ટર બૂથ અમેરિકા પહોંચી ઢગલાબંધ પુસ્તક લેતા આવ્યા. એને પગલે ગામમાં બીજી ડઝનેક બુકશોપ શરૂ થઈ ગઈ. આ પ્રયાસને ભવ્ય પ્રતિસાદ મળ્યો અને સરકારી નીતિના વિરોધમાં રિચર્ડ બૂથે પોતાને 'કિંગ ઓફ હે' (હે ગામનો રાજા) ઘોષિત કરતા હે - ઓન વાય ગામ આંતરરાષ્ટ્રીય સ્તરે ગાજ્યું. સરકાર સ્વતંત્ર બિઝનેસમેનોને મદદરૂપ નહોતી થતી એના પ્રતિકાર રૂપે આ પગલું ભરવામાં આવ્યું હતું. મીડિયામાં રિચર્ડ બૂથના ઢોલ નગારાં વાગ્યા અને હે - ઓન - વાય ટુરિસ્ટો માટે અનોખું આકર્ષણ બની ગયું. એ સમયથી આજ દિન સુધી દર વર્ષે સહેલાણીઓનું ધાડું ગામમાં ઊતરી આવે છે. શ્રીમાન રિચર્ડ બૂથ આજે આપણી વચ્ચે નથી રહ્યા, (૨૦૧૯માં તેમનું અવસાન થયું હતું) પણ હે - ઓન - વાય ગામમાં તેમણે શરૂ કરેલો સાહિત્યિક યજ્ઞનો જ્વલંત વારસો અને બુક ટાઉનની સમૃદ્ધિ આજે પણ ધબકે છે, અકબંધ છે. રિચર્ડ બૂથના આ ભવ્ય ઉદાહરણને પછી વિશ્વના અનેક દેશોમાં અનુસરવામાં આવ્યું છે.



રિચર્ડ બૂથ બુકશોપ

### ઓનેસ્ટી બુકશોપ




પ્રામાણિકતાથી પૈસા મૂકી દેવા ઓનેસ્ટી બુકશોપ

ગામના બધા બુકસ્ટોરનાં શટર સાંજે પડી ગયા પછી જો તમને પુસ્તક ખરીદવાનું યાદ આવ્યું અને સવારે બુકસ્ટોર ઉઘડે એ પહેલા જો તમારે નીકળી જવાનું હોય તો? ચિંતા નહીં કરવાની. હે કાસલમાં ૨૪ કલાક ઉઘાડા રહેતા 'ઓનેસ્ટી બુકશોપ'માં પહોંચી જવાનું. આ ઓપન એર પુસ્તકની દુકાન છે એટલે એને નથી કોઈ બારી બારણાં , જેથી આ દુકાન ઉઘાડવાનો કે બંધ કરવાનો પ્રશ્ન જ નથી આવતો. અહીં બે વિભાગમાં વિવિધ અભરાઈઓ ઉપર ઢગલાબંધ બુક્સ પુસ્તક પ્રેમીની રાહ જોઈ રહ્યા છે. ૧૯૬૦ના દાયકામાં શરૂ થયેલી આ પરંપરા આજની તારીખમાં પણ ચાલુ રહી છે. ખંડેર થઈ ગયેલા એક હજાર વર્ષ પુરાણા કિલ્લા જેવા વિશાળ મકાનમાં આ બુકશોપ છે અને એવું નહીં માની બેસતા કે અહીં પુસ્તકો મફત મળે છે. દુકાનમાં એક ઓનેસ્ટી બુક (પ્રામાણિક પેટી) રાખવામાં આવી છે,જેમાં ખરીદેલા પુસ્તકની કિંમત જેટલા પૈસા મૂકી દેવાના. સ્થાનિક લોકો સાથે વાતચીત કરતા જાણવા મળ્યું કે સહેલાણીઓ 'ઓનેસ્ટી ઈઝ ધ બેસ્ટ પોલિસી'ને અનુસરતા હોય છે. પુસ્તક ઉઠાવી જવાની વૃત્તિ અહીં નથી જોવા મળતી.

### મર્ડર એન્ડ મેહેમ બુકશોપ

આ કોઈ એક દુકાન નથી, બલ્કે લોકપ્રિય પુસ્તક શૃંખલા છે. રહસ્ય અને કંપારી જગાવતી ગુનેગારોની દુનિયાના પુસ્તકોની આ દુકાનની શરૂઆત ૧૯૮૭માં નાની અમથી ઓરડીમાં થઈ હતી. આ પ્રકારનાં પુસ્તકો માટે જબરદસ્ત રુચિ હોવાને કારણે ફક્ત છ જ મહિનામાં દુકાનની લોકપ્રિયતાના ડંકા દસે દિશામાં વાગ્યા. દસ બાય દસની ખોલી નાની પડવા લાગી અને સ્ટોર મોટી જગ્યાએ ખસેડવો પડ્યો. ક્રાઈમ, મિસ્ટરી અને હોરરની બુક્સ ચપોચપ ઊપડવા લાગી. વેચાણમાં એવો ઉછાળો આવ્યો કે એક દસકા પછી તો નવી વિશાળ જગ્યા ખરીદવાનો વખત આવ્યો અને ધીરે ધીરે સ્પેશ્યલાઈઝડ સ્ટોર શરૂ કરવામાં આવ્યા. ૧૯૯૭માં આ પુસ્તક શૃંખલાએ 'મર્ડર અને મેહેમ' (હત્યા અને હિંસાચાર) નામ ધારણ કર્યું. પુસ્તક વેચાણનો વિસ્તાર કરી ૨૦૦૨માં કલાત્મક સેક્સી પેઇન્ટિંગ તે જ શિલ્પ જેવી વસ્તુ અને દુર્લભ પુસ્તકો રાખવાનું પણ શરૂ કર્યું.

આ દુકાનમાં દાખલ થતાની સાથે આગાથા ક્રિસ્ટીની મર્ડર મિસ્ટરી બુક્સ પર નજર પડ્યા પછી મૃત શરીરની બાહ્ય લાઈન ધરાવતી આકૃતિ આંખો પહોળી કરી દે છે. પુસ્તકની અભરાઈ નજીક 'પોલીસ લાઈન, ડુ નોટ ક્રોસ' ટેપ તમને ક્રાઇમની દુનિયામાં હોવાનો એહસાસ કરાવે છે. આગળ વધતા દીવાલ પરથી ઊંધી લટકતી ચામાચીડિયાની પ્રતિકૃતિ, છત પર હારબંધ નજરે પડતા નવલકથાકાર, સાહિત્યનાં પ્રતિષ્ઠિત પાત્રોના બાવલા અને મશહૂર પુસ્તકોના વિશિષ્ટ અવતરણો બુકશોપ લટાર યાદગાર બનાવી દે છે. ત્યાંથી ખરીદેલું એકાદ પુસ્તક વાંચ્યા પછી જો રાત્રે ઊંઘ ન આવે અને ઊંઘ આવી ગઈ હોય તો બિહામણું સપનું આવે એ તમારો પ્રોબ્લેમ છે. ■



મર્ડર એન્ડ મેહેમઃ ક્રાઈમ, મિસ્ટ્રી અને હોરરના પુસ્તકની દુકાન

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# મને ઉંદર બનવાના કોડ!



'ઓય.. મા... બચાવો...!' સવારના પહોરમાં આવી રાડારાડ સાંભળી કાચી નિંદરમાંથી હું જાગી ગયો.

મારાં વાઈફ સીધા ઠેકડો મારીને અમારા પલંગ પર ચડી ગયાં.

'ધીસ ઇસ રેડીક્યુલસ, પ્લીઝ હેલ્પ... આઈ એમ અફ્રેઈડ... આ ઘરમાં કાં હું રહી શકું કાં આ ઉંદરડી...લુક એટ માય ફેસ..!'

પરસેવે રેબજેબ મારા વાઈફ ઇંગ્લિશમાં ધાણીફૂટ બોલી રહ્યાં હતાં. શરૂઆતની રાડારાડી ગુજરાતીમાં એટલે કે માતૃભાષામાં એટલા માટે હતી કે જ્યારે કોઈ મુશ્કેલી આવે ત્યારે સૌથી પહેલા રિએક્શન માતૃભાષામાં આવે.

પલંગ પર ચડી ગયા પછી અને મારી હાજરી હોવાથી ફરી ઇંગ્લિશનું ભૂત પ્રવેશ કરે.

મેં તેને શાંત કરતા પૂછ્યું : 'શું થયું?'

'ઉંદરડી.... ' આટલું બોલીને તેણે ખૂણામાં આંગળી ચીંધી.

મેં જ્ઞાન પીરસતા કહ્યું : 'કોઈની સામે આંગળી ના ચીંધાય ઇટ્સ અ બેડમેનર'

ફરી ગુસ્સો આવતા તેની જીભે માતૃભાષામાં ટર્ન માર્યો :

'તમારી કોઈ સગલી થાય છે કે તેની ચિંતા કરો છો?'

હું સમજી ગયો કે આ મામલામાં મજાક કરી શકાય તેવું નથી. મેં તેને શાંતિથી પૂછ્યું : 'શું થયું?'

મને કહે : 'મેરેજ પછી પહેલીવાર મેં આપણા ઘરમાં ઉંદરડી ફરતી જોઈ. (મનમાં બોલ્યો કે મેં તો રોજ હટ્ટી કટ્ટી ઉંદરડી ફરતી જોઈ છે.) તમને ખબર છે ને કે મને કેટલી બીક લાગે છે...બટકું ભરી જાય તો?'

ફરી મારા ઓરિજનલ મૂડમાં આવી મેં કહ્યું:

'ગાંડી, તારા આવડા મોટા શરીરમાં એની બે ટચૂકડી દાંતડી શું કરી લે?'

મારી આ મજાકનું પડીકું બનાવી છૂટું ઘા કર્યું :

'સો વાતની એક વાત આ ઘરમાં કાં તો ઉંદરડી રહેશે ને કા હું રહીશ.'

આવી રીતે એક નાનકડી ઉંદરડી કોઈ પતિને આટલી ઉપયોગી હોઈ શકે તે વિચારી ઉંદરડીના ખાનદાન પર મને માન થયું. શબ્દો બહાર નીકળવા જતા હતા, પરંતુ તેમાં હું ઘરની બહાર નીકળી જાઉં તેવી શક્યતા વધુ લાગતા મેં હાથમાં સાવરણી લઈ બે ચાર જગ્યાએ ઠક ઠક કર્યું અને કહ્યું કે 'તું જેમ તેનાથી ડરે છે એ જ રીતે એ પણ તારાથી ડરી અને ભાગી ગઈ હશે.'

'હવે હું આ પલંગ પરથી નીચે નહીં ઊતરું જ્યાં સુધી ઉંદરડી પકડાશે નહીં. જાઓ. બાજુવાળા પન્નાબહેન પાસેથી પાંજરું લેતા આવો.'

મેં કહ્યું : 'શીલાના ઘરે પણ પાંજરું છે.'

મને કહે : 'શીલા ખુદ જ પાંજરું છે.'

થોડામાં ઘણું સમજવાની મારી શક્તિ પર મને એકલાને જ માન છે.

પન્નાબહેનના ઘરેથી પાંજરું લઈ આવ્યો પછી કહ્યું કે 'હવે નીચે ઉતરી અને એકાદ રોટલી બનાવ તો તેનો કટકો આ પાંજરામાં ગોઠવી શકાય.'

મને કહે : 'ગુજરાતી ઘરમાં ઉંદરડી પણ ગાંઠિયા ખાવા ટેવાયેલી હોય જાવ ડબ્બામાંથી એક ફાફડાનો કટકો પાંજરામાં મૂકી દો.'

આઠ દસ ફાફડા મેં ખાઈ લીધા પછી એક નાનકડો કટકો પિંજરામાં પણ મૂક્યો.

હવે તો ઉંદરડી પકડાય ત્યાં સુધી રાહ જોવાની હતી.

સવારની ચાથી માંડી અને નાસ્તો તથા મેં બનાવેલું જમવાનું બધું જ મારા વાઈફે પલંગ પર પૂરું કર્યું.

ધીરે ધીરે મને પણ ઉંદરડી પર ગુસ્સો આવતો હતો. સાંજ પહેલા પકડાઈ જાય તો સારું નહીં તો સાંજની રસોઈ પણ... પાંજરાના ખડખડાટે મારી વિચારધારા તોડી.

મારી કાકલુદી ઈશ્વર આટલું જલ્દી સાંભળી લેશે તેનો મને અંદાજ ન હતો. ઠેકડો મારી અને હું ખૂણામાં પડેલા પાંજરા પાસે ગયો તેમાં ઉંદરડી નહીં પરંતુ મોટો ઉંદરડો પકડાયો હતો. અને હું જગતની વાસ્તવિક ફિલોસોફી પર ચડી ગયો.

દરેક પુરુષ અઢીસો માણસની જાન લઇ અને બેન્ડબાજા સાથે નાચતા કૂદતા ઈડરિયો ગઢ જીતવા જતા હોય તેમ લગ્ન કરવા ઊપડે છે. તેના મનમાં એમ જ હોય છે કે બધું ગોઠવાઈ ગયું છે. ઉંદરડી પકડાય એટલે ઘરના પાંજરામાં કેદ કરી દઈએ. થોડો સમય જાય એટલે આપણને ખબર પડે કે પિંજરામાં ઉંદરડી નહીં પરંતુ મોટો ઉંદરડો છે નજીક જઈએ તો નુકસાન કરી શકે. જોકે સામા પક્ષે પણ એવું જ હોય કે પિંજરામાં સ્વાદિષ્ટ વ્યંજનો મૂકી કાયમનો બંદી બનાવી લઈએ.

વાઈફની નજર પિંજરા પર પડી અને રાડ પાડી :

'ઓહ માય ગોડ...'

આગળ કાંઈ બોલે તે પહેલા જ મેં કહ્યું કે 'જોયું, ગુજરાતી ગાંઠીયાની તાકાત, એક જ કટકો ખાધો અને ઉંદરડી - નું શરીર કેટલું વધી ગયું?'

'શટ અપ, ઉંદરડી અને ઉંદરડાનો ભેદ મને સમજાય છે. આ તો ઘર છે કે રાફડો? બજારમાં જઈ એક ડઝન પાંજરા લઈ આવો. એક પણ છટકવો ન જોઈએ. જિંદગીમાં મને માત્ર ઉંદરડા અને ઉંદરડીથી જ બીક લાગે છે.'

લગ્નના આટલાં વર્ષ પછી મને આ સિક્રેટ જાણવા મળ્યું. ખરેખર તો લગ્ન પહેલાં અત્યારના સમયમાં જેમ એક્સ્ટ્રા અફેર જાણવા માટે ડિટેક્ટિવ હાયર કરે છે તેમ છોકરો કે છોકરી શેનાથી ડરે છે તે તપાસ કરવી જોઈએ. કામનું તો એ છે...!

સાચું કહું તો મને લગ્નના આટલાં વર્ષે ઉંદર થવાના કોડ જાગ્યા છે. ■

**વિચારવાયુ:**

*આપણા ઘરમાં જ રહેતા કાળા ઉંદર, ઉંદરડી આપણને નથી ગમતા પણ ધોળા ઉંદર (**guinea pig,** ગીનીપીગ) પાળવાનું મન કરતું હોય છે. આવું કેમ?*

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# નેપોકિડઃ માત્ર બાપબળે નહિ, પણ આપબળેય ચાલવું પડે છે!

'નેપો' શબ્દ નેપોટિઝમનું (પરિવારવાદ) ટૂંકું રૂપ છે. 'નેપોકીડ' એટલે એવું ફરજંદ જે પોતાના ફેમિલી બેકગ્રાઉન્ડ

અને આર્થિક તાકાતને જોરે લાયક વ્યક્તિઓને પછાડીને કારકિર્દીમાં આગળ નીકળી જાય!

જોકે આવા નેપોકીડ્સ જોરદાર પ્લેટફોર્મ મળવા છતાં ખાસ કશું ઉકાળી નથી શકતા. બીજી તરફ વગદાર પરિવારમાંથી આવતા અમુક યુવાનો ખરેખર ટેલેન્ટેડ અને મહેનતુ હોય છે. પિતાએ ચીતરેલા ચીલાથી આગળ વધીને પણ કશુંક આપબળે કરી દેખાડવાની એમની ધગશ અને તૈયારી ખરેખર વખાણવાલાયક હોય છે. આમાં કોને નેપોકીડ ગણવા અને કોને જેન્યુઈન ગણવા એ મુદ્દો ચર્ચાતો રહે છે.

હમણાં શાહરુખનો વગોવાયેલો દીકરો પોતાની પ્રથમ વેબસિરીઝ લઈને આવ્યો ત્યારે એના ડેબ્યુ પર અડધું બોલિવૂડ જાણે ઓળઘોળ થઇ ગયેલું. એ વખતે નેપોકીડનો મુદ્દો ફરી લાઈમલાઈટમાં આવ્યો, પણ આ ઓક્ટોબરમાં નવ્યા નવેલી નંદાએ વળી જુદી જ જાહેરાત કરી.


નવ્યા નવેલી નંદા


કવિન મિત્તલ


અનન્યા બિરલા

નવ્યા નવેલી નંદા એટલે ધ અમિતાભ બચ્ચનની દીકરીની દીકરી. માતૃપક્ષે અમિતાભ-જયા બચ્ચન તેમજ અભિષેક-ઐશ્વર્યાનો સ્ટારપરિવાર હોય તો એવી યુવતીને સપનામાં પણ લાઈટ-કેમેરા-એક્શન જ સંભળાય. નવ્યાનું મોસાળ આખું ફિલ્મસ્ટારોથી ઉભરાય છે ત્યાં બીજી તરફ પિતૃપક્ષ આખો ટ્રેક્ટરના પ્રેમમાં છે! નંદા પરિવાર દાયકાઓથી ટ્રેક્ટર સહિતના ખેતીવાડીનાં સાધનો બનાવે છે અને એમનું બિઝનેસ એમ્પાયર આશરે ૪૦,૦૦૦ કરોડનું છે.

ટૂંકમાં નવ્યાના બંને હાથમાં લાડુ છે. આવા સંજોગોમાં કોઈ પણ ફૂટડી યુવતી હીરોઈન બનવાનું પસંદ કરે. એના બદલે નવ્યા ટ્રેક્ટરના પ્રેમમાં પડી! ગયા મહિને એક ઇન્ટરવ્યૂમાં નવ્યાએ જાહેર કર્યું કે હું નંદા ફેમિલીના બિઝનેસમાં જ આગળ વધીશ...હું બાળપણથી જ ટ્રેક્ટરોની વચ્ચે મોટી થઇ છું અને મેં ત્રણેક વર્ષ સુધી ટ્રેક્ટર મેન્યુફેક્ચરિંગમાં રીતસરની ટ્રેનિંગ લીધી છે.

ફિલ્મ ઇન્ડસ્ટ્રી જ્યારે નેપોકિડ્સથી ખદબદે છે ત્યારે નવ્યાનો આ નિર્ણય ઘણા માટે આશ્ચર્યકારક છે. બીજી રીતે વિચારીએ તો નવ્યાએ જે કારકિર્દી પસંદ કરી એમાં હજારો કરોડ મળવાની ગેરંટી છે. તો શું એને ય નેપોકિડ જ ગણવી જોઈએ? ભારતમાં બીજા પણ કેટલાક યુવાનો છે જે સધ્ધર પારિવારિક બેકગ્રાઉન્ડ ધરાવતા હોવા છતાં નવ્યાની માફક જરા જુદા ચીલે ચાલ્યા છે.

બિઝનેસ ટાયકૂન સુનીલ મિત્તલે પોતાના બે ભાઈને સંગાથે ૧૯૭૬માં 'ભારતી એન્ટરપ્રાઈઝ' નામે કંપની સ્થાપેલી. બાયસિકલ બનાવવાથી શરૂ થયેલી આ સફર આજે મેન્યુફેક્ચરિંગ, ઇન્શ્યોરન્સ, રીઅલ એસ્ટેટ અને ટેલીકોમ્યુનિકેશન સુધી વિસ્તરી છે. સુનીલ મિત્તલના દીકરા કવિન મિત્તલે 'યુનિવર્સિટી ઓફ ન્યૂયોર્ક'માંથી ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગમાં બેચલર કર્યું અને લંડન જઈ માસ્ટર્સ પણ પૂરું કર્યું. એ પછી મસમોટા મિત્તલગ્રુપની ગાદી તૈયાર જ હતી , પણ કવિને સીધેસીધી ગાદી સંભાળી લેવાને બદલે 'મે'કલારેન' નામની કંપનીમાં ઇન્ટર્નશિપ કરી. આ કંપની ફોર્મ્યુલા વન રેસમાં દોડતી કાર્સની ચેસિઝ બનાવવા માટે પ્રખ્યાત છે. અહીં કામ કરતી વખતે એણે મે'કલારેનની ટીમ સાથે મળીને એવી ટેકનોલોજી વિકસાવી કે જેથી ફોર્મ્યુલા વન રેસમાં ભાગ લઇ રહેલ ડ્રાઈવરને રૂટ પર આવતા ફ્લેગ્સ સ્ટિયરિંગ વ્હીલ પર જ જોવા મળી જાય. કવિને લંડનમાં ભણતર પૂરું કરવાની સાથે સાથે જ ગૂગલ અને ગોલ્ડમેન સાક્સ જેવી ટોચની કંપનીઝમાં પણ ઈન્ટર્નશિપનો અનુભવ મેળવી લીધો છે.


આજે લગભગ દરેક ફીલ્ડના બિઝનેસ લીડર્સ એક જ ફરિયાદ કરે છે કે યુવાનો શીખવાની ધગશ નથી ધરાવતા. એમને સીધો પાંચ આંકડાનો પગાર તો જોઈશે, પણ આવડત કેળવવાની દાનત નથી. એના કારણે કંપનીઝ પણ આવા યુવાનોને 'હાયર એન્ડ ફાયર' બેઝ પર જ કામે રાખે છે. નવી આવડત કેળવવા પ્રત્યેની યુવાનોની આ ઉદાસી આગળ જતા બેકારી અને ડિપ્રેશનની ગર્તામાં ધકેલી શકે છે. એનાથી બચવા માટે યુવાનોએ કવિન મિત્તલ કે નવ્યા નંદા જેવાને આદર્શ બનાવવા જોઈએ. બાપની ગાદી તૈયાર હોવા છતાં એમણે ઇન્ટર્નશિપ કરીને જાત અનુભવ લીધો.

ભણતર પૂરું કરીને ભારત પાછા ફર્યા બાદ કવિને Hike નામે કંપની સ્થાપી. એમાં સફળતા તો મળી પણ સમયના વ્હેણને પારખીને આ કંપની સમયસર શટડાઉન કરી. એ પછી કવિન ગેમિંગ યુનિવર્સ તરફ વળી ગયો. સફળતા તો એમાં ય મળી. ૨૦૧૭માં 'ફોર્બ્સ' મેગેઝિનની 30 under 30 યાદીમાં (૩૦ અથવા એથી ઓછી આયુ ધરાવનાર અચિવર્સ) કવિનનું નામ સામેલ હતું. આવું જ બીજું નામ છે બિરલા ગ્રુપની ફરજંદ અનન્યા બિરલાનું. બિઝનેસ જાયન્ટ કુમાર મંગલમ બિરલાની આ દીકરી પણ જરા જુદી માટીની છે. બાળપણથી જ એને સંગીતનો શોખ હતો. માત્ર સાત વર્ષની કુમળી વયે અનન્યાએ સંતૂર શીખવાનું શરૂ કરેલું. ઓક્સફર્ડ જઈને ઇકોનોમિક્સની ડિગ્રી લીધા પછી એણે સંગીત ક્ષેત્રે પદાર્પણની ઈચ્છા પૂરી કરી. આમ તો ભણતી વખતે જ એણે વિવિધ ક્લબમાં સિંગર અને ગિટારવાદક તરીકે કામ કરવા માંડેલું. પછી

Livin' the Life નામના મ્યુઝિક આલ્બમમાં એ સહલેખિકા બની અને આખા વિશ્વમાં પ્રસિદ્ધ થઇ. અનન્યાને પણ 'ફોર્બ્સ' મેગેઝિન દ્વારા 'વિમેન ટુ વોચ' કેટેગરીમાં મૂકવામાં આવી છે. ફિલ્મ 'રુદ્ર'ના એક ગીતમાં અનન્યા અજય દેવગણ સાથે દેખાઈ ચૂકી છે. એક્ટિંગ, સોંગ રાઈટિંગની સાથે જ અનન્યાએ બિઝનેસ પ્રોજેક્ટ્સ અને સમાજસેવા પણ ચાલુ રાખ્યા છે.

ઓકે ફાઈન... નવ્યા - કવિન અને અનન્યા જેવા બીજા પણ યુવાનો હશે, જેમણે રિસોર્સફૂલ ફેમિલી બેકગ્રાઉન્ડ હોવા છતાં ટેલેન્ટ વિકસાવવા માટે મહેનત કરી. પણ સિક્કાની બીજી બાજુ પણ જોવી જોઈએ. શું પિતાનું આર્થિક- સામાજિક પીઠબળ ન હોત તો આ લોકો ફેમિલી બિઝનેસ સિવાયની બીજી ફિલ્ડ્સમાં કશું ઉકાળી શક્યા હોત? સાચો જવાબ આપવો મુશ્કેલ છે. અનન્યા કોઈ મધ્યમવર્ગીય મુંબઈગરાને ત્યાં જન્મી હોત તો સાઈડ એક્ટ્રેસ બનવામાં ય ફાંફા પડ્યા હોત. કવિન પણ ન્યૂયોર્કને બદલે મુંબઈની સરકારી સ્કૂલ્સમાં ભણ્યો હોત તો આ સ્તરે પહોંચી શક્યો હોત? ન્યાય ખાતર કહેવું જોઈએ કે ફેમિલી સધ્ધર હોય અને એનું પીઠબળ મળે એમાં કશું ખોટું નથી. ધીરુભાઈનું સામ્રાજ્ય વારસામાં મળ્યું હોવા છતાં પોતાનું કૌવત સાબિત કરી ચૂકેલા મુકેશ અંબાણીને કોઈ કાળે નેપો કીડ ન કહી શકાય. એમણે માત્ર બાપબળે નહિ પણ આપબળે ય પ્રગતિ કરી દેખાડી છે. દરેક બાપ ઈચ્છે છે કે પરિવારનો બિઝનેસ પુત્રો સંભાળે. એમાં કશું ખોટું પણ નથી, પરંતુ જ્યારે કોઈ લાયક વ્યક્તિનો હક છીનવીને એકાદ નેપો કીડ રેસમાં આગળ નીકળી જાય ત્યારે જ લોકો એની ટીકા પણ કરે, જે વ્યાજબી પણ છે. ■

# વાયરસ



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

એ ખરું કે સત્યમ સારાભાઇ ધૂની હતા, એ પણ ખરું કે એ મૂંજી હતા અને એ પણ ખરું કે એ તરંગી હતા, પણ એ જ તો એક વૈજ્ઞાનિકનું સામાન્ય લક્ષણ હોય છે. સત્યમ સારાભાઇ નામાંકિત જીવવિજ્ઞાની હતા. રાષ્ટ્રપતિ પુરસ્કાર બબ્બે વાર પ્રાપ્ત કરનાર એક માત્ર વૈજ્ઞાનિક. નાની ઉંમરે નામના મેળવનાર. સિદ્ધિ અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરનાર. કીર્તિ અને કલદાર મેળવનાર. ઉંમર પચાસની આસપાસ. માથે ચાંદી જેવા ચળકતા વાળ. ન ધોળા, ન કાળા. ગ્રે કહી શકાય તેવા. ચશ્માં પાછળ છુપાયેલી પાણીદાર આંખો. દેખાવમાં સામાન્ય પણ કામમાં અસામાન્ય. વિજ્ઞાન ક્ષેત્રે દેશવિદેશમાં પ્રતિષ્ઠિત નામ. સત્યમ સારાભાઇ વિજ્ઞાનવિશ્વનું અણમોલ રત્ન હતા!

સત્યમ સારાભાઇ સાયન્સ રિસર્ચ સેન્ટરમાં અત્યંત ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા. સાત માળના સેન્ટરના સાતમા માળે સારાભાઇની પ્રયોગશાળા હતી. સાથે જોડાયેલી અલાયદી અદ્યતન ઓફિસ. પ્રયોગશાળામાં કાચની શીશીઓમાં જાતજાતનાં દ્રાવણો અને રસાયણો ભરેલાં રહેતાં. નરી આંખે ન દેખાય એવાં સૂક્ષ્મ જીવજંતુઓથી માંડીને માખી, મચ્છર, માંકડ, ચાંચડ, ફૂદાફૂદી અને ઉંદર તથા સસલા જેવા અનેક જીવો પર સતત પ્રયોગ કર્યા કરતા. વામણા જંતુઓ અનેક વાર વિરાટકાય માનવોના જીવ પર જોખમ બનીને તોળાયેલા. બહુ દૂરના અતીતની વાત નથી. છેલ્લાં દસેક વર્ષમાં આ જીવાણુઓએ માનવજાત ફરતે સકંજો કસેલો. એવા સમયે વિષાણુ, જીવાણુઓ, વિષાણુઓ અને કીટાણુઓ વચ્ચે રહીને વેક્સીન એટલે કે રસીઓ શોધીને માનવજાતને ઉગારનાર સંકટહાર અને તારણહાર એક જ હતાઃ સત્યમ સારાભાઇ!

પહેલાં તો માખીઓ વિષમય વિષાણુ બનીને ત્રાટકેલી. માનવશરીરના કોઈ પણ અંગ પર બેસે એટલે ધીમી ગતિએ દેહમાં ઝેર ફેલાવા લાગતું. અને છ સાત કલાકથી માંડીને વધુમાં વધુ ત્રણ દિવસમાં માણસનો ખેલ ખતમ. ઉપદ્રવ મચી ગયેલો એને કારણે. સત્યમ સારાભાઇએ આ ઝેરીલી માખીઓ પર કેટલાયે પ્રયોગ કરીને અંતે રસી બનાવેલી. બહુ મોટું સંકટ નિવારી શકાયેલું. એ પછી મચ્છર કાળમુખો કાતિલ બનીને ત્રાટક્યું. મચ્છર માણસને કરડે અને થોડા જ સમયમાં માણસ મરણને શરણ. પાણીયે ન માગે. એ વખતે પણ સારાભાઈએ રાતદિવસ કામ કરીને રસી શોધી કાઢેલી અને સંકટ દૂર કરેલું.

પણ આ વખતનું સંકટ માત્ર સંકટ નહોતું, મહાસંકટ હતું. બન્યું એવું કે અચાનક જ માણસો મરવા લાગ્યા. ટપોટપ. વૃક્ષ પરથી પાકાં ફળ પડે એ રીતે. પહેલાં તો કોઈને કંઇ સમજાયું જ નહીં કે શું થઇ રહ્યું છે! માણસને સામાન્ય શરદી, ઉધરસ અને તાવ આવતો. બીજું કાંઈ જ નહીં. ડોક્ટર સળેખમની દવા આપે. ક્યારેક વધુ તાવ હોય તો મલેરિયા કે ટાઈફોઈડની દવા આપે. પણ માણસ સાજો થાય નહીં અને ઓચિંતો મૃત્યુ પામે. રોગચાળો વધતો ચાલ્યો. દર્દીઓની સંખ્યાનો સરવાળો નહીં, ગુણાકાર થતો ચાલ્યો. મરનારાની સંખ્યા પણ વધતી ચાલી. હાહાકાર મચી ગયો. મહામારી ફેલાતી ગઈ. કુદરત કોપ વરસાવી રહી હતી કે કાળો કેર!

સાયન્સ રિસર્ચ સેન્ટરમાં સત્યમ સારાભાઇ આ મહામારીનું મૂળ શોધવા પ્રયત્ન કરી રહ્યા હતા. સંશોધન દરમિયાન એમણે જાણ્યું કે કોઈ નવા જ પ્રકારના, દરિયાપારના દેશમાંથી આવેલા વિષમ વાયરસને કારણે રોગચાળો ફાટી નીકળ્યો છે! એવું પણ જાણ્યું કે આ વાયરસ માણસથી ફેલાય છે! માણસ જ વિષમ વાયરસનો સંવાહક છે! આ નવા વાયરસનું સંક્રમણ જીવ લેનાર હોવાથી એમણે એનું નામકરણ કર્યુંઃ જીવલેણ જીવાણુ!

જીવાણુ ખરેખર જીવલેણ જ હતું. આદમખોર હતું. માણસથી ફેલાય અને માણસને જ મારે એવો આ પહેલો જ માનવભક્ષી જીવાણુ હતું. એવું કહેવાતું કે ચામાચીડિયામાંથી કોઈ વાયરસે માણસને ચેપ લગાડ્યો. પછી એક માણસમાંથી બીજા માણસમાં, બીજામાંથી ત્રીજામાં, ત્રીજામાંથી ચોથામાં...એમ સંક્રમણ થતું ગયું. ચેપી માનવસાંકળ રચાતી રહી. અગાઉ ઉંદર અને મરઘાથી રોગચાળો ફેલાયેલો, પણ માણસના સ્પર્શથી ફેલાયેલી આ પ્રથમ અને એકમાત્ર મહામારી હતી. જે માણસજાત પોતાને બહુ જ શક્તિશાળી સમજતી હતી, એ પ્રકૃતિના પ્રકોપ સામે પરવશ અને પાંગળી બની ગઇ. ક્યારે, કોણ, કેવી રીતે અને ક્યાંથી આ વાયરસ લઈને આવ્યું એ કોને ખબર,પણ રાષ્ટ્ર પર મહાસંકટ મંડાયું. રાષ્ટ્રવ્યાપી તાળાબંધી જાહેર થઇ. કટોકટી જેવી પરિસ્થિતિ સર્જાઈ. મેળાવડા, મહેફિલો અને મિજલસના માણસો ઘરમાં પુરાઈ ગયા. માણસ માણસને મળી ન શકે. અડકી ન શકે. અડ્યા તો મર્યા. બહાર જીવલેણ જીવાણુ અને ઘરકેદમાં માણસો! પહેલી વાર પશુપંખીઓ સ્વતંત્ર હતા અને એમને પિંજરે પૂરતા માણસો મુક્ત હોવા છતાં બંધનમાં!

અત્યંત વિકટ પરિસ્થિતિ હતી. આવા કપરા સંજોગોમાં દેશ અને દુનિયાની નજર સત્યમ સારાભાઇ પર હતી. એમના સંશોધન પર હતી. અગાઉ એમણે જીવજંતુથી ફેલાતા રોગચાળામાં વેક્સીન શોધેલી. એટલે એમના ભણી સૌની મીટ મંડાયેલી. વિશ્વભરના વૈજ્ઞાનિકો જીવલેણ જીવાણુ વિરુદ્ધ વિનાશક વેક્સીન શોધવાના પ્રયાસો કરી રહ્યા હતા, પણ સફળતાનાં એંધાણ નહોતાં. એવામાં સૌની આશાનું કિરણ હતા સત્યમ સારાભાઇ. માત્ર રાષ્ટ્રને જ નહીં, વિશ્વને પણ બચાવવાની બહુ મોટી જવાબદારી હતી એમના માથે. એ પોતે પણ એ જાણતા હતા.

અત્યારે સત્યમ સારાભાઇ પ્રયોગશાળામાં જીવલેણ જીવાણુનો પ્રતિકાર કરી શકે તેવી વેક્સીન બનાવવાના પ્રયોગો કરવામાં પરોવાયેલા હતા. છેલ્લા એક મહિનાથી એ પ્રયોગશાળામાં જ હતા. ઘેર ગયા નહોતા. લગાતાર પ્રયોગો કરી રહ્યા હતા. ત્રીસમે દિવસે કરેલા પ્રયોગ પછી એકાએક એમને લાગ્યું કે સફળતા હાથવેંતમાં જ છે! જીવાણુનાશક રસી કદાચ પંદર દિવસમાં બજારમાં મૂકી શકાશે. દુનિયાભરના જીવવિજ્ઞાનીઓ જે નથી કરી શક્યા એ સિદ્ધિ પોતે પ્રાપ્ત કરી શકશે! સારાભાઇને સંતોષ થયોઃ હાશ! હવે માનવજાત પરનું જોખમ ટળી જશે!

પણ, હાય રે દુર્ભાગ્ય! માનવજાત પરનું જોખમ ટળે એ પહેલાં સત્યમ સારાભાઇનો જીવ જોખમમાં મુકાયો. એકત્રીસમે દિવસે સાંજે કેન્ટીનમાંથી રાજુ સારાભાઈને ચા આપવા ગયો ત્યારે. પ્રયોગશાળાને અડીને આવેલી ઓફિસમાં પોતાની ખુરશીમાં સારાભાઈ ઢળી પડ્યા હતા! એમના મોંમાંથી ફીણ નીકળતાં હતાં. રાજુએ રાડારાડ કરી મૂકી. સૌ દોડી આવ્યા. સારાભાઈનો સહાયક દલસુખ દલવાડી, અંગત સચિવ ઉમંગ ઉદેશી, રિસેપ્શનિસ્ટ ઈલા વ્યાસ અને પ્રયોગશાળામાં કામ કરતા અન્ય વૈજ્ઞાનિકો. પ્રયોગશાળાના નિયામક બરજોર શેઠના પણ ઘટનાની જાણ થતાં આવી પહોંચ્યા. એમણે સત્યમ સારાભાઈની નાડી તપાસી. મોડું થઇ ગયેલું. સારાભાઇ મૃત્યુ પામ્યા હતા! નિયામક શેઠનાજીએ તરત જ પોલીસ બોલાવી અને સાયન્સ રિસર્ચ સેન્ટરનું મુખ્ય દ્વાર બંધ કરાવી દીધું. ન કોઈ આવી શકે, ન કોઈ જઈ શકે!

ઇન્સ્પેક્ટર કરણ બક્ષી અને જયરાજ જાડેજા આવી પહોંચ્યા. ઘટના અંગેની પ્રાથમિક માહિતી મેળવી. પછી સત્યમ સારાભાઈના મૃતદેહ પાસે ગયા. ખુરશીમાં એમનો દેહ ઢળી પડેલો. બંને હાથ વિશાળ મેજ પર ફેલાયેલા. મોં પર સર્જિકલ માસ્ક હતું. સુરક્ષા માટે પહેરાતું કવચ અત્યારે શરીરે નહોતું. આંખો એકદમ ફાટી ગયેલી. કીકીઓ સ્થિર થઇ ગયેલી. મોંનાં ફીણથી સ્પષ્ટ થતું હતું કે મૃત્યુનું કારણ ઝેર છે. એમના ડાબા હાથના પોંચા પર સોય ભોંકવાથી કે ઇન્જેક્શન મારવાથી થાય એવડું ટપકું હતું. કોઈએ જાણીજોઇને એમની હત્યા કરવાના હેતુથી સોય ભોંકેલી એ સ્પષ્ટ હતું. સારાભાઈના જમણા હાથ નજીક મેજ પર એક ખુલ્લી પેન પડેલી. પાસે એક ચોળાયેલો કાગળ. એમાં કંઈક લખેલું હતું. જયરાજે જોયું કે એમાં અંગ્રેજી અક્ષર ડબ્લ્યુ-W લખેલો હતો. ડબ્લ્યુના છેડા અણીદાર નહોતા, પણ થોડા વળાંકવાળા હતા.લંબગોળાકાર કે અર્ધગોળાકાર. આ ડબ્લ્યુ કરણને સામેની બાજુએથી એમ-M વંચાયો. એ આડો રાખીને વાંચીએ તો અંગ્રેજીઅ ઈ-E પણ બને. અથવા ત્રણ-3 પણ બને. કરણ અને જયરાજની આંખો ટકરાઈઃ આ અક્ષર ખૂનીનો સંકેત આપતો હોય એવું પણ બને!

દરમિયાન સત્યમ સારાભાઈની પત્ની મીના પણ આવી પહોંચી. કરણે સૌને મુલાકાતી ખંડમાં સામાજિક અંતર જળવાઈ રહે એ રીતે એકત્ર કર્યાં. સૌના મોઢે માસ્ક. પૂછપરછની શરૂઆત મીનાથી કરી. પેલો સંકેત ડબ્લ્યુ વુમનનો પણ હોય. અથવા એમ-મીનાનો પણ હોઇ શકે!

કરણઃ 'શું તમે જાણતા હતા કે સત્યમ સારાભાઇ અત્યારે શેનો પ્રયોગ કરી રહ્યા હતા?'

મીનાઃ 'જીવલેણ જીવાણુની રસી શોધવાનો. બધા જ જાણતા હતા.'

કરણઃ 'પ્રયોગની પ્રગતિ અંગે એમણે ફોન પર તમારી સાથે કોઈ વાત કરેલી?'

મીનાઃ 'એમને તક મળે ત્યારે એ ફોન પર વાત કરી લેતા. પણ પ્રયોગ અંગે ક્યારેય મારી સાથે વાત ન કરતા.'

હં,. કરણે કહ્યું. પછી કરણ રિસેપ્શનિસ્ટ ઈલા વ્યાસ તરફ ફર્યો. પેલો અક્ષર ઈ-ઈલાનો પણ હોઈ શકે!

કરણઃ 'સાયન્સ સેન્ટરમાં કેટલા સમયથી શું કામ કરો છો?'

ઈલાઃ 'હું ત્રણ વર્ષથી અહીં કામ કરું છું. હું રિસેપ્શન પર જ રહેતી. સેન્ટરમાં કોઈએ ફોન પર વાત કરવાની હોય તો હું ફોન જોડી આપતી. ટેલિફોનનું મુખ્ય એક્સટેન્શન બોર્ડ મારી પાસે રહેતું. કોઈ મુલાકાતી હોય તો હું ઇન્ટરકોમ પર જાણ કરીને જે તે વ્યક્તિને મળવા મોકલતી. અને એનું રજિસ્ટર રાખતી. કોણ ક્યારે આવ્યું, કોને મળ્યું અને ક્યારે બહાર નીકળ્યું એ હું નોંધી લેતી. પણ હમણાં તાળાબંધી હોવાથી કોઈ મુલાકાતી નથી હોતા.'

જયરાજઃ 'ધારો કે તમારી નજર ચૂકવીને કોઈ આવે અથવા બહાર જાય તો?'

ઈલાઃ 'એ શક્ય જ નથી. કોઈ ઉપર આવે કે નીચે જાય, એણે મારી સામેથી જ પસાર થવું પડે. મારી બેઠક એ રીતની જ છે કે મારી નજરે ચડ્યા સિવાય કોઈ આવી જઈ શકે નહીં.'

કરણઃ 'આજે કોઈ આવ્યું કે ગયેલું?'

ઈલાઃ 'ના. કોઈ આવ્યું પણ નથી અને કોઈ ગયું પણ નથી.'

કરણઃ 'સારાભાઇએ કોઈને ફોન કરેલો?'

ઈલાઃ 'ના, મારી પાસે તો કોઈનો નંબર માંગ્યો નથી. પોતાના સેલફોનથી કર્યો હોય તો ખબર નથી.'

કરણઃ 'સારાભાઈના પ્રયોગ અંગે તમે શું જાણો છો?'

ઈલાઃ 'ખાસ કાંઈ નહી. એ રસી બનાવતા હતા એટલું જ.'

હવે કરણ નિયામક બરજોર શેઠના પાસે ગયો. એના મનમાં વિચાર ઝબકી ગયો. ૩ની આગળ ઊભી લીટી કરીએ તો બી થાય. બરજોરનો બી!

કરણઃ 'તમે તો પ્રયોગ અને રસી વિશે જાણતા જ હશો.'

શેઠનાજીઃ 'અમારી રોજ સાંજે સાતેક વાગે ઇન્ટરકોમ પર વાત થતી. જરૂરી હોય તો અમે મળી પણ લેતા. પણ ત્રણ દિવસથી અમે રૂબરૂ મળ્યા નહોતા. હા, ગઈ કાલે સાંજે નિયમ પ્રમાણે ફોન પર વાત કરતાં સારાભાઈએ કહેલું કે પોતે જલ્દી જ સારા સમાચાર આપશે.'

હં, એનો અર્થ એમ થયો કે એ રસી બનાવવામાં સફળ થયા હશે. કરણે મનોમન વિચાર્યું. પછી પૂછ્યુંઃ 'તમારા આ પ્રયોગને કોઈ નામ આપેલું? ઓપરેશન એમ, વી કે થ્રી એવું કાંઈ?'

શેઠનાજીઃ 'ના એવું તો કાંઈ નથી. આ તો જીવલેણ જીવાણુ હતો. નામ આપવાનું જ હોત તો જીજી આપ્યું હોત.'

'અં, આઈ થિંક યુ આર રાઈટ!'કરણે કહ્યું. પછી દલસુખ દલવાડી તરફ ફર્યો. દલવાડી છેલ્લા સાતેક વર્ષથી સારાભાઇ સાથે કામ કરતો હતો. એમનો અત્યંત વિશ્વાસુ હતો. જયરાજે નોંધ્યું કે, દલસુખ મધ્યમ કદનો સપ્રમાણ બાંધો ધરાવતો પાંત્રીસેક વર્ષનો યુવાન હતો. એની આંખો સૂઝી ગયેલી. રડીરડીને. આંખમાંથી આંસુ હજુ સુકાતાં નહોતાં.

કરણઃ 'તમે તો સારાભાઇની સાથે જ કામ કરતા હતા. ઘટના બની ત્યારે તમે ક્યાં હતા?'

દલસુખ : 'હું થોડી વાર પહેલાં જ જરા પગ છૂટા કરવા નીચે ગયેલો. મને થયું કે તાજી હવા ખાઈને પાછો આવીશ.મેં મારો સુરક્ષા કવચ સમો પોશાક ઉતાર્યો. સારાભાઇ સાહેબે પણ એ પોશાક કાઢેલો. દિવસમાં એક વાર એ પોશાક ઉતારતા. ચા પીવા, કંઇ ખાવા માટે કે બીજી ક્રિયાઓ માટે. અડધા કલાકના વિરામ પછી ફરી પ્રયોગ કરવા લાગતા.'

જયરાજઃ 'તમને એમ પૂછ્યું કે ઘટના બની ત્યારે તમે ક્યાં હતા?'

દલસુખ : 'તમે તો ભારે ઉતાવળા. હું એ જ તો કહું છું. સાહેબ ચાની રાહ જોતા બેઠા અને હું નીચે ગયો. પાછો આવ્યો ત્યારે સાહેબ...સાહેબ... કહેતાં દલસુખે પોક મૂકીઃ કદાચ કોઈ વાયરસે હુમલો કર્યો હશે!'

કરણઃ 'પ્રયોગની પ્રગતિ કે સફળતા વિશે તમારી કંઇ વાત થયેલી?'

દલસુખ : 'એ કહેતા હતા કે આપણે સફળતાને પંથે છીએ. રસી પંદરેક દિવસમાં જ બજારમાં મૂકી શકાશે.'

ઓકે.. કહીને કરણ અંગત સચિવ ઉમંગ ઉદેશી તરફ ફર્યો. પેલો અક્ષર ડબ્લ્યુને બદલે ડબલ યુ પણ હોઈ શકે!

કરણઃ 'સારાભાઇના અંગત સચિવ તરીકે તમે શું કામ કરતા?'

ઉમંગઃ 'હું સાહેબના પત્રો અને ઈ-મેઈલ જોતો. એમના કહેવા પ્રમાણે જવાબ આપતો. મુલાકાતો ગોઠવતો. જરૂરી કાગળોની ફાઈલ તૈયાર કરતો. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને મોકલવાના કાગળો રવાના કરતો. એક અંગત સચિવે જે કામ કરવાના હોય તે બધા હું કરતો. આજે એમણે કહેલું કે વડા પ્રધાન અને રાષ્ટ્રપતિને આવતી કાલે એક પત્ર ઈ-મેઈલ પર પાઠવવાનો છે. પણ એ પહેલાં.'

કરણઃ 'પ્રયોગ અંગે તમે શું જાણતા હતા?'

ઉમંગઃ 'એ ખુશમિજાજમાં હતા, પણ મારી સાથે કોઈ વાત નહોતી કરી.'

મુખ્ય નિવેદનો લેવાઈ ગયાં. જયરાજે ચોકસાઈથી નિવેદનો નોંધેલાં. કરણ એ જોઈ રહ્યો. પેલો અંગ્રેજી અક્ષર ડબ્લ્યુ, ડબલ યુ, ઈ, એમ કે થ્રી કડીરૂપ હતો, પણ કોઈ કડી મળતી નહોતી. કરણે જયરાજને કહ્યુંઃ 'સત્યમ સારાભાઇ અત્યંત વિચક્ષણ અને બુદ્ધિશાળી હતા. એ કાંઈ એમનેમ અક્ષર ન લખે. એવું કંઈક છે જે આપણે જોઈ શકતા નથી! કહીને ફરીફરીને નિવેદન વાંચતો ગયો અને પેલો અક્ષર લખેલો કાગળ આમતેમ, ગોળગોળ, ઉપરનીચે ફેરવતો ગયો. અને, અચાનક એના મનમસ્તકમાં...વીજળીને ચમકારે મોતી પરોવાયું!

સત્યમ સારાભાઈનો ખૂની અહીં આપણી વચ્ચે જ છે! શાંત પાણીમાં કાંકરી ફેંકાય અને વમળ ઊઠે એમ કરણના ધડાકાથી બધાનાં માનસમાં વિચરવમળ ઊઠ્યાં. કરણે બધાના ચહેરા પર નજર કરીને આગળ ચલાવ્યુંઃ 'સારાભાઇના મેજ પર એક કાગળ મળેલો. એમાં એક અક્ષર લખેલો. ડબ્લ્યુ, ડબલ યુ, ઈ, એમ કે પછી થ્રી. એટલે એ અક્ષરથી શરૂ થતાં બધા લોકો મારી નજરે શકમંદ હતા. પણ મીના તો પ્રયોગશાળામાં આવી જ નહોતી. ઉમંગ કાંઈ જાણતો નહોતો. શેઠના સાથે માત્ર ફોન પર જ વાત થઇ હતી. જો એ સારાભાઈને મળ્યા હોત તો ઈલાએ જરૂર જોયા હોત. અને દિનેશ તો એમનો ખાસ વિશ્વાસુ હતો. વિશ્વાસે તો વહાણ ચાલતા હોય છે. તો ખૂની કોણ? પછી મને સમજાયું કે સારાભાઇ એક અક્ષર દ્વારા કહેવા માગતા હતા કે વિશ્વાસે જ વહાણ ડુબાડ્યું! એ એના નિવેદનમાં પણ એ ખોટું બોલ્યો છે કે એ નીચે ગયેલો. પણ જો એ નીચે ગયો હોત તો ઈલાએ એને જરૂર જોયો હોત. એની પાસે વાયરસનું, જીવલેણ વિષનું અને એને ઇન્જેક્શન દ્વારા શરીરમાં ઉતારવાનું જ્ઞાન હતું. એટલે તક જોઇને સારાભાઈના હાથમાં સોય ભોંકીને ઝેર ઉતારી દીધું. હવે તો તમે સૌ સમજી જ ગયા હશો કે એ વિશ્વાસઘાતી દલસુખ દલવાડી છે! સારાભાઇએ પણ અક્ષર મારફત એનો જ સંકેત આપ્યો છે! બોલ દલસુખ, ખરું કે ખોટું?'

દલસુખઃ 'હું કબૂલ કરું છું કે હું નીચે નહોતો ગયો. પણ એટલે મેં ખૂન કર્યું છે એવું કઈ રીતે સાબિત થાય?'

કરણે અક્ષર લખેલો કાગળ સૌની સામે લહેરાવ્યો. ગોળ ગોળ ફેરવ્યો. અક્ષરો સંતાકૂકડી રમતા રહ્યા. ડબ્લ્યુ,એમ, ઈ, થ્રી... અંતે કાગળ સ્થિર થયો. કરણ કહેઃ 'હું અંગ્રેજી અક્ષર ઉકેલવાની મથામણ કરતો રહ્યો, પણ આ તો ગુજરાતી મૂળાક્ષર નીકળ્યો.એ છે. દ! દ દગાખોરનો દ! દ દગાબાજ દલસુખ દલવાડીનો દ!'

સૌની ફિટકાર વરસાવતી આંખો વચ્ચે દલસુખે ગુનો કબૂલ કર્યોઃ 'હા, મેં જ સાહેબને સોય ભોંકી. એમના સંશોધનમાં હું સાથે ને સાથે હોવા છતાં બધો યશ એમને એકલાને જ મળતો. મારું ક્યાંય નામ સુધ્ધાં નહીં! અત્યારે તો રસીનો પ્રયોગ મારા પર કરવા માગતા હતા. મને બહુ દાઝ ચડી. મોકો મળતાં જ એમને ઝેરનું ઇન્જેક્શન આપી દીધું.!'

જયરાજે દલસુખ સામે હાથકડી લંબાવી ત્યારે સૌના મનમાં ગુંજવા લાગ્યુંઃ 'દગો કોઈનો સગો નહીં!' ■

સ્થાપત્યનું વાઈ-ફાઈ

# મહારાષ્ટ્રનું માયા સોમૈયા પુસ્તકાલયઃ જમીન ને છતનો સમન્વય


હેમંત વાળા feedback@bombaysamachar.com

મહારાષ્ટ્રના કોપરગાંવની શારદા સ્કૂલનું વર્ષ ૨૦૧૮માં તૈયાર થયેલ આ પુસ્તકાલય છે જેની રચના સ્થપતિ સમીપ પાડોરા એન્ડ એસોસિએટ્સ દ્વારા નિર્ધારિત કરાઈ છે. આ પુસ્તકાલય માટે આ સ્થપતિને વર્ષ ૨૦૧૯માં બીઝલી એવોર્ડ અપાયો હતો. આ પુસ્તકાલયની રચનામાં રહેલી અનૌપચારિકતાને કારણે વિદ્યાર્થી અહીં સરળતાથી 'ગોઠવાઈ' જાય છે.

પેવેલિયન સમાન આશરે ૫૭૫ ચોરસ મીટર વિસ્તારનું આ પુસ્તકાલય વિદ્યાર્થીઓના આવનજાવનના માર્ગ ઉપર એ રીતે બનાવવામાં આવ્યું છે કે અહીંથી પસાર થતી વખતે વિદ્યાર્થીઓ પુસ્તકનો ઉપયોગ કરવા પ્રેરાય. અહીં એક બાજુ શાળા અને બીજી બાજુ પ્રસ્તાવિત રમતનું મેદાન હોવાથી પુસ્તકાલય માટે આ સ્થાનની પસંદગી કરવામાં આવી. વળી જગ્યાની સંકડાશને કારણે રેખાકીય મકાન બનાવવાની જરૂરિયાત હતી. એમ કહી શકાય કે આ પુસ્તકાલયની રચનાનો આધાર વળાંકાકાર છાપરું અર્થાત 'વોલ્ટ' છે. જરૂરિયાત પ્રમાણેનું ક્ષેત્રફળ રોકી શકે અને નિર્ધારિત સ્થાન ઉપર ગોઠવાઈ શકે તે મુજબ રીતનો વોલ્ટ નિર્ધારિત કરાયાં પછી તેનું વિગતિકરણ ઉપયોગિતા મુજબ સૂચિત કરાયું હોય તેમ જણાય છે.


સોળમી સદીમાં વિકસેલ વળાંકાકાર છતની કેટલન ટાઇલ શૈલીનો અહીં ઉપયોગ કરાયો છે. પરદેશમાં આ પ્રકારની છત અસરકારક રીતે આ પહેલાં પ્રયોજાઈ ચૂકી છે. મજબૂતાઈ, કિંમત, ઉપયોગિતા, નાટકીયતા તેમજ રસિકતાના સંદર્ભમાં આ







પ્રકારની રચનાને સ્વીકૃતિ મળ્યાં બાદ સમગ્ર વિશ્વમાં તેનો પ્રસાર થયો. આ પ્રકારની રચનામાં જમીનમાં બનાવાયેલા કોન્ક્રીટના ટેકા - પેડેસ્ટલ્સનો આધાર લઈ વ્યક્તિ છતની ઉપર પણ જઈ શકે છે. આને કારણે છત અને જમીન વચ્ચેનું સમીકરણ ગાઢ તેમ જ ઉપયોગી બને છે. અહીં છત, છત ન રહેતાં ઉપસેલી જમીન બની જાય છે. એમ કહી શકાય કે આ પુસ્તકાલય જમીનના સ્તરનાં ઔપચારિક વિસ્તરણ તરીકે લાગે છે. બસ જમીન પરથી ચાલતાં ચાલતાં પુસ્તકાલયની છત પર પહોંચી જવાય. એક દ્રષ્ટિકોણ પ્રમાણે આ પુસ્તકાલય કોન્ક્રીટના શેલમાંથી બનાવાયેલ 'આર્કિટેકચરલ લેન્ડસ્કેપ' સમાન છે. વળી આ પુસ્તકાલય આજુબાજુની પરિસ્થિતિ સાથે કોઈપણ પ્રકારના ઘર્ષણ કે વિરોધ વગર ગોઠવાઈ જાય છે અને તેનાથી એક પ્રકારની સંવાદિતતા ઊભી થાય છે. બાળકો માટે આ એક રસપ્રદ ઘટના કહેવાય.



બિનપરંપરાગત આકાર તેમજ તેને લગતી ટેકનોલોજીનો રચનાત્મક ઉપયોગ, દીવાલ અને છત વચ્ચેના ભેદની બાદબાકી, વિશાળ બારીઓથી અનુભવાતી મુક્તતા, બાંધકામની જે તે સામગ્રીનો તકનીકી દષ્ટિએ અસરકારક અને સ્થાપત્યની દ્રષ્ટિએ રચનાત્મક ઉપયોગ, મોકળાશ સાથે કુદરતી હવા-ઉજાસથી ભરપૂર અને એક પ્રકારની સ્વતંત્રતા આપે તેવું આંતરિક વાતાવરણ, અવરોધ રહિત સ્થાન નિર્ધારણ, વળાંકાકાર છતના કારણે આંતરિક 'વોલ્યુમ'માં મળતી રસપ્રદ વિવિધતા, ચારે તરફથી પ્રવેશ માટેની સંભાવના, ફેરવી શકાય તેવાં રાચરચીલાને કારણે આંતરિક સ્થાનમાં આવતી લવચીકતા અર્થાત ફ્લેક્સિબિલિટી, ઈંટોની તકતીઓથી મઢાયેલ છતમાં અનુભવાતો તંબુ જેવો ભાવ, સમગ્ર આકારમાં પ્રતીત થતી હળવાશ તેમ જ પ્રવાહીતતા, દરેક વિદ્યાર્થીને પોતાની પસંદ પ્રમાણેનું સ્થાન મળવાની સંભાવના, અને સમગ્રતામાં કુદરતી શિલ્પની પ્રતીતિ કરાવતી આ રચના છે એમ કહી શકાય.

સ્થાપત્યમાં, ઉપયોગિતા પ્રમાણે આકાર નક્કી કરવાનો હોય કે પૂર્વ નિર્ધારિત આકારમાં ઉપયોગિતા ગોઠવવાની હોય, બેમાંથી કયો માર્ગ યોગ્ય છે, ઇચ્છનીય છે તે વિશે વર્ષોથી ચર્ચા ચાલી રહી છે. એક પક્ષ એમ કહે છે કે ઉપયોગિતા મુજબ આકાર નિર્ધારિત થવો જોઈએ. તેમની દલીલ પ્રમાણે, આમ કરવાથી વધુ કાર્યક્ષમ સ્થાપત્યનું નિર્માણ થઈ શકે. તેમની વાત સાચી પણ છે. બીજો પક્ષ એમ કહે છે કે જો ઉપયોગિતામાં લવચીકતા હોય તો પ્રથમ આકારની પસંદગી કરવાથી વધુ સુંદર સ્થાપત્યનું નિર્માણ થઈ શકે. આ તર્ક પણ સાચો છે. ઉપયોગીતા કઈ છે તેને આધારે નક્કી કરી શકાય કે પ્રથમ આકાર પસંદ કરવામાં આગળ જતાં કોઈ તકલીફ તો નહીં પડે ને. આ પુસ્તકાલયમાં પહેલાં આકાર નિર્ધારિત કરાયો છે. એનું કારણ એ હોઈ શકે કે પુસ્તકાલયમાં દરેક વ્યક્તિનું સ્થાન નિર્ધારણ વિસ્તારના નાનકડા એકમ તરીકે હોઈ શકે. આ એકમની ગોઠવણીમાં ઘણી સંભાવના રહે. આ સંભાવનાને જો જાળવી રાખવી હોય તો એ પ્રકારનું પુસ્તકાલય બનાવવું પડે કે જેમાં આ આમ જ થાય તેવી ધારણા ન બાંધી શકાય. આ પુસ્તકાલયની જગ્યાની ઉપયોગિતામાં આ પ્રકારની સંભાવનાને જાણે વણી લીધી છે. આ એ પ્રકારની સ્થાપત્ય રચના છે જેમાં પહેલાં આકારની પસંદગી કરવામાં આવી છે અને પછી તેમાં ઉપયોગિતા સરસ રીતે ગોઠવી દેવાઇ છે. શાળામાં, શાળાના પુસ્તકાલયમાં આ એક ઇચ્છનીય સ્થાપત્યકીય ઘટના કહેવાય.

એમ કહી શકાય કે સ્થપતિએ આ રચનામાં શાળાનાં મકાનોની જે પરંપરાગત ધારણા છે તેમાંથી બહાર નીકળવાનો સફળ પ્રયત્ન કર્યો છે. એમ કહી શકાય કે બાળસહજ નિર્દોષતા તેમજ મુક્તતા આ પુસ્તકાલયમાં પ્રતિબિંબિત થાય છે. એમ કહી શકાય કે અહીં જમીન અને મકાનનું જોડાણ રચનાત્મક પણ છે અને અર્થપૂર્ણ પણ છે. એમ કહી શકાય કે આ રચનાથી બાળકોની ભાવનાને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરાયો છે. એકંદરે આ પુસ્તકાલય વિદ્યાર્થી, શિક્ષકો અને સંસ્થાને ગૌરવની અનુભૂતિ કરાવવા સમર્થ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બિહારના પરિણામથી બજાર બેઅસરઃ સેન્સેક્સ ૪૫૦ પોઈન્ટ નીચે જઈ પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ ફેડરલ દ્વારા ડિસેમ્બરમાં રેટકટની આશા પર પાણી ફરી વળતાં બજાર બિહારની ચૂંટણીના પરિણામથી તદ્દન બેઅસર રહીને ૪૫૦ પોઇન્ટ ગબડ્યું હતું. જોકે, પાછળથી બ્લુચીપ શેરોમાં નીચા મથાળાની લેવાલીએ તમામ નુકસાન પચાવી લીધું હતું. સેન્સેક્સ અંતે ૮૪.૧૧ પોઇન્ટ અથવા તો ૦.૧૦ ટકાના સુધારા સાથે ૮૪,૫૬૨.૭૮ પોઇન્ટની અને નિફ્ટી ૧૩૮.૩૫ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૩૦.૯૦ પોઇન્ટ અથવા તો ૦.૧૨ ટકાના સુધારા સાથે ૨૫,૯૧૦.૦૫ની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરમાં ઇટર્નલ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટ્રેન્ટ, એક્સિસ બેન્ક, સ્ટેટ બેન્ક, બજાજ ફાઇનાન્સ, સન ફાર્માસ્યુટિકલ્સ, એશિયન પેઇન્ટ્સ, અદાણી પોર્ટ, હિંદુસ્તાન યુનિલીવર, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇટીસી, પાવરગ્રીડ કોર્પ, ટાટા મોટર્સ કમર્શિઅલ વ્હીકલ અને બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર્સ શેરોમાં સામેલ હતા, જ્યારે ઇન્ફોસિસ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, ટાટા સ્ટીલ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ટેક મહિન્દ્રા, ટાઇટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારુતિ સુઝુકી ઇન્ડિયા અને લાર્સન એન્ડ ટૂબ્રો ટોપ લુઝર રહ્યા હતા.

એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસના રૂ.૧૮૦ કરોડના ૧.૫૦ કરોડના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૩૨૦ કરોડના ૨.૬૭ કરોડ શેરના ઓએફએસ સાથે ૧૯ નવેમ્બરે મૂડી બજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૨૧ નવેમ્બરે બંધ થશે. શેરની ફાળવણી ૨૪ નવેમ્બરે અને બીએસઈ, એનએસઈ પર લિસ્ટિંગ ૨૬ નવેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૧૪થી રૂ.૧૨૦ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઇઝ ૧૨૫ શેરની છે. ક્યુપિડ લિમિટેડે બીજા ક્વાર્ટરના પરિણામમાં વાર્ષિક ધોરણે ૯૧ ટકા વૃદ્ધિ સાથે રૂ.૯૦.૨૩ કરોડની કુલ આવક, ૧૭૬ ટકા વૃદ્ધિ સાથે રૂ.૨૮.૪૧ કરોડનો એબીટા, ૧૨૭ ટકા વૃદ્ધિ સાથે રૂ.૩૨.૧૯નો કરવેરા પહેલાનો નફો અને ૧૪૦ ટકા વૃદ્ધિ સાથે રૂ.૨૪.૧૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સપ્ટેમ્બરના ત્રિમાસિક પરિણામમાં નિયોજન કેમિકલ્સ લિમીટેડની સંયુક્ત આવક વાર્ષિક ધોરણે આઠ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૦૯ કરોડ રહી છે. નિયોજન આયોનિક્સની આવક બીજા ક્વાર્ટરમાં રૂ.૫.૪૨ કરોડ હતી. બીજા ક્વાર્ટરમાં સયુંક્ત એબીટા રૂ.૩૦ કરોડ હતો. નિયોજનનો કર પછીનો નફો ત્રણ કરોડ રૂપિયા હતો.

એચઈસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૯૬.૮૪ ટકા વૃદ્ધિ સાથે રૂ.૪૦.૮૨ કરોડની કુલ આવક, ૧૦૫.૬૯ ટકા વૃદ્ધિ સાથે રૂ.૩.૮૬ કરોડનો એબીટા, ૮૨.૧૦ ટકા વૃદ્ધિ સાથે રૂ.૨.૨૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

પાઇન લેબ્સ લિમિટેડે ૯.૫ ટકા સાથા બજારમાં લિસ્ટિંગ મેળવ્યા બાદ ૨૪ ટકા સુધીનો ઉછાળો નોંધાવ્યો હતો. અગાઉ ડીબી રિઅલ્ટી તરીકે ઓળખાતી વેલોર એસ્ટેટ લિમિટેડના ડિમર્જર બાદ એડવેન્ટ હોટલ ઇન્ટરનેશનલના શેર બીએસઇ અને એનએસઇ પર ગુરુવારે લિસ્ટેડ થયા હતા. સુમિત ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે, ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨.૩૫ ટકા વૃદ્ધિ સાથે રૂ.૫૨૦.૮૩ કરોડની કુલ આવક, રૂ.૩૧.૧૭ કરોડનો એબીટા, ૨૩૦.૩૪ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૭.૮૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

અદાણી જૂથ આગામી દાયકામાં આંધ્ર પ્રદેશમાં એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. ઈકો રિસાયક્લિંગ લિમિટેડએ બીજા ક્વાર્ટરમાં રૂ.૧૪.૪૮ કરોડની કુલ આવક પર રૂ.૫.૬૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. રિસાયક્લિંગ ક્ષમતામાં વધારાથી ઓપરેટિંગ આવકમાં વધારો થયો છે. એબીટા રૂ. ૭.૨૫ કરોડ, એબીટા માર્જિન ૫૦.૦૭ ટકા, નેટ પ્રોફિટ માર્જિન ૩૮.૬૭ ટકા રહ્યું છે. વેલસ્પન લિવિંગ લિમિટેડે ટેરીફ વોરને કારણે નિકાસને ફટકો પડતા બીજા ક્વાર્ટરના નેટ પ્રોફિટમાં ૯૩ ટકાનો કડાકો નોંધાવ્યો છે.ઓટોમેશન સોલ્યુશન્સ પ્રોવાઈડર પાટિલ ઓટોમેશન લિમિટેડે નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ૨૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭.૫૩ કરોડનો ચોખ્ખો નફો અને ૨૧.૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭૩.૫૫ કરોડની કુલ આવક નોંધાવી છે. વાર્ષિક ધોરણે ૨૪.૨૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૯૬ કરોડનો એબીટા રહ્યો છે.




એલજી ઇલેક્ટ્રોનિક્સના પરિણામ ખરાબ આવતા તેના શેરમાં પાંચ ટકા સુધીનો કડાકો હતો. લાઇટિંગ સોલ્યુશન્સ ક્ષેત્રની કંપની ફોકસ લાઇટિંગ અને ફિક્સ્ચર્સે નાણાકીય વર્ષ ૨૬ના પ્રથમ છ મહિનાના પરિણામમાં, કુલ આવક રૂ. ૮૬.૪૪ કરોડ, રૂ. ૯.૦૩ કરોડનો એબીટા, ૧૦.૪૪ ટકાનું એબીટા માર્જિન, રૂ. ૩.૧૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. વાર્ષિક ધોરણે આવક ૧૪ ટકા વૃદ્ધિ દર્શાવે છે. અશોક લેલેન્ડનો બીજા ક્વાર્ટરનો નફો સાત ટકા વધ્યો છે. જ્યોતી લેબનો નફો ૧૬.૪ ટકાના ઘટાડા સાથે ૮૭.૭૬ કરોડ રહ્યો છે. મેરીટાઇમ કંપની એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડે, નાણાકીય વર્ષના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૯૦.૦૧ ટકા વૃદ્ધિ સાથે કુલ આવક રૂ. ૧૩૯.૫૩ કરોડ, ૩૨૪.૧૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૧.૩૫ કરોડનો એબીટા અને ૩૩૩.૭૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૦.૬૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

એમઆરએફનો બીજા ક્વાર્ટરનો નફો ૧૧.૭ ટકા વધીને રૂ. ૫૨૫.૬૪ કરોડ નોંધાયો છે. બીટુબી જ્વેલરી ઉત્પાદક આશાપુરી ગોલ્ડ ઓર્નામેન્ટ લિમિટેડે બીજા ક્વાર્ટરમાં ૧૭.૮૧ ટકા વૃદ્ધિ સાથે કુલ આવક રૂ. ૧૦૨.૪૧ કરોડ, ૧૨૮.૬૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૪૭ કરોડનો એબીટા અને ૧૪૪.૬૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮.૪૭ કરોડનો કરવેરા પહેલાનો નફો નોંધાવ્યો છે. ઝુઆરી ઇન્ડસ્ટ્રીઝે બીજા ક્વાર્ટરમાં રૂ. ૧૬૪ કરોડનો નફો નોંધાવ્યો છે. ગયા વર્ષે તેણે સમાનગાળામાં રૂ. ૧૪.૭૭ કરોડની ખોટ નોંધાવી હતી. રિટેલ અને ફૂડ પ્રોસેસિંગ કંપની, પટેલ રિટેલ લિમિટેડે બીજા ક્વાર્ટરમાં ૧૪.૯૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૨૫.૪૩ કરોડની આવક, ૩૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૯.૫૫ કરોડનો એબિટા અને ૭૩.૨૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૦.૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

મારિકોએ બીજા ક્વાર્ટરમાં પાછલા વર્ષના સમાનગાળા સામે એક કરોડ રૂપિયાના ઘટાડા સાથે રૂ. ૪૩૨ કરોડનો નફો નોંધાવ્યો છે. આઉટડોર બ્રાન્ડિંગ સોલ્યુશન્સ પ્રોવાઇડર ટ્રાન્ઝિટ એડવર્ટાઇઝિંગ કંપની, કેશ યોર ડ્રાઇવ માર્કેટિંગ લિમિટેડે અર્ધ વાર્ષિક ગાળાના અનઓડિટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામમાં ૨૨.૪૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭૭.૮૬ કરોડની આવક અને ૨૯.૫૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૦.૮૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એશિયન પેઇન્ટસનો નફો ૪૬.૮૦ ટકા વધીને રૂ. ૧૦૧૮.૨૩ કરોડ અને વેચાણ ૬.૪ ટકા વધીને રૂ. ૮,૫૧૩.૭૦ કરોડ રહ્યું છે. રેલ્વે રોલિંગ સ્ટોક ઘટકો અને ટર્નકી ઇન્ટિરિયર સોલ્યુશન્સના અગ્રણી ઉત્પાદક, એરફ્લોઆ રેલ ટેક્નોલોજી લિમિટેડે નાણાકીય વર્ષના અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૬.૭૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯૦.૯૮ કરોડની કુલ આવક અને ૨૪.૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૦૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.


ડિજિટલ આઇટી સર્વિસ પ્રોવાઇડર પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષના પહેલા છ મહિનાના પરિણામમાં ૧૩.૧૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૬.૬૭ કરોડની કુલ આવક, ૩૬.૬૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૩૫ કરોડનો એબિટા અને ૨૩.૬૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨.૯૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. વડાફોન આઇડિયાએ રૂ. ૫૫૨૪ કરોડની ખોટ નોંધાવી છે. મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડે પહેલા પ્રથમ છ મહિનાના સંકલિત નાણાકીય પરિણામમાં કામગીરીમાંથી આવક રૂ. ૨૬૮.૦૫ કરોડ, એબિટા રૂ. ૫૦.૫૪ કરોડ, રૂ.૧૩.૫૭ કરોડનો પીબીટી નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૮.૮૫ ટકા અને પીબીટી માર્જિન ૫.૦૬ ટકા રહ્યું છે.

પ્રાઇમરી માર્કેટમાં ટેનેકો ક્લિન એર ઇન્ડિયા લિમિટેડ, કેપિલરી ટેક્નોલોજી અને ફુજીયામા પાવર સિસ્ટમ્સનો આઇપીઓ ખૂલી ગયો છે. સ્ટોક બ્રોકિંગ ફર્મ ગ્રોવની પેરેન્ટ કંપની બિલિયનબ્રેઇન ગેરેજ વેન્ચર્સના શેર બુધવારે તેના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. લેન્સકાર્ટનો આઇપીઓ તેના ઇશ્યૂ ભાવ સામે સોમવારે ત્રણેક ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો.

આ આગાઉ પાછલા સપ્તાહે હેલમેટ ઉત્પાદક સ્ટડ એસેસરીઝના શેર શુક્રવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. ઓર્કલા ઇન્ડિયા લિમિટેડના શેર તેના આગલા જ સત્રમાં ગુરુવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

રિલાયન્સ પાવરે બીજા ક્વાર્ટરમાં રૂ. ૮૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, પાછલા વર્ષે સમાન સમયગાળામાં કંપનીએ રૂ. ૩૫૨ કરોડની ખોટ નોંધાવી હતી. અદાણી જૂથ ગુજરાતમાં ખાવડા ખાતે ૧૧૨૬ મેગાવોટનો વિશ્વનો સૌથી મોટો બેટરી એનર્જી સ્ટોરેજ પ્રોજેક્ટ સ્થાપવાની યોજના ધરાવે છે. ઓએનજીસીએ બીજા ક્વાર્ટરમાં રૂ. ૯૮૪૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે ૧૮ ટકાનો ઘટાડો દર્શાવે છે. જાહેર ક્ષેત્રની કંપની નાલ્કોએ ૩૬.૭ ટકાના વધારા સાથે રૂ. ૧,૪૨૯.૯૪ કરોડનો નફો નોંધાવ્યો હતો. હિન્ડાલ્કોનો નફો ૨૧ ટકા વધીને રૂ. ૪,૭૪૧ કરોડ થયો હતો.

# ડૉલર સામે રૂપિયામાં ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ રહ્યું હોવાના નિર્દેશ ઉપરાંત ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮૩.૬૮ કરોડની વેચવાલી જળવાઈ રહી હોવાના અહેવાલો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના ૮૮.૭૦ના મથાળે ટકેલા ધોરણે બંધ રહ્યો હતો. જોકે, બિહાર વિધાનસભાની ચૂંટણીમાં સત્તાપક્ષ વિજય ભણી આગેકૂચ કરી રહ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયા ગઈકાલના ૮૮.૭૦ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૮.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૫ અને ઉપરમાં ૮૮.૭૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ભાવ ટૂ ભાવ અથવાઈ ગઈકાલની જ ૮૮.૭૦ની સપાટીએ ટકેલા ધોરણે બંધ રહ્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૨ ટકા વધીને ૯૯.૨૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫૯ ટકા ઉછળીને બેરલદીઠ ૬૩.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૪.૧૧ પૉઈન્ટનો અને ૩૦.૯૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

વધુમાં આજે મૂડીઝ રેટિંગ્સે વર્તમાન વર્ષ ૨૦૨૫ માટે ભારતના આર્થિક વૃદ્ધિદરને અંદાજ સાત ટકાનો અને આગામી વર્ષ ૨૦૨૬ માટે ૬.૫ ટકાના વૃદ્ધિદરનો અંદાજ મૂક્યો હોવાથી તેમ જ આજે ઑક્ટોબર મહિનાનો જથ્થાબંધ ફુગાવો -૧.૨૧ ટકાના સ્તરે રહ્યો હોવાના અહેવાલ સાથે રિઝર્વ બૅન્ક હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદને કારણે પણ રૂપિયાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# ડિસેમ્બરમાં રેટકટની શક્યતા ધૂંધળી થતાં વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૩૩૬૩નો અને સોનામાં ₹ ૧૭૬૦નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઓછી હોવાના ફેડરલ રિઝર્વના અધિકારીઓએ સંકેતો આપતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જ્યારે ચાંદીના ભાવમાં ૦.૮ ટકાનો સુધારો આગળ ધપ્યો હોવાના અહેવાલ હતા. જોકે, વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડો આવ્યો હતો, જેમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૩૬૩નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૫૩થી ૧૭૬૦નો કડાકો બોલાઈ ગયો હતો. આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ અને જ્વેલરી ઉત્પાદકો નવી લેવાલીથી દૂર રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૩૬૩ના ઘટાડા સાથે રૂ. ૧,૫૯,૩૬૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર




નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૫૩ ઘટીને રૂ. ૧,૨૪,૨૯૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૭૬૦ ઘટીને રૂ. ૧,૨૪,૭૯૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વ ડિસેમ્બર મહિનાની બેઠકમાં રેટકટ કરે તેવા આશાવાદ સાથે ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૨૧૧.૦૬ ડૉલર સુધી પહોંચીને પાછા ફર્યા હતા. જોકે, આજે રેટ કટનો આશાવાદ નબળો પડતાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ૪૧૬૬.૯૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૪૧૭૦.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૪.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૫૨.૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે હાલમાં નાણાં બજારોમાં સાવચેતીનો અભિગમ જોવા મળી રહ્યો હોવાથી સોનાને ટેકો મળી રહ્યો છે. તેમ છતાં આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તે અંગે શંકાના વાદળો ઘેરાઈ રહ્યા હોવાથી મર્યાદિત સુધારો જોવા મળી રહ્યો હોવાનું એક્ટિવ ટ્રેડનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાનજેલિસ્ટાએ જણાવ્યું હતું.

અમેરિકામાં ૪૩ દિવસ ચાલેલા ગવર્મેન્ટ શટડાઉનને કારણે આર્થિક ડેટાની જાહેરાતો ખોરવાઈ રહ્યા છે અને વ્હાઈટ હાઉસે ઑક્ટોબરનાં બેરોજગારીના ડેટા શક્યતઃ ઉપલબ્ધ નહીં થાય. આમ ડેટાના અભાવે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપનો નિર્ણય ન લે તેવી શક્યતા પ્રબળ બની હોવાથી આજે સોનાના ભાવ તથા ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાનું ઈવાનજેલિસ્ટાએ ઉમેર્યું હતું. વ્હાઈટ હાઉસના બેરોજગારી સંદર્ભનાં નિવેદનને ધ્યાનમાં લેતા આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો અગાઉ જે ડિસેમ્બરમાં વ્યાજદરમાં કપાતની શક્યતા ૬૪ ટકા વ્યક્ત કરી રહ્યા હતા તે આજે ઘટીને ૪૯ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યાના અહેવાલ હતા.

# ટીન, નિકલ અને કોપરમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ



મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનો અન્ડરટોન રહ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં ખાસ કરીને ટીનમાં સતત પાંચ સત્રની તેજી પશ્ચાત્ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૫૮નો ઘટાડો આવ્યો હતો. તેમ જ ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમાં કોપર, નિકલ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર ઝિન્ક સ્લેબમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૫૮ ઘટીને રૂ. ૩૩૬૨, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૩૩૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૦૩૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને અનુક્રમે રૂ. ૯૪૪ અને રૂ. ૯૨૯, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૮૫૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ .ત્રણ ઘટીને રૂ. ૨૭૬, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૯૧૩ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ .એક વધીને રૂ. ૩૧૭ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૫૫, રૂ. ૫૯૩ અને રૂ. ૨૧૭ના મથાળે ટકેલા રહ્યા હતા.

# મથકો પાછળ સિંગતેલમાં વધુ ₹ ૪૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

આમ વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલ અને હાજર, ડાયરેક્ટ ડિલિવરી તથા સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ .૪૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં દેશી તેલમાં સિંગતેલમાં વધુ ૧૦ કિલોદીઠ રૂ. ૪૦નો ઉછાળો આવ્યો હતો, જ્યારે સરસવમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, ભારત ફૂડ્સના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૨૩૮, ગોલ્ડન એગ્રી તથા એવીઆઈના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૨૧ અને રૂ. ૧૨૪૨ તથા પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૫૫ અને ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

વધુમાં ગુજરાતમાં ગોંડલ મથકે આજે ૩૫,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૩૫,૦૦૦ ગૂણી મળી કુલ ૭૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૭૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક, દેશાવરો અને સ્ટોકિસ્ટોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ વધીને રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૫૦૦માં થયાના અહેવાલ હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં મહારાષ્ટ્રની સ્થાનિક માગ ઉપરાંત દેશાવરોની લેવાલી જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૭૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હતી, પરંતુ સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના ભાવમાં ક્વિન્ટલે રૂ. છનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડના માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૧૬થી ૩૯૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૬થી ૪૦૮૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૫થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# 'MY' નહીં 'ME' ફેક્ટર કામ કરી ગયું

## મુસ્લિમ-યાદવ પરિબળ અસરકારક નહોતું પણ મહિલા-ઈબીસી (ઈકોનોમિકલ બૅકવર્ડ કલાસ) પરિબળ નિર્ણાયક બન્યું

*પટણા:* 'એમવાય' (મુસ્લિમ-યાદવ) સમીકરણે લાલુ પ્રસાદ યાદવના આરજેડીના ઉદયને શક્તિ આપી અને લગભગ ત્રણ દાયકા સુધી બિહારના રાજકારણને આકાર આપ્યો હતો. પરંતુ ૨૦૨૫ સુધી એક નવું સમીકરણ ઊભરી આવ્યું હોય તેવું લાગે છે - એમઈ (મહિલા અને ઈબીસી) - જેના પરિણામે એનડીએને બિહારની ચૂંટણીમાં નિર્ણાયક જનાદેશ મળ્યો છે. સામાજિક કલ્યાણ અને આકાંક્ષાઓ દ્વારા વ્યાખ્યાયિત એક નવું સમીકરણ બિહારમાં એનડીએ માટે કારગર સાબિત થયું તેવું લાગે છે જ્યાં ચૂંટણીઓને મોટાભાગે જાતિના આધારે જોવામાં આવે છે. ઈબીસી એટલે ઈકોનોમિકલી બૅકવર્ડ ક્લાસ કે આર્થિક રીતે પછાત વર્ગ.

એનડીએનું બિહાર અભિયાન ત્રણ પરિબળો પર આધારિત હતું અને એ હતાં મહિલાઓના મત અને નીતિશનું આકર્ષણ, ચિરાગ પાસવાન અને ઉપેન્દ્ર કુશવાહાની વાપસીથી જાતિના ગણિતમાં વધારો, અને યુવાનો, જેમને એનડીએ દ્વારા વારંવાર કટ્ટા, ખંડણીની યાદ અપાવવામાં આવી હતી જે અગાઉના આરજેડીના શાસન દરમિયાન સામાન્ય બની ગયું હતું.

બીજી તરફ મહાગઠબંધન મુસ્લિમો અને યાદવોથી આગળ વધીને તેના જાતિઓને વધારવામાં નિષ્ફળ રહ્યું અને 'વોટ ચોરી' પર કેન્દ્રિત તેનું અભિયાન મતદારો સાથે તાલમેલ સાધવામાં નિષ્ફળ ગયું. વાસ્તવમાં વિશ્લેષણથી ખ્યાલ આવે છે કે એનડીએએ 'એમવાય' મતદારોના એક મોટો હિસ્સો પણ પોતાના પક્ષમાં કરી દીધો હતો. ચૂંટણીઓએ નિશ્ચિતપણે સ્થાપિત કરી દીધું છે કે ૧૯૯૫નું બિહાર જ્યારે મુસ્લિમ-યાદવ સમીકરણ શાસન કરતું હતું, તે ૨૦૨૫નું બિહાર નથી.

ભાજપ પાસે તેનો ઉચ્ચ જાતિનો આધાર હતો, જ્યારે નીતીશે ઈબીસી સમર્થન મેળવ્યું હતું, જે તાજેતરની ચૂંટણીઓમાં એક્સ પરિબળ તરીકે ઉભરી આવ્યું છે. રાષ્ટ્રીય લોક મોરચાના કુશવાહ, એલજેપીના પાસવાન અને હિન્દુસ્તાની અવામ મોરચા (એસ)નું દલિત સમર્થન બધા એનડીએ માટે સંપૂર્ણ રીતે એક લાગ્યું હતું.

૨૦૨૦ની ચૂંટણીમાં એનડીએની લીડ પાછળ ઈબીસીએ મુખ્ય ભૂમિકા ભજવી હોય તેવું લાગે છે, જ્યાં તે પાતળા માર્જિનથી સરકાર બનાવવામાં સફળ રહ્યું હતું. નીતિશ સરકાર દ્વારા જાહેર કરાયેલા જાતિ સર્વેક્ષણના આંકડા દર્શાવે છે કે વસ્તીના ૩૬ ટકા લોકો ઈબીસી છે. એનડીએ અને નીતિશ જે કુર્મી સમુદાય (વસ્તીના લગભગ ત્રણ ટકા) ના છે, તેમણે ઈબીસીને લક્ષ્યાંકિત કરીને કલ્યાણકારી પગલાં દ્વારા આ આધારને મજબૂત બનાવ્યો હોય તેવું લાગે છે.

મગધ અને શાહાબાદ જેવા પ્રદેશોમાં એનડીએએ ભોજપુરી અભિનેતા પવન સિંહને પ્રચાર માટે મોકલ્યા અને ઉપેન્દ્ર કુશવાહાના પ્રભાવ સાથે તેણે રાજપૂત અને કુશવાહાની વોટ બેન્કોને એક કરી હતી.

છેલ્લા પાંચ વર્ષોમાં બિહારમાં મહિલાઓ એક નવી વોટ બેન્ક તરીકે ઉભરી આવી છે જે ફક્ત ઓળખ અને જાતિના મુદ્દાઓ કરતાં વધુ પર મતદાન કરતી હોય તેવું લાગે છે. ૨૦૧૦થી મહિલાઓના મતદાનમાં સતત વધારો થયો છે. ૨૦૨૫માં મહિલા મતદારોમાં મતદાન પુરુષો કરતા ૧૦ ટકા વધુ હતું, અને પરિણામો દર્શાવે છે કે તેઓ નીતિશના સૌથી મોટા સમર્થક રહ્યા છે. ■



## જનાદેશ ગરીબોના કલ્યાણની યોજનાઓ પર મંજૂરીની મહોરઃ અમિત શાહ

*નવી દિલ્હી:* બિહારમાં એનડીએને મળેલો જંગી જનાદેશ વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને ગરીબોના કલ્યાણ માટેના તેમના કાર્યો પર જનતાની મંજૂરીની મહોર છે, એમ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું.

ગૃહ પ્રધાને એક્સ પર જણાવ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર માટે સખત મહેનત કરી છે અને મુખ્ય પ્રધાન નીતીશ કુમારે રાજ્યને 'જંગલ રાજ'ના અંધકારમાંથી બહાર કાઢવા માટે કામ કર્યું છે. બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએએ પ્રચંડ વિજય મેળવ્યો છે. રાજ્યમાં કુલ ૨૪૩ બેઠકોમાંથી લગભગ ૨૦૦ બેઠકો પર આગળ છે. જ્યારે ભાજપ લગભગ ૯૫ ટકાના સ્ટ્રાઇક રેટ સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી છે. આરજેડી, કોંગ્રેસ અને ત્રણ ડાબેરી પક્ષોનું બનેલું મહાગઠબંધન ૩૫ બેઠકોનો આંકડો પાર કરવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું.

શાહે જણાવ્યું કે જ્ઞાન, પરિશ્રમ અને લોકશાહીના રક્ષક'બિહાર ભૂમિ'ના લોકોને હૃદયથી નમન. બિહારના લોકો દ્વારા એનડીએને આપવામાં આવેલો આ પ્રચંડ જનાદેશ બિહારમાં વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને ગરીબોના કલ્યાણ માટે એનડીએની અડગ સેવા પર તેમની મંજૂરીની મહોર છે. તેમણે કહ્યું કે બિહારના લોકો દ્વારા આપવામાં આવેલ દરેક મત ભારતની સુરક્ષા અને સંસાધનો માટે ખતરો બનેલા ઘૂસણખોરો અને તેમના સમર્થકો સામે મોદી સરકારની નીતિમાં વિશ્વાસનું પ્રતીક છે.

ગૃહ પ્રધાને જણાવ્યું કે બિહારના લોકોએ સમગ્ર દેશનો મૂડ પ્રતિબિંબિત કર્યો છે કે મતદાર યાદીનું શુદ્ધિકરણ જરૂરી છે અને તેની સામે રાજકારણનો કોઇ અવકાશ નથી. ■





## હમારે બિહાર મેં એક સ્ટાર, હર બાર નીતીશ કુમાર

### રાજ્યભરમાં લાગ્યા છે આવાં પોસ્ટર

*પટણા:* બિહારમાં શુક્રવારે એનડીએએ જબરદસ્ત વિજય નોંધાવ્યો હોય તેમ, પટણાના આકાશમાં એક દૃશ્ય જોવા મળ્યું - બોલ્ડ, ગર્વ અને સ્પષ્ટપણે એક વ્યક્તિ પર કેન્દ્રિતઃ નીતીશ કુમાર. સવારે એનડીએની જીત મજબૂત થતાં, શહેરમાં નવા પોસ્ટરો દેખાવા લાગ્યા, જેનાથી જેડી(યુ)ના કહેવા મુજબ, બિહારમાં સત્તાની કેન્દ્રીય ધરી કોણ, તે અંગે કોઈ અસ્પષ્ટતા રહી નહીં.

મુખ્ય પ્રધાનના નિવાસસ્થાનની બહાર, નીતીશ કુમારનું એક વિશાળ પોસ્ટર, જેની ટેગલાઈન 'ટાઈગર અભી ઝિંદા હૈ' હતી, તે સવારનો પ્રથમ શોસ્ટોપર બન્યો. એકે જાહેર કર્યું: 'હમારે બિહાર મેં એક સ્ટાર, હર બાર નીતીશ કુમાર'. ડિઝાઇન વધુ આકર્ષક હતી, નીતીશની એક ઊંચી છબી, જેની પૃષ્ઠભૂમિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો એક નાનો ફોટોગ્રાફ હતો. બીજાએ તેનાથી પણ આગળ વધીને સરળ રીતે કહ્યું, 'બિહાર કા મતલબ નીતીશ કુમાર'. ■

## જનતાનો આભારઃ નીતીશ

*પટણા:* બિહારના મુખ્યપ્રધાન અને જેડી(યુ) સુપ્રીમો નીતીશ કુમારે શુક્રવારે વિધાનસભા ચૂંટણીમાં શાસક એનડીએ ગઠબંધનના ભવ્ય વિજય અપાવવા બદલ રાજ્યના લોકોનો આભાર માન્યો હતો. શાસક ગઠબંધન એનડીએ એકતા દર્શાવીને ચૂંટણીમાં પ્રચંડ બહુમતી પ્રાપ્ત કરવા માટે તૈયાર હતું. નીતિશ કુમારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે રાજ્યના લોકોએ ચૂંટણીમાં અમને પ્રચંડ જનાદેશ આપીને અમારી સરકારમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ માટે હું રાજ્યના તમામ સન્માનિત મતદાતાઓને નમન કરું છું, અને મારો હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કરું છું. તેમણે રાજ્યમાં એનડીએ સરકારને સતત સમર્થન આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ આભાર માન્યો હતો.

તેમણે લખ્યું હતું કે એનડીએ ગઠબંધન આ ચૂંટણીમાં સંપૂર્ણ એકતા દર્શાવીને પ્રચંડ બહુમતી હાંસલ કરવા માટે તૈયાર છે. આ માટે એનડીએ ગઠબંધનના તમામ સાથીદારો- ચિરાગ પાસવાન, જિતન રામ માંઝી અને ઉપેન્દ્ર કુશવાહાનો પણ આભાર. તમારા બધાના સહયોગથી બિહાર વધુ આગળ વધશે અને દેશના સૌથી વિકસિત રાજ્યોની શ્રેણીમાં સામેલ થશે. ■

## કટ્ટા અને જંગલ-રાજનો મોદી દ્વારા વારંવારનો ઉલ્લેખ કારગત નિવડયો

*નવી દિલ્હી:* રાજ્ય અને કેન્દ્રની કલ્યાણકારી યોજનાઓનું મિશ્રણ, જેમાં મહિલાઓને નાણાકીય સહાયનો સમાવેશ થાય છે, અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના એનડીએ પ્રચારકો દ્વારા આરજેડી શાસન દરમિયાન કટ્ટાનો વારંવાર ઉલ્લેખ કરી જંગલ રાજની સતત યાદ અપાવવી, જેણે બિહાર વિધાનસભા ચૂંટણીમાં તેમની જબરદસ્ત જીતમાં મોટો ફાળો આપ્યો હોય તેવું લાગે છે.

વડા પ્રધાને બિહારમાં ૧૩ રેલીને સંબોધિત કરી અને પટણામાં એક વિશાળ રોડ શો કર્યો, જેમાં બિહારી ગૌરવ જગાડ્યું, છઠ પૂજા જેવી પરંપરાઓની ઉજવણી કરી અને આરજેડી-કોંગ્રેસ ગઠબંધનને ઘૂસણખોરો માટે હમદર્દી રાખવા અને સત્તામાં રહીને જાહેર પૈસાનો નફો કરવા બદલ આકરા પ્રહારો કર્યા હતાં.

પીએમ મોદીએ ઝુંબેશ શરૂ થતાં જ એનડીએના ઘટકો સાથે નિયમિતપણે વાતચીત કરીને અને શાસક ગઠબંધનના ઉમેદવારોની જાહેરાત પછી તેમની વચ્ચેના મતભેદોને દૂર કરીને તેમને એકતાનો સંદેશ પણ આપ્યો હતો.

વડા પ્રધાનની ચૂંટણી રેલીઓનો વારંવાર આવતો વિષય લાલુ પ્રસાદ અને રાબડી દેવીના શાસનકાળ દરમિયાન, આરજેડી શાસનકાળ દરમિયાન 'જંગલ રાજ'ની યાદ અપાવવાનો હતો, અને તેજસ્વી યાદવ દ્વારા આપવામાં આવેલા વચનોથી રાજ્યના યુવાનો ભરમાઇ ન જાય તે માટે ખાસ પ્રયાસો કરવામાં આવ્યા હતા.

તેમણે પરિવારના વડીલોને વિનંતી કરી હતી કે તેઓ યુવા પેઢીઓને 'જંગલ રાજની ભયાનકતા' વિશે જણાવે, જેમણે કદાચ ૨૦૦૫થી નીતીશ કુમારને મુખ્ય પ્રધાન તરીકે જોયા હશે. ■

## પ્રશાંત કિશોરઃ અન્યોને જીતાડયા પણ પોતે પડ્યા

*પટણા:* બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઉતરતા પહેલા જાણીતા ભૂતપૂર્વ ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે બે ભવિષ્યવાણીઓ કરી હતી. એક તેમની જન સુરાજ પાર્ટી વિશે અને બીજી જેડીયુ વિશે, જેના તેઓ ભૂતપૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ છે.

પોતાની જ પાર્ટી માટે 'અર્શ પર યા ફર્શ પર'ની તેમની ભવિષ્યવાણી તેમની માટે નિરાશાજનક સાબિત થઇ છે.

જેડી-યુ ૮૦ બેઠકો પાર કરે તેવી શક્યતા છે કે જે ૨૦૧૦ પછીનું તેનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. જ્યારે પાર્ટીએ ત્રણ આંકનો આંકડો પાર કર્યો હતો. જો કે આ વખતે તેણે ૧૦૧ બેઠકોની સરખામણીએ ઘણી મોટી સંખ્યામાં ચૂંટણી લડી હતી. તેઓ પોતાનું ખાતું પણ ખોલી શક્યા નથી.મોટાભાગની બેઠકો પર જન સુરાજ પાર્ટીના ઉમેદવારો તેમની ડિપોઝીટ ગુમાવે તેવી શક્યતા છે.

એક ચૂંટણી વ્યૂહરચનાકાર તરીકે તેમની કુશળતાએ નરેન્દ્ર મોદી, નીતીશ કુમાર, મમતા બેનરજી, અરવિંદ કેજરીવાલ, જગન મોહન રેડ્ડી, ઉદ્ધવ ઠાકરે અને એમ. કે. સ્ટાલિન સહિત વિવિધ વિચારધારાઓના નેતાઓને ફાયદો કરાવ્યો છે. ■

## વિકાસ-રાજ જીત્યું, જંગલ-રાજ હાર્યુંઃ ભાજપ

*નવી દિલ્હી:* ભાજપે બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએના ઐતિહાસિક વિજયનું શ્રેય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ-કેન્દ્રિત રાજકારણ'ને આપ્યું હતું.

ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું કે મતદારોએ જાતિ અને કોમના ભેદભાવને બાજુ પર રાખીને વિકાસ અને સુશાસન માટે એનડીએને મોટા પાયે મત આપ્યા હતા.

અહીં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને પત્રકારોને જણાવ્યું હતું કે એનડીએનો ભવ્ય વિજય રાજ્ય સરકારમાંનો મતદારોનો વિશ્વાસ દર્શાવે છે. મોદી બિહારના વિકાસ માટે કટિબદ્ધ છે.

તેમણે જણાવ્યું હતું કે બિહારમાં લાલુપ્રસાદ યાદવના શાસન વખતે જંગલ-રાજ હતું, પરંતુ એનડીએની સરકારે તેમાં પરિવર્તન લાવીને સુશાસન સ્થાપ્યું છે અને રાજ્યનો વિકાસ કર્યો છે. ભાજપના સાંસદ અને મુખ્ય પ્રવક્તા અનિલ બાલુનીએ 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે એનડીએને બિહારમાં મળેલો અભૂતપૂર્વ વિજય રાજ્ય સરકારના વિકાસકાર્યોને આભારી છે. એનડીએ એ રાજ્યની ચૂંટણીમાં અભૂતપૂર્વ દેખાવ કર્યો છે. *(એજન્સી)* ■

## ચિરાગની રોશનીથી ઝગમગી ઊઠ્યું છે એનડીએ ગઠબંધન

*પટણા:* બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં ચિરાગ પાસવાનની પાર્ટી લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)એ આ વખતે આશાઓ કરતા વધુ સારુ પ્રદર્શન કર્યું છે. પોતાના સ્વર્ગસ્થ પિતા રામવિલાસ પાસવાનના વારસા માટે લડાઈમાં અનેક આંચકો અને શરમનો સામનો કરનારા ચિરાગ પાસવાન માટે બિહાર ચૂંટણીનું પ્રદર્શન ન્યાય અપાવનારુ છે. પોતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'હનુમાન' જાહેર કરતા ભાજપ સાથે પોતાના નસીબને મજબૂતીથી જોડનારા ચિરાગ પાસવાન બિહારની રાજકીય ક્ષિતિજ પર સૌથી નવા સ્ટાર છે. ૪૩ વર્ષની ઉંમરે રાજ્યને યુવા ચહેરાઓની શોધ છે એવામાં તેમની ઉંમર પણ તેમના પક્ષમાં છે. રાજ્યના દિગ્ગજ દલિત નેતા પાસવાનના નિધનના પાંચ વર્ષ પછી અને તેના પછી લોક જનશક્તિ પાર્ટી (એલજેપી)માં થયેલા વિભાજન છતાં ચિરાગ હવે તેમની એલજેપી (આરવી) પાર્ટીને અત્યાર સુધીના શ્રેષ્ઠ પ્રદર્શનની નજીક લઈ ગયા છે.

આ પહેલા એલજેપીનો સૌથી વધુ આંકડો ફેબ્રુઆરી ૨૦૦૫માં હતો, જ્યારે તેણે ૨૯ બેઠકો જીતી હતી. તે ચૂંટણીમાં ત્રિશંકુ ગૃહ બન્યું અને તે વર્ષના અંતમાં થયેલા ફરીથી મતદાન થયું હતું જેમાં એલજેપીને ફક્ત ૧૦ બેઠકો મળી હતી. આ તે પછીની અત્યાર સુધીની સૌથી વધુ બેઠકો હતી. ■

## ૧૦,૦૦૦ આપ્યાં, ચૂંટણી જીત્યા, ઈલેક્શન કમિશન 'મૂક પ્રેક્ષક': કૉંગ્રેસ

*નવી દિલ્હી:* 'વૉટ ચોરી'ને મામલે ચૂંટણી પંચ પર આક્રમક પ્રહાર કરતાં કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગહલોતે શુક્રવારે ચૂંટણી પંચને 'મૂક પ્રેક્ષક' લેખાવ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે બિહાર વિધાનસભા ચૂંટણીનાં મતદાન સમયે પ્રત્યેક મહિલાને ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા જેનું પ્રતિબિંબ ચૂંટણી પરિણામમાં દેખાઈ રહ્યું છે અને એનડીએએ રાજ્યમાં ચોખ્ખી બહુમતી મેળવી લીધી છે. બિહાર ચૂંટણી પરિણામને નિરાશાજનક લેખાવતાં ગહલોતે દાવો કર્યો હતો કે ચાલુ ચૂંટણીપ્રચારે પણ રોકડ રકમ ટ્રાન્સફર કરવામાં આવી રહી હતી. અગાઉ આવું ક્યારેય જોવા ન મળ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

બિહારમાં ચૂંટણી પંચ મૂક પ્રેક્ષક બની ગયું હતું. શા માટે ચૂંટણી પંચે આ બધું થતું ન રોક્યું? ચૂંટણી પંચે જરા પણ દરમિયાનગીરી નહોતી કરી. *(એજન્સી)* ■

## તેજસ્વી યાદવ હાંફતાં-હાંફતાં રાઘોપુર બેઠક પર જીત્યા

*પટણા:* બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મહાગઠબંધનનું પ્રદર્શન સાવ નબળું રહ્યું છે, પરંતુ મતગણતરીના અંતે મહાગઠબંધનના આશાસ્પદ એક નેતાનું નસીબ પલટાયું છે.

રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના યુવા નેતા અને મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તેજસ્વી યાદવ પોતાની પરંપરાગત બેઠક રાઘોપુર પર વિજયી થયા છે. ગઢ બચી ગયો છે, પરંતુ મુખ્ય પ્રધાન બનવાનું સપનું તૂટ્યું છે.

બિહારની રાઘોપુર વિધાનસભા બેઠક પર આરજેડીના તેજસ્વી યાદવનો મુકાબલો ભાજપના સતીશ કુમાર રાય સાથે હતો. જોકે, બંને વચ્ચે ખૂબ રસાકસી થઈ હતી, પરંતુ અંતે તેજસ્વી યાદવનો વિજય થયો છે. ચૂંટણી પંચની વેબસાઇટ અનુસાર તેજસ્વી યાદવને ૧.૧ લાખ (૧,૧૦,૦૦૦)થી વધુ મત મળ્યા હતા, જ્યારે ભારતીય જનતા પાર્ટીના સતીશ કુમાર રાયને ૧,૦૨,૫૮૭ મત મળ્યા હતા. તેજસ્વીએ આ બેઠક પર ૧૩,૦૦૦થી વધુ મતના માર્જિનથી જીત મેળવી છે.

રાઘોપુર વિધાનસભા બેઠક આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવના પરિવારનો ગઢ માનવામાં આવે છે. ૧૯૯૫થી આ બેઠક પર લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી તથા તેજસ્વી યાદવ જીત મેળવતા આવ્યા છે. આ બેઠક પર યાદવ સમુદાયના મતદારોનું પ્રભુત્વ છે, જે તેને આરજેડી માટે અત્યંત મહત્વપૂર્ણ બનાવે છે.

આરજેડી ૨૦૧૦ પછીનું તેનું સૌથી ખરાબ પ્રદર્શન નોંધાવ્યું છે. આરજેડીએ ૨૦૨૦માં ૭૪ બેઠક જીતી હતી. બેઠકોમાં થઈ રહેલા આ ઘટાડા છતાં આરજેડી માટે રાહતની વાત એ છે કે તેનો વોટ શેર મજબૂત રહ્યો છે. ■



(તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગરમાં ભાજપ દ્વારા બિહાર વિધાનસભાની ચૂંટણીમાં થયેલા વિજયની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના ઘોઘા ગેઈટ ખાતે ભાજપના આગેવાનો અને કાર્યકરોએ ફટાકડા ફોડી, એકબીજાને મીઠાઈ આપી બિહારની ચૂંટણીમાં થયેલ વિજયની ઉજવણી કરી હતી.

# કચ્છના સામખિયાળી ટોલ પ્લાઝા નજીક ૯.૭૮ લાખનો શરાબ જપ્ત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છમાં શરાબની બદીને નાથવા માટે સ્થાનિક પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી ડ્રાઈવ દરમ્યાન સામખિયાળીના ટોલ પ્લાઝા નજીક શરાબની ખેપ મારવા કચ્છ આવતા બુટલેગરોને રોકવા માટે રસ્તાની વચ્ચે પાર્ક કરેલી સ્થાનિક ગુન્હાશોધક શાખાની ખાનગી કાર સાથે બુટલેગરોએ તેની કાર ભટકાવી દીધી હતી અને અંધારાનો લાભ લઈને બે આરોપીઓ નાસી છૂટ્યા હતા. આ અકસ્માતગ્રસ્ત કારમાંથી એલસીબીએ રૂ. ૯,૭૮,૮૦૦ની કિંમતનો ભારતીય બનાવટના વિદેશી શરાબના જથ્થાને જપ્ત કર્યો હતો. બીજી તરફ, ગાંધીધામ શહેરમાંથી સ્થાનિક પોલીસે રૂ. ૨૨,૫૨૦નો શરાબ જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભચાઉ વિસ્તારમાં ગત મોડીરાત્રે એલ.સી.બી.ની એક ટુકડી પેટ્રોલિંગમાં હતી એ દરમ્યાન પડાણાથી સામખિયાળી તરફ આવી રહેલી એક કારમાં દારૂનો જથ્થો હોવાની પૂર્વ બાતમીના આધારે એલસીબીની ટુકડી ખાનગી વાહનથી સામખિયાળી ટોલ પ્લાઝા નજીક પહોંચી હતી. અહીંથી પસાર થતી બાતમી મુજબની કારને રોકાવવા પોલીસે પોતાનું વાહન સામે રાખી દીધું હતું. પરંતુ બુટલેગરોએ પોલીસના ખાનગી વાહનમાં પોતાનું વાહન ભટકાવી અકસ્માત કરી, ફસાઈ ગયેલી ક્રેટા કારમાંથી ઉતરીને બે શખ્સ અંધારામાં ઓઝલ થઇ ગયા હતા.

આ શખ્સોએ પોલીસથી બચવા ખોટી નંબર પ્લેટ લગાવી હોવાનું બહાર આવ્યું હતું. આ કારમાંથી પોલીસે અલગ-અલગ બ્રાન્ડની બોટલો મળીને કુલ રૂ. ૯,૭૪,૮૦૦નો માલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે નાસી છૂટેલા આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. ■

# કચ્છમાં ઠંડીનો ચમકારોઃ નલિયામાં ૧૩ ડિગ્રી, ભુજમાં ૧૮ ડિગ્રી સે.લઘુતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડોમાં શરૂ થયેલી હિમવર્ષાની અસર હેઠળ સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ ધીમા પગલે આક્રમણ શરૂ કરી દીધું છે ત્યારે કચ્છમાં પણ લઘુતમ તાપમાનનો આંક સિંગલ ડિજિટની નજીક આવી જતાં જનજીવન પ્રભાવિત થયું હતું. કારતક મહિનો શરૂ થવાની સાથે કચ્છમાં વધતા જતા ઠારથી લોકોને કબાટમાં રાખી દીધેલા ગરમ વસ્ત્રો, ધાબળાને કાઢવાની ફરજ પડી છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ ૧૩ ડિગ્રી સે. જ્યારે જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ૧૮ ડિગ્રી સે.લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૬૦ ટકાથી વધુ નોંધાયું હતું. બપોરના પ્રહરમાં ૩૦થી ૩૩ ડિગ્રી સે. આસપાસ મહત્તમ તાપમાન રહેતાં ઠંડી થોડા સમય પૂરતી ગાયબ થઇ જાય છે.ગાંધીધામ-કંડલા સંકુલમાં ઠંડીનું જોર આંશિક વધઘટ સાથે યથાવત્ રહ્યું છે. કંડલા એરપોર્ટ ખાતે લઘુત્તમ તાપમાન ૨૦ અને કંડલા પોર્ટ ખાતે ૨૧ ડિગ્રી નોંધાયું હતું.

દરમ્યાન,હવામાન ખાતાએ આગામી સપ્તાહ દરમ્યાન ઠંડીમાં ક્રમશ વધારો થવાની આગાહી કરી હતી. ■

# નખત્રાણાના પંથકના મથલ ગામ આસપાસના વન વિસ્તારમાં ચિંકારા જોવા મળતા રોમાંચ ફેલાયો

ભુજઃ આગવી વન્યજીવ સંપદા ધરાવતા ભાતીગળ પ્રદેશ કચ્છના નખત્રાણા પંથકના મથલ ગામ આસપાસના વન વિસ્તારમાં વિચરતા ચિંકારા પ્રજાતિના હરણ જોવા મળતાં વન વિભાગના કર્મીઓ રોમાંચિત થયા હતા.

વન રક્ષકના જણાવ્યા અનુસાર, મથલ ગામ આસપાસના જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન વન વિભાગની ટુકડીએ નર ચિંકારાને સ્પોટ કર્યું હતું. આ જંગલ વિસ્તારમાં અંદાજે આઠથી દસ જેટલાં ચિંકારા વસવાટ કરે છે. કચ્છના માનવ વસ્તીથી વિહોણા મોટાભાગના વિસ્તારોમાં ચિંકારાની થોડી-ઘણી હાજરી છે. ઇન્ડિયન ગેઝેલ તરીકે પણ ઓળખવામાં આવતું આ હરણ કુળનું એક પ્રાણી છે. તે મુખ્યત્વે રણ, કાંટાળા જંગલો અને ડુંગરાળ વિસ્તારોમાં જોવા મળે છે. આ પ્રાણી શુષ્ક વાતાવરણમાં રહેવા માટે અનુકૂળ છે. તેની દોડવાની ઝડપ ૮૦થી ૯૦ કિલોમીટર પ્રતિ કલાક સુધીની છે. નર ચિંકારાના શીંગડા દેખાવમાં મોટા હોય છે, જ્યારે માદાના શીંગડા નાના કદના હોય છે. આ પ્રાણી સમૂહમાં રહેવા માટે જાણીતું છે અને મોટાભાગે ઝુંડમાં ફરતું જોવા મળે છે. ચિંકારા સામાન્યતઃ વર્ષમાં બે વખત બ્રીડિંગ કરતા હોય છે. પહેલા ઓગસ્ટ-ઓક્ટોબરના અંતમાં અને પછી માર્ચ-એપ્રિલમાં. માદા ચિંકારા સગર્ભાવસ્થાના સાડા પાંચ મહિનાના સમયગાળા પછી એક બચ્ચાને જન્મ આપે છે, જેને સંપૂર્ણ રીતે વિકસિત થતા બે મહિના જેટલો સમયગાળો લાગે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે,ચિંકારા પ્રજાતિના હરણ શરમાળ-ડરપોક સ્વભાવના હોઈ, માનવ વસવાટ નજીક જવાનું ટાળે છે. તેમનો જીવનકાળ ૧૨ થી ૧૫ વર્ષ સુધીનો જ હોય છે. ચિંકારા શાકાહારી-વનસ્પતિજીવી છે. તેઓ ઘાસ, વિવિધ પાંદડા અને ફળો પર નિર્ભર રહે છે. ચિંકારાને મોટો ખતરો અફઘાનિસ્તાન, ઈરાન અને પાકિસ્તાનમાં અને કેટલાય સ્થળોએ ભારતમાં પણ માંસ અને ટ્રોફી માટે તેનો ઉપયોગ વધારે પડતો થાય છે. રેડ લિસ્ટ મુજબ,ચિંકારાની કુલ વસ્તી ૫૦૦૦૦થી ૬૦૦૦૦ જેટલી બચી છે. કચ્છના બન્ની પ્રદેશમાં ૧.૫ હેક્ટર વિકાસમાં આકાર પામી રહેલા સંવર્ધન કેન્દ્ર થકી ચિંકારાની વસ્તીમાં નોંધપાત્ર વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# અબડાસાના વડસર નજીક ટ્રેઈલર હડફેટે ઘાયલ મોટરસાઇકલ સવાર વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના અબડાસા તાલુકાના વડસર ગામ નજીક ગત તા.૮-૧૧ના રોજ મોટરસાઇકલ અને ટ્રેઇલર વચ્ચે થયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા સુખપર (તા. અબડાસા) ગામના વૃદ્ધ ગોવિંદભાઇ લાલજીભાઇ ભાનુશાલીએ સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ લીધા હતા. વડસર નજીક સર્જાયેલા આ પ્રાણઘાતક અકસ્માત અંગે વાયોર પોલીસ મથકે મૂળ સુખપર (તા.અબડાસા) હાલે પૂર્વ-મુંબઇ રહેતા ૪૭ વર્ષીય રમેશભાઇ ગોવિંદભાઇ ભાનુશાલીએ નોંધાયેલી ફરિયાદ મુજબ ગત તા.૮-૧૧ના રોજ તેમના પિતા ગોવિંદભાઇ મોટરસાઇકલ લઇને નલિયાથી પોતાના ઘરે સુખપર આવી રહ્યા હતા ત્યારે સામેથી પૂરપાટ વેગે ધસી આવેલાં ટ્રેઇલરએ અડફેટે લેતાં પિતાને ગંભીર ઇજાઓ પહોંચી હતી. પાંચ દિવસની સારવાર કારગત ન નીવડતાં તેમનું હૉસ્પિટલના બિછાને મૃત્યુ નીપજ્યું હતું. નલિયા પોલીસે ટ્રેઇલર ચાલક વિરુદ્ધ માર્ગ અકસ્માતમાં મૃત્યુ નીપજાવ્યા અંગેનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી આદરી છે.

# ભાવનગરના વલ્લભીપુર નજીકથી પોલીસે ટ્રકમાં ચોરખાનામાં સંતાડેલો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી લીધો




(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ જિલ્લા એલ.સી.બી. પોલીસ કર્મીઓ ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન બાતમી મળી હતી કે, એક સફેદ કલરનો ટ્રક બરવાળા તરફથી વલ્લભીપુર તરફ આવી રહેલ છે તે ટ્રકમાં ચોરખાનું બનાવી તેમા વિદેશી દારૂ ભરેલ છે. જે બાતમીના આધારે નવાગામ ઢાળ અયોધ્યાપુરમ પાસે વોચમાં રહેતા ભગીરથસિંહ ગજુભા ગોહિલ ઉં.વ.૨૯ રહે. હરી ઓમ સ્કૂલની બાજુમાં, ટાંકી પાસે, ગંગાજળીયા વલ્લભીપુર જી. ભાવનગર, વિરેન્દ્રસિંહ ઉર્ફે ભોલો વનરાજસિંહ ગોહિલ ઉં. વ. ૩૧ રહે. સાદાણી પાટી, પરા વિસ્તાર, પચ્છેગામ તા. વલ્લભીપુર જી. ભાવનગરવાળા ટ્રકમાં ભરેલ ઇંગ્લીશ દારૂના ફોર સેલ ઇન દાદરા એન્ડ નગર હવેલી એન્ડ દમણ એન્ડ દિવ ઓન્લી લખેલ દારૂ ભરેલ બોટલોના જથ્થા સાથે હાજર મળી આવી હતી.

તેઓ વિરુદ્ધ ભાવનગરના વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે અનિલ ભાઈ રહે.

સેલવાસ અને જીતુભાઈ ઢીલા રહે. નેસડા તા. શિહોર જી.ભાવનગરવાળાને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. ■

# મોબાઈલ ફોનની લૂંટ કરવા માટે યુવાનને ધારદાર હથિયાર વડે રહેંસી નાખનારા હત્યારાને આજીવન કેદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉમાં આજથી છ વર્ષ પહેલાં રસ્તે ઉભેલા એક યુવાનની મોબાઇલ ફોન મેળવવા માટે છરી વડે કરપીણ હત્યા નીપજાવવાના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા કેસના આરોપીને નામદાર અદાલતે તકસીરવાર ઠેરવીને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

ભચાઉ શહેરના મણિનગરમાં રહેનાર ફરિયાદી કાના જગા મહાલિયા (કોળી) તેમના પરિવાર સાથે મજૂરી અર્થે નખત્રાણાના મોટી વમોટી ખાતે ગયા હતા અને હત્યાના બનાવના પંદરેક દિવસ અગાઉ પરત પોતાના ઘરે ભચાઉ આવ્યા હતા. ગત તા.૨૨-૨-૨૦૧૯ના રોજ તેમનો મોટો પુત્ર મહેશ ઉર્ફે હડો સવારે સિમેન્ટ ઉતારવાની મજૂરી કરી પરત આવ્યો હતો અને સાંજે માનસરોવર ત્રણ રસ્તે આવેલી દુકાનો પાસે ઊભો હતો અને તેના સ્માર્ટ ફોન પર વાત કરી રહ્યો હતો. આ વેળાએ મોટરસાઇકલ ઉપર આવેલા આરોપી શબીર ઉર્ફે સબલો ઉમર ઉર્ફે બબીડો ભટ્ટી તથા કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોર ત્યાં આવ્યા હતા.

આ ત્રણેય શખ્સોએ મહેશ પાસેથી મોબાઈલ ફોનની લૂંટની કોશિશ કરતાં યુવાને પ્રતિકાર કર્યો હતો. આ ઝપાઝપી દરમ્યાન યુવાનને દુકાનો પાસે ખાંચામાં લઇ જવાયો હતો. બે કિશોરોએ તેને પકડી રાખ્યો હતો અને શબીર ઉર્ફે સબલાએ છરી વડે આડેધડ ઘા ઝીંકી મોબાઇલની લૂંટ ચલાવી ત્રણેય નાસી ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર માટે લઇ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે પોલીસ મથકે ફરિયાદ નેંધાયા બાદ પોલીસે હ્યુમન રિસોર્સીસની મદદે ત્રણેયને પકડી પાડ્યા હતા.

આરોપીઓ વિરુદ્ધ પૂરતા પ્રમાણમાં પુરાવા હોવાથી પોલીસે તેમની સામે અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની સુનાવણી દરમ્યાન બંને પક્ષોની દલીલો, આધાર-પુરાવા ચકાસી ન્યાયાધીશ અંદલીપ તિવારીએ શબીર ઉર્ફે સબલાને તક્સીરવાર ઠેરવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારી ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો. સબલા સામે વાહનચોરી તથા અન્ય ચોરી સહિતના અન્ય ગુના પણ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# રાજકોટમાં માતાએ બે દીકરીને મોતને ઘાટ ઉતારી, પોતે પણ આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તરફ બીલીમોરામાં અંધશ્રદ્ધાનો ભોગ બનેલી માતાએ બે સંતાનનો જીવ લઈ લીધો તો બીજી બાજુ સૌરાષ્ટ્રના રાજકોટ શહેરમાં માતાએ બે દીકરીની હત્યા કર્યા બાદ પોતે પણ મોતને વ્હાલું કર્યાની અરેરાટીભરી ઘટના ઘટી હતી.

રાજકોટમાં માતાએ બે બાળકને મોતને ઘાટ ઉતારી પોતે પણ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાના પગલે ચકચાર મચી ગઈ હતી. મળતી વિગત પ્રમાણે, નવાગામ (આણંદપર)ની શક્તિ સોસાયટી શેરી નં.૬માં રહેતી ૨૮ વર્ષીય પરિણીતાએ તેની બે પુત્રીને ગળેટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધા બાદ પોતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મકાનના ઉપરના માળે આવેલા રૂમમાં તેણે આ પગલું ભરી લીધું હતું. રાતે તેનો પતિ ઘરે આવ્યો ત્યારે તેને સૌથી પહેલાં આ ઘટનાની જાણ થઈ હતી. તેણે દરવાજો તોડીને અંદર જઈ ત્રણેયના મૃતદેહો નીચે ઉતાર્યા બાદ પોલીસને જાણ કરી હતી.

પ્રાથમિક તપાસના અંતે પોલીસે મહિલાએ બંને પુત્રીઓની ગળેટૂંપો દઈ હત્યા નિપજાવ્યા બાદ આપઘાત કરી લીધાનું તારણ કાઢ્યું હતું. પોલીસના જણાવ્યાનુસાર ઘરમાં મહિલા તેની બંને પુત્રીઓ તેના પતિ ઉપરાંત સસરા સહિતનો પરિવાર રહે છે. પતિ અને સસરા રિક્ષા અને છકડો રિક્ષા ચલાવે છે. ઘટના બની ત્યારે બંને ઘરે હાજર ન હતા. સ્થળ પરથી હજુ સુધી કોઈ સૂસાઈડ નોટ મળી આવી નથી.

આ સ્થિતિમાં આ બનાવ પાછળ ખરેખર કયું કારણ જવાબદાર છે તે વિશે કોઈ માહિતી મળી નથી. પતિએ પૂછપરછમાં તેની પત્નીને સંતાનમાં પુત્ર જોઈતો હતો. પરંતુ તેની પ્રાપ્તિ નહીં થતાં ડિપ્રેશનમાં રહેતાં હોવાનું કહ્યું હતું. હવે પોલીસ તપાસ કરી રહી છે. ■




(તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# રાજકોટ-પોરબંદર વચ્ચેની બે ટ્રેનસેવા શરૂ, પરવડે તેવા ભાડાને લીધે પ્રવાસીઓને ફાયદો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના બે મહત્ત્વના શહેરો રાજકોટ અને પોરબંદર વચ્ચે બે ટ્રેનસેવા શરૂ થતાં જિલ્લામાં રહેતા લોકોને ફાયદો થશે. સૌથી રાહતના સમાચાર એ છે કે રાજકોટથી પોરબંદરનું ભાડું માત્ર રૂ. ૪૫ રાખવામાં આવ્યું છે, જે પરવડે તેવું હોવાથી કામધંધે જનારા લોકોને સારો વિકલ્પ મળી રહેશે.

આ લોકલ ટ્રેનને કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવીયા, જામનગરના સાંસદ પૂનમ માડમ અને ગુજરાત સરકારમાં પ્રધાન એવા અર્જુન મોઢવાડિયાએ લીલી ઝંડી આપી હતી.

રાજકોટ-પોરબંદર વાયા જેતલસર જંક્શન રેલવે રૂટ પર બે નવી લોકલ ટ્રેનને શુક્રવારે લીલી ઝંડી મળી હતી, આજથી આ ટ્રેન સામાન્ય નાગરિકો માટે કાર્યરત થશે.

રાજકોટ અને પોરબંદર વચ્ચે કુલ બે નવી લોકલ ટ્રેન સેવાઓ ઉપલબ્ધ થશે. જેમાં એક ટ્રેન દરરોજ ચાલશે અને બીજી ટ્રેન સપ્તાહમાં પાંચ દિવસ કાર્યરત રહેશે. આ ટ્રેનો બંને દિશાઓમાં ભક્તિનગર, રીબડા, ગોંડલ, વીરપુર, નવાગઢ, જેતલસર, ધોરાજી, ઉપલેટા, પાનેલી મોટી, જામજોધપુર, બાલવા, કાટકોલા, વાંસજાળિયા અને રાણાવાવ સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનોના તમામ કોચ જનરલ રહેશે. જોકે આ ટ્રેનને ભાયાવદર ખાતે સ્ટોપ ન આપવમાં આવતા અહીંના લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. ■



બિહારમાં ભાજપની ભવ્ય જીત થતાં રાજકોટ શહેર ભાજપ દ્વારા કમલમ ખાતે ઉજવણી કરવામાં આવી હતી...

(તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગર એસ.પી. નિતેશ પાંડેનો સતત બીજા દિવસે સપાટો, વધુ ૩ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કર્યા

ભાવનગરઃ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેએ ગુરુવારે સાત પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા હતા. શુક્રવારે પણ સતત બીજા દિવસે બે મહિલા પોલીસકર્મી સહિત ત્રણને સસ્પેન્ડ કરતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો. ભાવનગર એસ.પી . નિતેશ પાંડે એ વધુ ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા હતા. જેમાં વોન્ટેડ આરોપીને ઘરમાં આશરો આપવામાં મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા અને ઉષા જાનીને સસ્પેન્ડ કરાયા હતા. ફરજમાં બેદરકારી અને અન્ય કારણોસર જિલ્લા પોલીસ વડાએ છેલ્લા બે દિવસમાં જ ૧૦ પોલીસકર્મીઓ ઘરભેગા કરી દઈ સપાટો બોલાવતા પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે. ■

# હળવદ-માળિયા હાઈ વે પરથી ચોખાની બોરીઓમાંથી મળ્યો વિદેશી દારૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એક યા બીજી રીતે દારૂની હેરાફેરી થતી રહે છે. મોરબી એલસીબીની ટીમે હળવદ-માળિયા હાઈ વે પરથી ચોખાની બોરીઓની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. પોલીસે કુલ રૂ. ૫૯.૭૯ લાખનો માલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી હતી.

એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને ધ્રાંગધ્રા તરફથી આવતા એક ટ્રક ટ્રેલર (નંબર GJ-6-AV-7676)માં દારૂનો જથ્થો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે બાબા રામદેવ હોટલ પાસે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ ટ્રકને રોકીને તપાસ કરી હતી.

પેટ્રોલિંગ દરમિયાન ધ્રાંગધ્રા તરફથી આવતા એક ટ્રેલર ટ્રકમાં દારૂનો જથ્થો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી ટ્રકને પકડી પાડ્યો હતો. ટ્રકમાં ચોખાની બોરી પાછળ છુપાવેલો ૧,૧૦૪ બોટલ જેટલો દારૂનો જથ્થો અને ટ્રક સહિતનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. પોલીસે આ કેસમાં બે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી. ■